ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદના પત્ર-ક્રમાંક
જીસીઈઆરટી/સીએન્ડઈ/2018/5808, તા.07/03/2018થી મંજૂર



# પર્યાવરણ આસપાસ

## ધોરણ-III

### પ્રતિજ્ઞાપત્ર

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ
અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

**રાજ્ય સરકારની વિનામૂલ્યે યોજના હેઠળનું પુસ્તક**

विद्यया ऽ मृतमश्नुते
एन सी ई आर टी
NCERT
राष्ट्रीय शैक्षिक अनुसंधान और प्रशिक्षण परिषद्
NATIONAL COUNCIL OF EDUCATIONAL RESEARCH AND TRAINING

तमसोमा ज्योतिर्गमय
ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર-382010

© NCERT, નવી દિલ્હી તથા ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર
આ પાઠ્યપુસ્તકના સર્વ હક NCERT, નવી દિલ્હી તથા ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને હસ્તક છે. આ પાઠ્યપુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં NCERT, નવી દિલ્હી અને ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

**અનુવાદ**

કુ. રીન્કુ સી. સુથાર

**સમીક્ષા**

ડૉ. આઈ. એમ. ભટ્ટ
ડૉ. ભાવેશ પંડ્યા
ડૉ. મયૂર સી. શાહ
શ્રી નીતિન ડી. દવે
શ્રી મેહૂલ એસ. પટેલ
શ્રી ધવલ બી. સોલંકી
શ્રી નિમેષ જે. ભટ્ટ
કુ. પાયલ એ. પંચાલ
શ્રી પ્રવિણ એ. પટેલ
શ્રી દેવેન્દ્ર જી. જોષી
શ્રી હેમંત આર. વાઘેલા

**ભાષાશુદ્ધિ**

ડૉ. મોના આર. દવે

**સંયોજન**

ડૉ. ચિરાગ એચ. પટેલ
(વિષય-સંયોજક : ભૌતિકવિજ્ઞાન)

**નિર્માણ-આયોજન**

શ્રી હરેન પી. શાહ
(નાયબ નિયામક : શૈક્ષણિક)

**મુદ્રણ-આયોજન**

શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : ઉત્પાદન)

## પ્રસ્તાવના

રાષ્ટ્રીય સ્તરે સમાન અભ્યાસક્રમ રાખવાની સરકારશ્રીની નીતિના અનુસંધાને ગુજરાત સરકાર તથા ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ દ્વારા તા. 19/7/2017 ના ઠરાવ ક્રમાંક જશભ/1217/સિંગલ ફાઈલ-62/ન થી શાળા કક્ષાએ NCERT ના પાઠ્યપુસ્તકોનો સીધો જ અમલ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો. તેને અનુલક્ષીને NCERT, નવી દિલ્હી દ્વારા પ્રકાશિત **ધોરણ III પર્યાવરણ** વિષયના પાઠ્યપુસ્તકનો ગુજરાતીમાં અનુવાદ કરીને વિદ્યાર્થીઓ સમક્ષ મૂકતાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ આનંદ અનુભવે છે.

આ પાઠ્યપુસ્તકનો અનુવાદ તથા તેની સમીક્ષા નિષ્ણાત પ્રાધ્યાપકો અને શિક્ષકો પાસે કરાવવામાં આવ્યા છે અને સમીક્ષકોનાં સૂચનો અનુસાર હસ્તપ્રતમાં યોગ્ય સુધારા-વધારા કર્યા પછી આ પાઠ્યપુસ્તક પ્રસિદ્ધ કરતાં પહેલા આ પાઠ્યપુસ્તકની મંજૂરી માટે એક સ્ટેટ લેવલની કમિટીની રચના કરવામાં આવી. આ કમિટીની સાથે NCERTના પ્રતિનિધી તરીકે RIE, ભોપાલથી ઉપસ્થિત રહેલા નિષ્ણાંતોની સાથે એક ત્રિ-દિવસીય કાર્યશિબિરનું આયોજન કરવામાં આવ્યું અને પાઠ્યપુસ્તકને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું. જેમાં, ડૉ. એસ. કે. મકવાણા (RIE, ભોપાલ), ડૉ. કલ્પના મસ્કી (RIE, ભોપાલ), ડૉ. ભાવેશ પંડ્યા, શ્રી રિન્કુબેન સુથાર, ડૉ. કેશુભાઈ મોરસાણિયા, શ્રી દેવેન્દ્ર જોષી અને શ્રી પ્રવિણ પટેલે ઉપસ્થિત રહી પોતાના કીમતી સૂચનો અને માર્ગદર્શન પૂરા પાડ્યા છે.

પ્રસ્તુત પાઠ્યપુસ્તકને રસપ્રદ, ઉપયોગી અને ક્ષતિરહિત બનાવવા માટે માનનીય અગ્રસચિવશ્રી (શિક્ષણ) દ્વારા અંગત રસ લઈને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું છે. આ પાઠ્યપુસ્તકની ચકાસણી શિક્ષણ વિભાગના વર્ગ 1 અને વર્ગ 2ના જે-તે વિષય જાણતા અધિકારીશ્રીઓ દ્વારા પણ કરાવવામાં આવી છે. મંડળે પૂરતી કાળજી લીધી છે, તેમ છતાં શિક્ષણમાં રસ ધરાવનાર વ્યક્તિઓ પાસેથી ગુણવત્તા વધારે તેવાં સૂચનો આવકાર્ય છે.

NCERT, નવી દિલ્હીના સહકાર બદલ તેમના આભારી છીએ.

**પી. ભારતી (IAS)**
નિયામક
તા.૨૧-૧૧-૨૦૧૯

કાર્યવાહક પ્રમુખ
ગાંધીનગર

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૮, પુનઃમુદ્રણ : ૨૦૧૯,૨૦૨૦

**પ્રકાશક** : ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર વતી પી. ભારતી (IAS), નિયામક

**મુદ્રક** :

# Textbook Development Committee

**Chairperson, Advisory Committee for Textbooks at the Primary Level**

Anita Rampal, *Professor*, Department of Education (CIE), University of Delhi, Delhi

**Chief Advisor**

Savithri Singh, *Principal*, Acharya Narendra Dev College, New Delhi, formerly *Fellow*, Centre for Science Education and Communication, University of Delhi, Delhi

**Members**

Baljeet Kaur, *Primary Teacher*, MCD Primary Model School, Zamrudpur, New Delhi

Dilip Singh, *Programme Coordinator*, Digantar Shiksha Avam Khelkud Samiti, Jaipur

Juhi Srivastava, *Programme Coordinator*, Nirantar, New Delhi

Kavita Sharma, *Lecturer*, Department of Elementary Education, NCERT, New Delhi

Mamata Pandya, *Programme Coordinator*, Centre for Environmental Education, Ahmedabad

Poonam Mongia, *Assistant Teacher*, Sarvodaya Kanya Vidyalaya, Vikas Puri, New Delhi

Preeti Chadha, *Primary Teacher*, Experimental Basic School, CIE, University of Delhi, Delhi

Ravinder Pal, *Sr. Lecturer*, DIET, Rajinder Nagar, New Delhi

Reetu Singh, *Lecturer*, Department of Education in Social Sciences (DESS), NCERT, New Delhi

Simantini Dhuru, *Director*, Avehi Abacus Project, Mumbai, Maharashtra

Smriti Sharma, *Lecturer in Education*, Lady Sri Ram College, New Delhi

Sonia Shamthoke, *Primary Teacher*, Sanskriti School, Chanakya Puri, New Delhi

Sushmita Malik, D-4/4091, Vasant Kunj, New Delhi-70

**Member-Coordinator**

Manju Jain, *Professor*, Department of Elementary Education, NCERT, New Delhi

# THE CONSTITUTION OF INDIA

## PREAMBLE

**WE, THE PEOPLE OF INDIA,** having solemnly resolved to constitute India into a [1]**[SOVEREIGN SOCIALIST SECULAR DEMOCRATIC REPUBLIC]** and to secure to all its citizens :

**JUSTICE,** social, economic and political;

**LIBERTY** of thought, expression, belief, faith and worship;

**EQUALITY** of status and of opportunity; and to promote among them all

**FRATERNITY** assuring the dignity of the individual and the [2][unity and integrity of the Nation];

**IN OUR CONSTITUENT ASSEMBLY** this twenty-sixth day of November, 1949 do **HEREBY ADOPT, ENACT AND GIVE TO OURSELVES THIS CONSTITUTION.**

---

1. Subs. by the Constitution (Forty-second Amendment) Act, 1976, Sec.2, for "Sovereign Democratic Republic" (w.e.f. 3.1.1977)
2. Subs. by the Constitution (Forty-second Amendment) Act, 1976, Sec.2, for "Unity of the Nation" (w.e.f. 3.1.1977)

# Acknowledgement

The National Council of Educational Research and Training (NCERT) gratefully acknowledges the contribution and cooperation of various organisations, subject experts, teachers and departmental members in the development of this book.

The Council thanks the authors and poets who have granted permission to use their work in this book — Vijendra Pal Sisodia (*Leaves*); Shri Prasad ( *Water*); Secretary, Bharat Gyan Vigyan Samiti (*Home Sweet Home*); Jean Whitehouse Peterson (*I have a sister. My sister is deaf* ) published by Bharat Gyan Vigyan Samiti; Harish Nigam (*Cloud*) published by Eklavya; Harendranath Chattopadhyay (*Train*); and Annapurna Sinha (*Bhanate and Phudgudi*).

The contributions of various organisations and the experts deputed by them, are also highly appreciated – Centre for Environmental Education, Ahmedabad; Avehi Abacus, Mumbai; Eklavya, Bhopal; Digantar, Jaipur; Nirantar, New Delhi; National Book Trust, New Delhi; SCERT, Delhi; Centre for Science Education and Communication, University of Delhi , Delhi; and Homi Bhabha Centre for Science Education (Small Science), Mumbai.

We are specially grateful to K.K. Vashishtha, *Professor and Head*, Department of Elementary Education, NCERT, who has extended every possible help in developing this book.

The contributions of Professor Amitabh Mukherjee, Centre for Science Education and Communication, University of Delhi, Delhi; Sushmita Malik, formerly *Consultant*, Punjab School Education Board, Chandigarh; Poonam Mongia, *Assistant Teacher*, SKV School, Delhi; and Manpreet, *Lecturer*, Shyama Prasad Mukherjee College, New Delhi are duly acknowledged for finalising the English version of this book. We also acknowledge the contributions of Sushmita Malik for translating the Hindi poems into English and of Dwaipayan Banerjee, *freelance Editor*, *Katha*, for editing these poems. Thanks are acknowledged to Anjni Koul, *Lecturer*, DESM and M.K. Satpathy, *Professor*, NERIE, Shillong, NCERT; Usha Chaujer, *Primary Teacher*, Air Force Bal Bharti School, New Delhi; Deepa Hari, *Writer and Editor*, Avehi Abacus Project, Mumbai; Anita Julka, *Reader*, Department of Education with Special Needs, Sushma Jairath, *Reader*, Department of Women's Studies, and R.B.L. Soni, *Reader*, Deparment of Elementary Education, NCERT.

We are grateful to Kavita Chaudhary and Arvind Sharma, *DTP Operators;* Kamal Bhardwaj and Hari Darshan Lodhi *Proof Reader*; Sushila Sharma, Nirmal Mehta (DEE); Shakambar Dutt, *Incharge Computer Station*, DEE, in shaping the book.

The efforts of the Publication Department, NCERT, in bringing out this publication are also appreciated.

# શિક્ષકો અને વાલીઓ માટે નોંધ

જ્યારે આ રાષ્ટ્રીય કક્ષાના પાઠ્યપુસ્તક બનાવવાનું કાર્ય થતું હતું ત્યારે આ પુસ્તકના વિકાસ/ઉત્પાદન માટે કામ કરી રહેલ ટુકડીને રાષ્ટ્રીય અભ્યાસક્રમના માળખા (NCF 2005) મુજબ હેતુઓ અનુવાદ કરવાનું કાર્ય પડકારરૂપ લાગ્યું. આ પ્રક્રિયા દરમિયાન ચર્ચા થયેલા થોડા મુદ્દાઓ લખાણનું કામ બજાવી રહેલ ટુકડી વહેંચવા માગે છે.

બાળક પોતાની આસપાસનું પર્યાવરણ સાકલ્યવાદી રીતે જુએ છે અને કોઈ પણ વિષયનું સમાયોજન ''વિજ્ઞાન'' અને ''સામાજિક વિજ્ઞાન''માં કરતા નથી, તેથી એવું વિચારવાનું આવશ્યક બન્યું કે આ પુસ્તકનું બે ભિન્ન વિભાગોના બદલે સંકલન કરવું. વિષયોની યાદીની કાર્યવાહીના બદલે અભ્યાસક્રમને જાતે જ જોડાયેલ અને આંતર સંબંધિત સૂચિત વિષયોની સમજનો વિકાસ કરવાનો છે. પુસ્તકમાં શારીરિક, સામાજિક અને સાંસ્કૃતિક સંદર્ભો વિવેચનાત્મક રીતે દર્શાવેલા છે, જેથી બાળકને પસંદગીઓથી માહિતગાર કરી શકાય.

રાષ્ટ્રીય કક્ષાએ લખવાનો પડકાર, વિવિધ વર્ગખંડોનાં બહુ સાંસ્કૃતિક પરિમાણોને પ્રતિબિંબિત કરવાનો હતો. દરેક સમુદાય, સંસ્કૃતિ અને જીવન જીવવાની રીતને સરખું મહત્ત્વ બાળક આપે તે ખૂબ જ જરૂરી હતું. પુસ્તક લખવામાં આવ્યું ત્યારે, અમે સંબોધન કરી રહ્યા છે તે કોણ બાળક છે. તે મોટો પ્રશ્ન હતો. શું તે મોટા શહેરની મોટી શાળાનો બાળક છે અથવા ઝૂંપડપટ્ટીની શાળાનો, નાના નગરનો બાળક, ગામડાંની શાળા અથવા પર્વતીય પ્રદેશની દૂરસ્થ શાળાનો બાળક છે ? અમે કેવી રીતે આવા વિભિન્ન જૂથને સંબોધન કરીએ? તેને જાતિ, વર્ગ, સંસ્કૃતિ, ધર્મ, ભાષા, ભૌગોલિક પરિસ્થિતિ વગેરે વિભિન્નતાનો સામનો કરવાની જરૂર પડે છે. આ પુસ્તકમાં કેટલાક આવા મુદ્દાઓનું સંબોધન કરવામાં આવ્યું છે, જે શિક્ષકે પણ તેની પોતાની શૈલીમાં સંવેદનાત્મક રીતે ઉકેલવું પડશે.

આ વિસ્તારને સંબંધિત ચિંતાઓ/મુદ્દાઓની ચર્ચા કરતા પહેલાં, તમે આ વિસ્તારના અભ્યાસક્રમ મુજબ જાઓ, જે વ્યાપક રીતે છ વિષયો જેવા કે, કુટુંબ/પરિવાર અને મિત્રો, ખોરાક, પાણી, રહેઠાણ, મુસાફરી અને આપણે બનાવતા અને કરતા હોય તેવી વસ્તુઓમાં વિભાજિત કરેલ છે. જે NCERTની વૅબસાઈટ પર ઉપલબ્ધ છે (www.ncert.nic.in). તે તમને તમારા વિષયને સારી રીતે સમજાવામાં અને તમારી અધ્યાપન-અધ્યયનનું આયોજન વધારે અસરકારક બનાવવામાં મદદ કરશે.

પુસ્તકના વિષયવસ્તુના કેન્દ્રમાં બાળક છે, જે તેને અન્વેષણ માટે ખૂબ જ જગ્યા પૂરી પાડે છે. ગોખણપટ્ટીને અને વર્ણન તથા વ્યાખ્યાઓને ટાળવાનો અહીં સભાનપણે પ્રયત્ન કરવામાં આવ્યો છે. માહિતી આપવી સરળ છે, પરંતુ સાચો પડકાર તો બાળકને જ્યાં તે ગાઈ શકે, તેમની જિજ્ઞાસાવૃત્તિ બાંધી શકે, પ્રવૃત્તિ દ્વારા અભ્યાસ, પ્રશ્નો પૂછે, પ્રયોગો કરવા વગેરેની તકો આપવી તે છે. તેના જ સંદર્ભમાં બાળક પુસ્તક સાથે કાર્યરત રહે તે માટે વર્ણન, કવિતા, વાર્તા, કોયડાઓ, જિગ્સો, વિનોદી વાર્તાઓ વગેરે જેવાં વિવિધ પાસાઓના ઉપયોગ કરવામાં આવેલ છે. વાર્તાઓ અને વર્ણન બાળકને સંવેદનશીલ બનાવવાના સાધનની રીતે ઉપયોગ થયેલ છે, બાળકને વાર્તા/વર્ણનનાં ચરિત્રો સાથે વધારે સરળતાથી તાદાત્મ્ય કરાવી શકાય છે.

જ્ઞાનનું સર્જન કરવામાં બાળકનો સક્રિય ભાગ લેવો એ મહત્ત્વનું છે. પુસ્તકમાં આપેલી પ્રવૃત્તિઓનો ખપ

છે કે, બાળકોને અવલોકન માટે બગીચાઓ, ખેતરો, જળ-સંસ્થાઓ, સમુદાયોમાં વગેરે જગ્યાઓ લઈ જવાની, પર્યાવરણ-અભ્યાસ પ્રાથમિક રીતે વર્ગખંડની દીવાલોની બહાર પુનરુક્ત કરવામાં આવે. બાળકના સ્થાનિક જ્ઞાનને શાળાના જ્ઞાન સાથે જોડવાના પ્રયત્નો કર્યા છે. અહીં તે દર્શાવવું જરૂરી છે કે, પુસ્તકમાં આપેલી પ્રવૃત્તિઓ ફક્ત સૂચક છે. પ્રવૃત્તિઓ અને સાધનો બંને શિક્ષકો દ્વારા સ્થાનિક સંદર્ભો મુજબ સુધારી શકાય છે. પ્રવૃત્તિઓ અને સ્વાધ્યાય અંતે આપવાના બદલે પાઠમાં આંતરિક રીતે સમાવેશ કરેલ છે. પુસ્તકમાં ખૂબ જ વિવિધતાપૂર્ણ પ્રવૃત્તિઓ આપેલ છે જેથી બાળકને સર્જન, અવલોકન, દોરવું, વિભાજિત કરવું, બોલવું, પ્રશ્નો, લખવું, યાદી વગેરેની બાળકને તકો મળે. ઘણીબધી પ્રવૃત્તિઓ તેઓને વસ્તુઓને હાથમાં લઈ કુશળ વ્યવહાર કરવા તક આપશે જેથી તેઓમાં ઉચ્ચારણ કુશળતાનો વિકાસ થાય. કેટલાક તેઓની સર્જનાત્મક અને રચનાત્મક કુશળતાની સાથે તેમની રસલક્ષી ઇન્દ્રિયોને સમાદ કરી. બાળકોની સરળતા માટે દરેક પ્રવૃત્તિઓ ચર્ચા દ્વારા તેઓ જે અવલોકન કરે અને શીખે તેનું એકીકરણ કરવામાં આવે છે. ઉપર્યુક્ત પ્રશ્નો અથવા સૂચકો સાથે બાળક જ્યાં એકલો ના પહોંચી શકે તેનાથી આગળ તેની સમજને વધારવાની છે.

બાળકોને પુસ્તક અને શિક્ષકો સિવાય બીજા સ્રોતો જેવા કે કુટુંબીજનો, સમુદાયના સભ્યો, સમાચારપત્રો, પુસ્તકો વગેરેથી જાણવા પ્રોત્સાહિત કરવામાં આવ્યાં છે. આ બતાવે છે કે, ફક્ત પાઠ્યપુસ્તક જ માહિતીનો સ્રોત નથી. ઇતિહાસની સમજનો વિકાસ કરવા બાળકોને વૃદ્ધો પાસેથી ભૂતકાળ જાણવા પ્રોત્સાહિત કરે છે. આ પ્રવૃત્તિઓથી વાલીઓ અને સમુદાયના સભ્યોને શાળામાં સાંકળવા અને શિક્ષકોને બાળકની પૃષ્ઠભૂમિ જાણવામાં વૃદ્ધિ કરશે.

બાળકોનાં પુસ્તકોમાં ઉદાહરણ એક મહત્ત્વનો ભાગ છે. લખાણ-ટુકડીએ ધ્યાનમાં રાખ્યું છે કે, પુસ્તકમાં ઉદાહરણો લખાણની પ્રકૃતિ પ્રતિબિંબિત કરે છે. ઉદાહરણ દ્વારા વિષયવસ્તુનો વિકાસ મોટી વિચારણા છે. ઉદાહરણો એવી રીતે લેવામાં આવ્યાં છે કે, જે લખાણની શૈલીનું પૂર્ણ રીતે અભિવાદન કરે છે. ઉદાહરણો બાળકને આનંદ અને પડકાર પૂરાં પાડે તેવાં હોવાં જોઈએ. પ્રવૃત્તિઓને જુદી તારવવાં ચિહ્નોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેની યાદીનો પુસ્તકમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

પુસ્તક બાળકોને જુદા-જુદા પ્રકારની જેવી કે વ્યક્તિગત રીતે, નાના જૂથમાં અને મોટા જૂથમાં પણ કામ કરવાની તક પૂરી પાડે છે. જૂથમાં અભ્યાસથી દૃશ્ય અભ્યાસ અને વ્યવહાર-કુશળતામાં વધારો કરે છે. જૂથમાં કામ કરતાં બાળકો ખાસ કરીને હસ્તકલાનો અને કલાના અભ્યાસની મજા માણે છે. બાળકો જ્યારે તેમની સર્જનાત્મક સાહસોને નકારવાના બદલે અથવા તેમના મોટેરાઓ દ્વારા અવગણના, ઓછું મહત્ત્વ આપવાના બદલે પ્રોત્સાહન મળે તો ઉત્સાહિત થઈને પ્રતિસાદ આપે છે અને ખુશ થાય છે.

પુસ્તકમાં પ્રવૃત્તિઓ અને પ્રશ્નોનો ઉદ્દેશ ફક્ત બાળકના જ્ઞાનને ચકાસવાનો જ નહિ, પરંતુ બાળકોને પોતાની જાતને અભિવ્યક્ત કરવાની તક પૂરી પાડવાનો છે. બાળકોને આ પ્રવૃત્તિઓ અને પ્રશ્નો પર કામ કરવા પૂરતો સમય આપવો જોઈએ, જ્યાં સુધી દરેક બાળકને પોતાની ગતિ ના મળે ત્યાં સુધી આગળ જાય નહિ. દરેક શિક્ષક મૂલ્યાંકન માટે પોતાના વિદ્યાર્થીઓ માટે પોતાની અધ્યાપનની રીત અને સ્થાનિક સંદર્ભોના ઉપયોગથી પોતાની કલ્પનાશક્તિનો વિકાસ કરે. પર્યાવરણ-અભ્યાસમાં આકારણી માટે અભ્યાસ અને મૂલ્યાંકનની પ્રક્રિયાને સારી રીતે સમજવા, NCERT એ પ્રાથમિક કક્ષાએ આ વિસ્તાર પર પુસ્તકના સ્રોતોનો વિકાસ કર્યો છે. તમે આ લખાણ મુજબ જશો તો તે ઘણું ઉપયોગી નીવડશે. બાળકનું વર્ગમાં અથવા બહાર સંપાદિત કરેલાં કામ દ્વારા તેની ક્ષમતાઓ/કૌશલ્યોનું પ્રાથમિક રીતે મૂલ્યાંકન થવું જોઈએ. મૂલ્યાંકન એ સતત અને સર્વગ્રાહી પ્રક્રિયા છે અને બાળકની તેણે કરેલ અવલોકન, પૂછેલ પ્રશ્નો, દોરેલું, ચર્ચાઓ, જૂથમાં લખેલું વગેરેથી આકારણી થવી જોઈએ. વર્ગખંડમાં સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન અનુસરવા અધ્યયન-અધ્યાપન પ્રવૃત્તિઓ અને પ્રશ્નોનો પુસ્તકમાં આંતરિક સમાવેશ કરેલ છે. તમારે પણ તે જ રીતે અનુસરવાનું છે.

જ્યારે પુસ્તકીય સાધનોનો વિકાસ કરવામાં આવ્યો ત્યારે એક મોટી ચિંતા બાળક સમક્ષ આપણા સમાજની

મોટી વિવિધતા જેવી કે આપણી શારીરિક ક્ષમતાઓ, આર્થિક પૃષ્ઠભૂમિ, વર્તન વગેરે જેવી વસ્તુઓ તેના માર્ગમાં પ્રતિબિંબિત થાય છે અને ક્યાં રહીએ છીએ, કેવી શાળામાં જઈએ છીએ, કેવી રીતે વાત કરીએ છીએ, વિચારવાની રીત, ખાવાનું, પહેરવેશ, સામાન્ય સુવિધાઓ વગેરે યોગ્ય રીતે સંવેદનશીલતાપૂર્વક રજૂ કરવાની હતી અને ઈચ્છીએ છીએ દરેક બાળક દરેક સમાજની વિવિધતા ઓળખે, આ વિવિધતાને માન આપે અને પ્રોત્સાહિત કરે તે જરૂરી છે. શિક્ષકોએ આવા સામાજિક મુદ્દાઓને સંવેદનશીલતાપૂર્વક હાથ ધરવા વધારે સાવધાન રહેવું પડશે, ખાસ કરીને જ્યારે વર્ગના ખાસ જરૂરી હોય તેવા બાળકોને અથવા મુશ્કેલીભર્યા બનાવોના સમયે.

લખાણ-ટુકડી ફક્ત બાળકોને જ નથી જોતી પરંતુ શિક્ષકોને પણ જુએ છે, જે વ્યક્તિગત રીતે જ્ઞાનનું સર્જન કરે છે અને જે-તે પોતાના અનુભવોથી સર્જે છે. પુસ્તક શિક્ષક દ્વારા ઉપયોગમાં લેવાતા અધ્યયન-અધ્યાપનના ઘણાંબધાં સાધનોમાંથી એક છે, જેની આસપાસ શિક્ષક પોતાની અધ્યયન-પ્રક્રિયા ગોઠવી બાળકોને અધ્યયનની તક પૂરી પાડે છે.

NCF-05 મુજબ પર્યાવરણ અભ્યાસ વર્ગ 1 અને વર્ગ 2 ના અભ્યાસક્રમમાં સમાવેશ કરેલ નથી. તેમ છતાં જરૂરી ક્ષમતાઓ/કૌશલ્યો અને ચિંતા ભાષાકીય અને ગાણિતિક રીતે સંકલિત કરી સંધિ કરવામાં આવી છે. આ દિશામાં, NCERT એ શિક્ષકો માટેની માર્ગદર્શિકા, ‘‘પર્યાવરણ-અભ્યાસ ભાષા અને ગાણિતિક ક્ષમતાઓ દ્વારા આગળના વર્ગના’’ નામે બહાર પાડી છે, જેમાં ઘણીબધી પ્રવૃત્તિઓનો સમાવેશ કરેલ છે જે તમને પર્યાવરણીય ભાગોને ભાષાકીય અને ગાણિતિક રીતે તે કક્ષા સાથે સંધિ કરવામાં મદદ કરશે. જો તમે વર્ગ 3 માં અધ્યયન-અધ્યાપન પ્રવૃત્તિની શરૂઆત કરતા પહેલાં તે જોશો તો તે તમારા વિષયવસ્તુના વિસ્તારમાં સમજ કેળવવા સઘન બનશે.

## પાઠ્યપુસ્તકમાં વાપરેલ સંજ્ઞાઓ (પ્રતીક) અને ચિહ્નો


ચર્ચા


કહો


લખો


વિચારો


બનાવો


શોધી કાઢો


શિક્ષક માટેની નોંધ





# અનુક્રમણિકા




*શિક્ષકો અને વાલીઓ માટે...* *iv*

૧. પૂનમે શું જોયું ? ૧

૨. વનપરી ૧૧

૩. પાણી જ પાણી ! ૨૦

૪. છોટુનું ઘર ૨૬

૫. ઘર એક શાળા ૩૨

૬. ખાધા વિના ન ચાલે ૩૮

૭. અનોખો સંવાદ ૪૫

૮. ફરરર... ૫૨

૯. આવ રે વરસાદ ૫૯

૧૦. રસોડાની વાત ૬૩

૧૧. આપણાં વાહનો ૬૮

૧૨. આપણાં કામ ૮૦

૧૩. આપણી લાગણીઓની ભાગીદારી ! ૯૦



















| | | |
|---|---|---|
| ૧૪. | આપણો ખોરાક | ૯૫ |
| ૧૫. | માટીની મજા | ૯૯ |
| ૧૬. | મારું ઘર | ૧૦૫ |
| ૧૭. | પત્રનો પ્રવાસ | ૧૧૩ |
| ૧૮. | રમતાં-રમતાં | ૧૨૦ |
| ૧૯. | આપણાં સાથી | ૧૨૮ |









| | | |
|---|---|---|
| ૨૦. | કેટલા રે કેટલા | ૧૩૬ |
| ૨૧. | પાણી બચાવીએ | ૧૪૪ |
| ૨૨. | ડાબું-જમણું | ૧૪૯ |
| ૨૩. | સુંદર કપડાં | ૧૫૯ |
| ૨૪. | જીવનનું જાળું | ૧૬૨ |
| ૨૫. | મારો તાલુકો | ૧૬૫ |
| ફનપેજ-૧ | | ૧૬૯ |








# પૂનમે શું જોયું ?

૧

S7G3T9

પૂનમ ઘરે હતી. તે બીમાર હતી. આજે પૂનમે એની માને કહ્યું : ‘‘મા, મને આજે શાળાએ જવા દો. હું છેલ્લા બે દિવસથી ઘરે છું. હું કંટાળી ગઈ છું.’’ આ સાંભળી તેની માએ કહ્યું, ‘‘પરંતુ તને તાવ છે. જા, બહાર ખાટલા પર સૂઈ જા.’’

પૂનમ બહાર ગઈ. ખાટલા પર સૂઈ ગઈ. અચાનક, તેના ચહેરા પર કશુંક પડ્યું. તે તરત જ ગાલે અડવા લાગી. અરે ! આ શું ? કોણ ચરકી ગયું. આ કોનું કામ હશે ! કબૂતરનું કે કાગડાનું ? પૂનમને આ કાગડાનું જ લાગતું હતું.



બાળકો, લોકો પાસેથી અને આજુબાજુના પર્યાવરણમાંથી ઘણું બધું શીખે છે. આ પાઠ દ્વારા બાળકોને પ્રકૃતિને નિહાળવાની તક આપવાની છે. વર્ગખંડમાં બેસી પાઠનું વાચન કરવું નહિ. આસપાસની પ્રકૃતિનું અવલોકન પણ કરાવવું.

પૂનમે ઉપર જોયું. તેણે વૃક્ષ ઉપર ઘણાંબધાં પ્રાણીઓ જોયાં. તેમનાં નામ જણાવો :

**વિચારો અને લખો :**

તમે જોયેલાં પંખીનાં નામ લખો :

| | | | |
|---|---|---|---|
| | | | |
| | | | |

પૂનમે જમીન પર પડેલું એક પાંદડું લીધું. પાંદડું તેના ગાલ ઉપર ઘસ્યું. હજુ પણ તેને ગાલ ચીકાશવાળા લાગતા હતા. પૂનમે વિચાર્યું : 'તળાવ પર જઈ મારે ગાલ ધોવા જોઈએ.' પૂનમ તળાવ પાસે ગઈ.



તળાવની આસપાસ પૂનમે કયાં પ્રાણીઓ જોયાં હશે ?

**વિચારો અને લખો :**

| | | | |
|---|---|---|---|
| | | | |
| | | | |

પાઠ્યપુસ્તકમાં 'પ્રાણી' શબ્દ જીવજંતુ, પક્ષીઓ, સરિસૃપ (પેટે સરકીને ચાલતાં પ્રાણી) અને સસ્તન પ્રાણીઓ માટે વપરાયો છે. આ ઉંમરનાં બાળકો પ્રાણીઓનું વર્ગીકરણ કરી શકતાં નથી. પ્રાણી શબ્દથી બાળકો શું સમજે છે તે જાણવાનો પ્રયત્ન કરો. જુદાં-જુદાં પ્રાણીઓ વિશે વધુ માહિતી એકઠી કરવા બાળકોને પ્રોત્સાહિત કરો.

- તમે તળાવ પાસે જોયેલાં પ્રાણીની જેમ કામ કરી શકો ?
- કયું પ્રાણી કેવો અવાજ કાઢે છે અને કેવી રીતે હલનચલન કરે છે ?

વિવિધ પશુ-પંખીના અવાજની નકલ કરાવવી.

જુદાં-જુદાં પ્રાણીઓ એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા માટે જુદી-જુદી રીતે હલનચલન કરે છે. કેટલાંક પ્રાણીઓ ચાલે છે, કેટલાંક પેટે સરકીને ચાલે છે, કેટલાંક ઊડે છે અને કેટલાંક તરે છે. કેટલાંક પ્રાણીઓ કૂદકા મારીને ચાલે છે.

Z6G1M6

## વિચારો અને લખો :

**પ્રાણીઓનાં રહેઠાણ :**

| દરમાં રહેતાં | માળામાં રહેતાં | ઘરમાં રહેતાં | પાણીમાં રહેતાં |
|---|---|---|---|
| • | • | • | • |
| • | • | • | • |
| • | • | • | • |
| • | • | • | • |

## યાદ કરો અને લખો :

| | | | |
|---|---|---|---|
| **ઊડી શકે તેવાં** | | | |
| **પગથી ચાલી શકે તેવાં** | | | |
| **પેટે સરકીને ચાલી શકે તેવાં** | | | |
| **કૂદકા મારી ચાલી શકે તેવાં** | | | |

બાળકોને પ્રાણીઓનાં રંગ, આકૃતિ અને હલનચલન ગમે છે અને તેમના અવાજ સાંભળવા ગમે છે. તેઓને તેમનું અનુકરણ કરવાની મજા આવે છે. પ્રાણીજગતની વિવિધતા જોતાં તેમને જુદાં-જુદાં જૂથમાં મૂકીએ, તે વર્ગીકરણની શરૂઆત છે.

પૂંછડી હોય તેવાં

માથે શિંગડાં હોય તેવાં

દીવાલ ઉપર ચાલી શકે તેવાં

પ્રાણીઓ જુદી-જુદી જગ્યાએ રહે છે. કેટલાંક પ્રાણીઓ વૃક્ષ ઉપર રહે છે. કેટલાંક પાણીમાં રહે છે. કેટલાંક જમીન પર રહે છે. કેટલાંક જમીનની અંદર દરમાં રહે છે. કેટલાંક આકાશમાં ઊડે છે. વળી, કેટલાંક પ્રાણીઓ આપણા ઘરમાં પણ રહે છે.

## રંગ પૂરો :

હોઠથી પાણી પીતાં હોય ત્યાં (લીલો) જીભથી પાણી પીતાં હોય ત્યાં (કાળો)



❋ નીચેનાં ચિત્રો જુઓ:
તમારા ઘરમાં ના રહેતાં હોય તેવાં પ્રાણીઓમાં રંગ પૂરો.



## ચિત્ર દોરો :

❉ અહીંયાં પ્રાણીઓનાં અધૂરાં ચિત્રો આપેલાં છે. ચિત્રો પૂરાં કરી નીચે નામ લખો.







## શોધો અને લખો :

પ્રશ્નને આધારે નામ શોધો અને [ ] કરો. આ શબ્દોને અલગથી નોંધ કરો :

૧. મને કેળું ખાવું ખૂબ ગમે છે. હું કૂદવામાં અને લટકવામાં સમય વિતાવું છું.

૨. હું દીવાલ પર જાળું બનાવું છું, જેમાં જીવજંતુ ચોંટે તે મારો ખોરાક છે.

૩. હું આખી રાત જાગું છું અને દિવસે અજવાળામાં સૂઈ જાઉં છું.

૪. ડ્રાઉં, ડ્રાઉં, ડ્રાઉં મારો અવાજ છે. હું પાણી અને જમીન ઉપર જોવા મળું છું.

૫. હું વરસાદ પછી જોવા મળું છું. મારે પગ નથી. હું પેટે સરકીને ચાલું છું.

૬. મારી ગતિ ધીમી છે. હું પાણી અને જમીનમાં રહું છું.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ક્ષ | ત | યા | અ | બા | લે | સી |
| વાં | દ | રો | ખા | તી | પા | ળ |
| પા | ર | સિ | દે | વા | પી | ળ |
| ઉ | ઘુ | વ | ડ | ર | વા | જ |
| ક | રા | બી | કો | મા | ત | ગ |
| રો | સિ | રિ | કુ | તા | ર | થ |
| ળિ | વા | સા | ડી | કા | ચ | બો |
| યો | બ | અ | ળ | સિ | યું | ગા |

સવાલ - ૬ પંચતંત્રની વાર્તા 'સસલું અને કાચબો' ઉપર આધારિત છે. બાળકોને પંચતંત્રની બીજી વાર્તા કહો અને તેમને વધારે વાચન કરવા માટે પ્રોત્સાહિત કરો.

## જુઓ અને કહો :



### આંગળીઓનો જાદુ :

ચિત્ર જુઓ. શું તમે અંગૂઠાની અને આંગળીઓની છાપ ઓળખી શકો છો ?

આ જ રીતે, શાહી અને જળરંગોનો ઉપયોગ કરી પ્રાણીઓનાં ચિત્રો બનાવો. તમારી કલ્પના મુજબનાં ચિત્રો બનાવો. ઉપરનાં ચિત્રોની નકલ કરશો નહિ. તમે તમારી શાળા અને ઘરને શણગારવા બનાવેલાં ચિત્રોનો ઉપયોગ કરી શકો છો.

## જાતે છાપો ...

બાળકોને અંગૂઠાની છાપ અને આંગળીઓની છાપથી ચિત્રો બનાવવા જેવી સર્જનાત્મક પ્રવૃત્તિ પસંદ આવે છે. તેમને તેમની પોતાની ડિઝાઇન બનાવવા પ્રોત્સાહિત કરો.

## ચાલો ગમ્મત કરીએ :

- તમારી નોટબુકમાં તમે જોયેલા પ્રાણીનું ચિત્ર બનાવો.
- ત્રણ બાળકોનું એક જૂથ બનાવો. દરેક જૂથ સફેદ કાગળ લેશે. આ કાગળને ત્રણ ભાગમાં વાળવો.

૧. દરેક જૂથમાં, એક બાળક કાગળની ટોચ પર ચહેરો દોરશે અને કાગળને વાળી એ ભાગ સંતાડી દેશે.

૨. જૂથનું બીજું બાળક કાગળની વચ્ચે બીજા કોઈ પ્રાણીના પેટના ભાગનું ચિત્ર દોરશે અને કાગળને વાળી સંતાડી દેશે.

૩. જૂથનું ત્રીજું બાળક બીજા પ્રાણીના પગનું ચિત્ર બનાવશે.

હવે વિચારો. ચિત્ર કેવું બન્યું હશે. કાગળ ખોલો અને ચિત્ર જુઓ.

**આ પ્રાણી રમૂજી દેખાયું ને !**

વર્ગમાં અન્ય જૂથે બનાવેલા ચિત્રને પણ જુઓ.



---

બાળકોને પ્રાણીઓનું ચીવટપૂર્વક નિરીક્ષણ કરવા અને તેમની જાતે ચિત્રો બનાવવા પ્રોત્સાહિત કરો. જૂથમાં ચિત્ર બનાવતી વખતે બાળકોને મદદની જરૂર પડશે.

વૃક્ષ નીચે થોડો સમય પસાર કરો. અહીંથી જોઈ શકાતાં પ્રાણીઓને નિહાળો. જે પ્રાણીઓ દેખાયાં હોય તેમનાં નામ લખો.

| | | | |
|---|---|---|---|
| થડ ઉપર | | | |
| જમીન ઉપર | | | |
| ડાળીઓ ઉપર | | | |
| પાંદડાંઓ ઉપર | | | |
| વૃક્ષની આજુબાજુ | | | |
| અન્ય સ્થળે જોયેલાં | | | |

## જોયેલાં પ્રાણીઓને તેમના કદના આધારે ગોઠવો.

| | | |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| (૪) | (૫) | (૬) |
| (૭) | (૮) | (૯) |

આ પ્રવૃત્તિ શરૂઆતના ક્રમમાં કરવાની છે. ક્રમ બાળકોના અનુભવ પર આધારિત હશે. જેમકે, ખિસકોલી, ચકલી કરતા નાની અથવા મોટી હોઈ શકે. પ્રાણીઓ પ્રત્યેના આ સંવેદનશીલ મુદ્દાની ચર્ચા અરસપરસ કરો.

## કોયડાની રમત :

કોયડાની રમતમાં, ફનપેજ-૧ (પાન નં. ૧૬૯)માં આપેલ ચિત્રને કાપો. વિવિધ ટુકડા ભેગા કરી ફરીથી ચિત્ર બનાવો.

ફનપેજ : ૧ના ચિત્રને કાપો. તેને કાર્ડબૉર્ડ પર ચોંટાડો. આ કાર્ડબૉર્ડને અસમાન ટુકડાઓમાં કાપો. આ ટુકડાઓ તમારા મિત્રોને આપો. તેઓને બધા ટુકડા સાથે ગોઠવીને પ્રાણીને ઓળખવાની પ્રવૃત્તિ કરાવવી.

**ફનપેજની મદદ વડે ચિત્ર ચિપકાવો :**

ટુકડા ચોંટાડવાના કોયડાની રમતમાં ટુકડા એવી રીતે કાપો કે, આ ટુકડા ભેગા કરવા બાળકો માટે પડકાર બની રહે. સરળતાથી ચિત્ર બની ન શકે તે રીતે ચિત્ર કપાવવું. આવી બીજી વધારે પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપો અને તેમના કાર્યને બિરદાવો.

# ૨ વનપરી

P4R5M5

અમે રવિવારે બગીચામાં ગયાં હતાં. અમે **સંતાકૂકડી** અને **અંતાક્ષરી** રમ્યાં હતાં. અમે ખૂબ જ મજા કરી. થોડું રમ્યાં પછી દીદીએ કહ્યું, ''ચાલો ! રમત રમીએ.'' હું 'વનપરી' બનીશ. વનપરી જે પણ નામ બોલે, બધાંએ તે વસ્તુને અડકવા જવાનું.

આ રમતની શરૂઆત થઈ. દીદીએ કહ્યું,''વનપરી છોડને અડકવાનું કહે છે. એ જ સમયે બધાં જ બાળકો છોડ તરફ ચાલી નીકળ્યાં.''




F4Z6D8

બાળકોને તેમના પ્રદેશમાં સંતાકૂકડી અને અંતાક્ષરી કયા નામે બોલાવાય છે - એવો પ્રશ્ન પૂછી શકાય.

દીદીએ કહ્યું, ''સરસ ! બધાંએ છોડને સ્પર્શ કર્યો, પરંતુ તમે જોયું, બધાં એકબીજાંથી અલગ છે. શબનમે કહ્યું, ''દીદી, તમે પણ એક નાના છોડ પર બેઠા છો.''



**શું તમે કહી શકો, દીદી કયા છોડ ઉપર બેઠાં હશે?**

રમત ફરી શરૂ થઈ. વનપરીએ હવે કહ્યું, ''એવાં વૃક્ષને અડો, જેનું થડ જાડું કે પાતળું હોય.''





બાળકો ફરી જાડું અથવા પાતળું થડ હોય તેવા વૃક્ષને અડવા દોડ્યાં. જે ચિત્રમાં બતાવ્યું છે ?

તમે એવું કયું વૃક્ષ જોયું છે જેનું થડ જાડું હોય ?

માઈકલને આ રમત ખૂબ જ રસપ્રદ લાગી. તેણે વિચાર્યું, 'વનપરી કેટલી નસીબદાર છે !' બધાંને આદેશ આપી શકે છે. માઈકલે કહ્યું, મારે વનપરી બનવું છે. બધાં બાળકો મોટેથી હસ્યાં. છોકરો, પરી બને ? હવે, બધાં નવી વનપરી પાસેથી આદેશ લેવા તૈયાર હતાં.

માઈકલે કહ્યું : ''મને થોડાં પાંદડાં (પર્ણો) લાવી આપો.''

દીદીએ કહ્યું, ''પરંતુ યાદ રાખજો તમે પાંદડાં વૃક્ષ પરથી તોડી શકશો નહિ''. બાળકો નીચે જમીન પર પડેલાં પાંદડાં એકઠાં કરવા દોડ્યાં.

## વિચારો અને લખો :

તમે જોયેલાં પાંદડાનાં નામ લખો :

| | |
|---|---|
| ● | ● |
| ● | ● |

આ રમત રમતાં-રમતાં બાળકો વૃક્ષોની વિવિધતા તેઓની જાતે નિહાળે. બાળકો વારાફરતી વનદેવી બને એ સારું છે, જેથી તેઓ પોતાની જાતે વૃક્ષના વર્ગીકરણનો આધાર પસંદ કરી શકે.



શું બધાં પાંદડાંનાં રંગ, આકાર અને કિનાર સમાન છે ?



દયારામે કહ્યું, ''હું આટલા બધા પ્રકારનાં પાંદડાં વિશે જાણતો ન હતો. જુઓ, કેટલાંક ગોળ, કેટલાંક લાંબાં અને કેટલાંક ત્રિકોણાકાર પાંદડાં છે.''

અમુએ કહ્યું, ''તેમના રંગ પણ અલગ-અલગ છે. કેટલાંક ઘેરાં લીલાં છે અને કેટલાંક આછાં લીલાં છે. કેટલાંક પીળા, લાલ અને જાંબલી પણ છે. એક પાંદડું એવું છે, જે લીલું છે, પણ તેમાં સફેદ ડાઘ છે.''

પાંદડાંઓની કિનાર પણ અલગ છે. કેટલાંકની કિનાર સીધી છે અને કેટલાંકની આડી-અવળી છે. શબનમે કહ્યું, ''કેટલાંક પાંદડાંઓની કિનાર કરવત જેવી છે.''

અમુ અને શબનમે સાથે બૂમ પાડી : ''અમારે પણ 'વનપરી' બનવું છે.''

દીદીએ કહ્યું : ''આજે નહિ, આવતા રવિવારે. અત્યારે ઘરે જવાનો સમય થઈ ગયો છે.'' રસ્તામાં અમે અને દીદીએ કવિતા ગાઈ.



## વાંચો અને લખો :

બગીચામાં શું-શું જોવા મળે છે?

| | | |
|---|---|---|
| | | |
| | | |

## રંગ પૂરો :

પાંદડાં અને ફૂલમાં મનપસંદ રંગ પૂરો :



### પાંદડાં લીલાં પીળાં

પાંદડાં લીલાં પીળાં ગમતા, કે પાંદડાં મને ગમતાં,
પાંદડાં તો જાંબલી રંગનાં જોયા કે પાંદડાં મને ગમતાં,
પાંદડાં લીલાંપીળા...
પાંદડાં તો નોખાં-અનોખાં લાગતાં,
પાંદડાં નાનાં-મોટાં લાગે કે પાંદડાં મને ગમતા.
પાંદડાં લીલાંપીળાં...
ફૂલ ઉપર ઝાકળ આંસુ જેવાં લાગતાં,
પતંગિયાં માટે મન મારું ભાગે કે પાંદડાં મને ગમતા.
પાંદડાં લીલાંપીળાં...
પાંદડાંને ક્યાંક રુવાંટી હોય છે,
કેટલાંક કાંટાળાં પાંદડાં હોય કે પાદડાં મને ગમતાં
પાંદડાં લીલાંપીળાં...
પાંદડાં વાયરે આભલામાં ઊડતાં,
પાંદડાં ખડખડાટ કરતાં કે પાંદડાં મને ગમતા.
પાંદડાં લીલાંપીળાં...
પાંદડાં આખો દિવસ રમતાં,
રાત પડે સૂઈ જાતાં કે પાંદડાં મને ગમતાં
પાંદડાં લીલાંપીળાં...

– રશ્મિકા પટેલ
(કાંકરેજ)

બાળકોને કવિતા ગાવી પસંદ છે, પણ તેમને યાદ રાખવા દબાણ કરવું જોઈએ નહિ. તેઓ વર્ગમાં એક સાથે જૂથમાં કવિતા ગાય એ વધારે સારું રહેશે.

- લીંબુ, આંબો, લીમડો, તુલસી, ફુદીનો અને ધાણાનાં વૃક્ષનાં થોડાં પર્ણો એકઠાં કરો.
- બધાં પર્ણોને એક પછી એક વારાફરતી વાટીને સૂંઘો. શું એ બધાંની ગંધ સમાન છે ?
- શું તમે ગંધથી પર્ણોને ઓળખી શકો?
- પર્ણને અન્ય કઈ રીતે ઓળખી શકાય ?
- આ ચિત્રને જુઓ. આ સૂકાં પર્ણોમાંથી બનાવેલ છે.

## પાંદડાંથી ચિત્રો બનાવો :

- સૂકાં પર્ણોનો ઉપયોગ કરી તમારી નોટબુકમાં જુદાં-જુદાં પ્રાણીઓનાં ચિત્રો બનાવો.



કલાકાર શ્રી વિષ્ણુ ચીન્ચાલકરે (ઇન્દોર, મધ્યપ્રદેશ) સૂકાં પર્ણોનો ઉપયોગ કરી સુંદર ચિત્રો બનાવ્યાં છે. ચિત્રોમાં તેમની કલા જોઈ શકાય છે.

## છાપ કેવી રીતે લેવી ?



એક કાગળ અને મીણિયા રંગ અથવા પેન્સિલ કલર લો. પાંદડાંને ટેબલ પર અથવા જમીન પર મૂકો. પર્ણ એવી રીતે મૂકો કે તેની નસો ઉપર તરફ રહે. પાંદડાં પર કાગળ મૂકો. મીણિયા રંગ અથવા પેન્સિલ કલર આ કાગળ ઉપર ધીરેથી ઘસો. કાગળ કે પાંદડું ખસી ન જાય તેનું ધ્યાન રાખો.



❖ **આ જ રીતે વૃક્ષના થડની છાપ લો.**

કાગળ વૃક્ષના થડ ઉપર મૂકો અને મીણિયા રંગ અથવા પેન્સિલ કલર તેના પર ઘસો. જુઓ, તમે થડની છાપ બનાવી દીધી.

બીજાંએ બનાવેલી છાપ જુઓ. શું જુદાં-જુદાં વૃક્ષની છાપ સમાન છે ? કયાં પાંદડાંની છાપ સારી છે ? કયા વૃક્ષના થડની છાપ લેવામાં તકલીફ પડી ? આવું કેમ થયું ?



❖ બધાં જ વૃક્ષની છાલ સરખી હોય તો શું થાય?

❖ કયા વૃક્ષની છાલની છાપ પાડી શકાય નહિ? શા માટે?

## જુઓ અને લખો :

ચિત્ર જુઓ. ચિત્રમાં કઈ-કઈ વસ્તુઓ પર ફૂલો અને પર્ણોની ભાત દેખાય છે તેનાં નામ લખો.



| | | |
|---|---|---|
| • | • | • |
| • | • | • |

બાળકો તેમનાં વડીલો, ખેડૂતો કે માળીની સાથે વૃક્ષો વિશે વધુ જાણવા વાત કરી શકે છે અને વર્ગમાં ચર્ચા પણ કરી શકે છે.

## વિચારો અને લખો :

- ઘરમાં જે વસ્તુઓ પર પર્ણો અને ફૂલોની છાપ હોય. તેમનાં નામ લખો.

| | | | |
|---|---|---|---|
| | | | |

- તમે જોયેલાં કેટલાંક વૃક્ષનાં નામ લખો.

| | | | |
|---|---|---|---|
| | | | |
| | | | |

- શું કોઈ એવા છોડ છે, જે વિશે તમે સાંભળ્યું છે, પણ જોયાં નથી ?

| | | | |
|---|---|---|---|
| | | | |
| | | | |

## શોધો અને કહો :

- વડીલોને અત્યારે જોવા મળતાં ન હોય તેવા વૃક્ષ વિશે પૂછો.
- વડીલોને પૂછો કે કયા વૃક્ષો અત્યારે છે, પરંતુ જે પહેલાં ન હતાં ?

## વૃક્ષ સાથે મિત્રતા :

તમારી શાળા અથવા ઘરની નજીકના વૃક્ષને પસંદ કરી, તેની સાથે મિત્રતા કરો.

## સ્થાયી મિત્રતા :

- મિત્રવૃક્ષ શાનું છે ? તમે ના જાણતા હો તો અન્યને પૂછો.
- શું તમે તમારા મિત્રવૃક્ષને કોઈ ખાસ નામ આપવાનું પસંદ કરશો ?
- તમે તમારા મિત્રવૃક્ષને શું નામ આપશો ?

---

બાળકોને વૃક્ષ સાથે મિત્રતા કરવા, તેમને પાણી પાવા, તેમનું ધ્યાન રાખવા અને તેમને બારીકાઈથી નિહાળવા ઉત્સાહિત કરો. આ દ્વારા તેમનામાં પર્યાવરણ માટે ચિંતા ઉત્પન્ન થશે.

- તમારું મિત્રવૃક્ષ, કયા ફૂલ અને ફળ આપશે ?
- તમારા મિત્રવૃક્ષનાં પર્ણો કેવાં દેખાય છે ?
- કયાં પ્રાણીઓ તમારા મિત્રવૃક્ષ પર રહે છે ?

## રંગ પૂરો :

તમારા મિત્રવૃક્ષ  વિશે વધારે જાણો. બીજા સાથે માહિતીને વહેંચો.

નીચે તમારા મિત્રવૃક્ષનું ચિત્ર દોરો અને રંગ પૂરો:

# ૩ પાણી જ પાણી !

R9W6X2

## પાણી

પાણી તમે ના બગાડો, આ પાણી અણમોલ છે.
જીવતરનો એના વગર છેડો, આ પાણી અણમોલ છે.
ઝરમર, ઝરમર, વરસાદ વરસતો;
નદીઓ, નાળાં ને તળાવ છલકાવતો;
સાગરમાં ચડતો થઈ ઘોડો, આ પાણી અણમોલ છે.
હિમગિરિની ટોચે એ બરફ થઈ બેસતું,
એને ઉકાળતાં વરાળ થઈ ઊડતું;
ઝરણાંના ગીત ના છોડો, આ પાણી અણમોલ છે.
ખેતી-વાડી ને ઝાડવાં જીવાડતું,
પશુ-પંખીને પ્રેમથી એ પોષતું;
માનવીની રગરગમાં દોડે, આ પાણી અણમોલ છે.
દુકાળના દુઃખભર્યા, દા'ડા દેખાડતું,
પૂરની પ્રચંડતાએ હૈયું હલાવતું;
કૂવા, નળ, ડંકીમાં ડોકાતું, આ પાણી અણમોલ છે.

- રાજુ કાગ
(મિયાલ)

બાળકો વર્ગમાં તેમના પ્રદેશમાં પાણી માટે ગવાતાં ગીતો અને કવિતા ગાઈ શકે. આ પ્રવૃત્તિ તેમને જાતિ અને સંસ્કૃતિની વધારે નજીક લાવશે.

❖ શું તમે પાણી પર કોઈ ગીત કે કવિતા જાણો છો ? વર્ગમાં ગાઓ.

❖ પાણી શું કરી શકે છે, આ કવિતામાં તેવી કઈ-કઈ બાબતો છે ?



## વિચારો અને લખો :

❖ જ્યાં પાણી જરૂરી હોય તેના માટે ☑ કરો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| રમત રમવામાં | ☐ | ગાવામાં | ☐ | હોડી ચલાવવામાં | ☐ |
| લખવામાં | ☐ | ચા બનાવવા | ☐ | માટી ગૂંદવા | ☐ |
| પંખો ચલાવવા | ☐ | ચિત્ર બનાવવા | ☐ | વૃક્ષો ઉગાડવાં | ☐ |



## વિચારો અને લખો :

- પાણી વગર તમે શું કરી શકો ?

- પાણી વગર તમે શું ન કરી શકો ?

## ❖ પાણી : વધારે અથવા ઓછું

નીચેની પ્રવૃત્તિઓને પાણીની જરૂરિયાત મુજબ ગોઠવો. જે કામમાં વધારે પાણી જોઈએ તેનાથી શરૂઆત કરો.

| સ્નાન કરવા | પીવા માટે | ઘર સાફ કરવા | ખેતરમાં પાણી આપવા | માટી ગૂંદવા | રાંધવા |
|---|---|---|---|---|---|

૧. ____ ૨. ____ ૩. ____

૪. ____ ૫. ____ ૬. ____

## ❇ પાણી ક્યાંથી મળે ?

નદી, તળાવ અને ઝરણાંઓ વિશે ગીત ગાયું. આપણે વિવિધ જગ્યાએથી પાણી મેળવીએ છીએ. તમે વપરાશ માટે પાણી ક્યાંથી મેળવો છો ?

J5Q6U1

પાણી મેળવવા તમારા ઘર કે આજુબાજુ જે જગ્યાઓ હોય, તેના પર ◯ કરો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| તળાવ | કૂવો | ટ્યૂબવેલ | જળધોધ | હેન્ડપંપ | નદી |
| ઝરણું | નળ | ટાંકી | દરિયો | ગરમ પાણીનું ઝરણું | |



## વિચારો અને લખો :

❇ શું તમે જમીનમાંથી ગરમ પાણી બહાર આવતું જોયું છે ? ક્યાં ?

❇ તમારા શહેરમાંથી કે ગામમાંથી કોઈ નદી પસાર થાય છે ? જો હા તો, આ નદીનું નામ લખો.

❇ તમે જાણતા હોય તેવી બીજી નદીઓનાં નામ લખો.



## વિચારો અને કહો :

❇ ઘરમાં તમે પીવાનું પાણી ક્યાંથી મેળવો છો ?

❇ તમારે પાણી મેળવવા ક્યાં જવું પડે છે ?

❇ પાણી લાવવા માટે કેટલો સમય લાગે છે ?

❇ આપણે પાણીનો સંગ્રહ કરવાની જરૂર કેમ છે ?

❇ તમારા ઘરમાં પાણીનો સંગ્રહ ક્યાં થાય છે ?

❇ શું તમારી અને પડોશીની પાણી લાવવાની જગ્યા જુદી-જુદી છે ? કેમ ?

## રંગ પૂરો :

❖ તમારા ઘરમાં પાણીનો સંગ્રહ કરવા વપરાતાં વાસણમાં રંગ પૂરો.



❖ તમારી નોટબુકમાં બીજાં પાત્રોનાં ચિત્રો દોરો.

તમે ઘરમાં પાણી સંગ્રહ કરવા વાપરતાં હોય, તેવાં પાત્રોનાં નામ પણ લખો.

ચિત્રોને જુઓ : જો આપણે તેમાં પાણી ભરીએ તો-

૧. સૌથી ઓછું પાણી સંગ્રહ શામાં થાય છે ? ______

૨. સૌથી વધારે પાણી સંગ્રહ શામાં થાય છે ? ______

૩. કયા-કયા પાત્રમાં સરખું પાણી ભરી શકાય ? ______



## ચકુ વ્યાકુળ છે !



ઋચન અને ચકુને ખૂબ જ તરસ લાગી હતી. તેમના કાકાએ બંનેને કેરીનો બાફલો સ્ટીલના પ્યાલામાં આપ્યો. પરંતુ ચકુને બાફલો કાચના પ્યાલામાં પીવો હતો. તેના કાકાએ બાફલો કાચના પ્યાલામાં આપ્યો. પરંતુ ચકુ ખુશ ન હતી. તેણે ફરિયાદ કરી : કાકા, તમે મને ઓછો બાફલો આપ્યો.



## ચર્ચા કરો અને કહો :

શું ચકુના કાચના પ્યાલામાં ઓછો બાફલો હતો ?



જ્યાંથી પાણી મળી આવે છે, તેવાં સાત નામ શોધી ▭ અને લખો:

| | | | | | |
|---|---|---|---|---|---|
| ક | જ | ળ | ધો | ધ | પા |
| ઝ | મ | વા | ત | ળા | વ |
| ર | લા | દ | રિ | યો | ન |
| ણું | કૂ | વો | પિ | સ | દી |
| રા | ટ | યુ | બ | વે | લ |

| |
|---|
| જળધોધ |
| |
| |
| |
| |
| |
| |
| |
| |

આ પ્રવૃત્તિનું વર્ગમાં નિદર્શન કરો. બાળકોને નિરીક્ષણ કરવાની અને પ્રશ્નોના જવાબ આપવાની તક આપો.

બીજાથી અલગ હોય તેના પર ◯ કરો. કઈ રીતે અલગ છે. ચર્ચા કરો.

- નદી, પર્વત, તળાવ, ઝરણું, સરોવર
- માછલી, બતક, વાંદરો, મગર, કાચબો
- મોટરગાડી, હોડી, બસ, આગગાડી, સાઇકલ
- સ્નાન કરવામાં, કપડાં ધોવામાં, તરવામાં, વાળ ઓળવામાં, માટી ગૂંદવા

## રંગોની રમત :

એક કાગળ લો. કાગળને વચ્ચેથી વાળો. હવે તેને ખોલો. તેના ઉપર જુદા-જુદા રંગોનાં ટીપાં મૂકો. કાગળને ફરી વાળો અને તેને દબાવો. કાગળ ખોલો. જુઓ ! તમે શું બનાવ્યું ?



# ૮ છોટુનું ઘર

T9L9W7







## વિચારો અને કહો :

આપેલા ચિત્રને ધ્યાનથી જુઓ અને પ્રશ્નોના જવાબ આપો :

- છોટુએ પાઈપ સામે જોઈને શું વિચાર્યું હશે ?
- છોટુ પાઈપનો ઉપયોગ કેવી રીતે કરતો હશે ?
- છોટુએ પાઈપ અને આજુબાજુના વિસ્તારને કેવી રીતે અલગ-અલગ કર્યું ?
- છોટુ ઘરની કઈ બાજુના ભાગને વધારે પસંદ કરે છે ?
- મોનુને પાઈપમાં રહેવા આવવા માટે છોટુ કેમ બોલાવે છે ?
- તમે છોટુ હો તો પાઈપમાં કેવી રીતે ઘર બનાવીને રહો ?

મકાન એ ઘર ક્યારે બને તેની ચર્ચાની મદદથી મકાન અને ઘરના તફાવતની સ્પષ્ટતા કરો.

ઘરનું ચિત્ર દોરો અને રંગ પૂરો.

## વિચારો અને લખો :

- તમારી સાથે ઘરમાં કોણ-કોણ રહે છે ?

  ____________ ____________ ____________ ____________

  ____________ ____________ ____________ ____________

- છોટુએ પાઈપને બે જુદા ભાગમાં વહેંચી. તમારા ઘરના જુદા-જુદા ભાગો વિશે લખો.

  ____________ ____________ ____________ ____________

  ____________ ____________ ____________ ____________

## વિચારો અને કહો :

- તમે દિવસમાં કેટલો સમય ઘરના વિવિધ ભાગમાં વિતાવો છો ?
- તમારા ઘરમાં કોઈ એવો ભાગ છે, જ્યાં કોઈ સભ્ય વધુ સમય વિતાવે છે?
- તમારા ઘરમાં કોઈ એવો ભાગ છે, જ્યાં તમારા કુટુંબના કોઈ સભ્ય જવાનું પસંદ નથી કરતા?

તમે જોયું છે કે, કેટલાંક પ્રાણીઓ પણ આપણી સાથે આપણા ઘરમાં રહે છે. કેટલાંક પ્રાણીઓ આપણા ઘરમાં રહે છે, કારણ કે આપણે તેમને રાખવા માંગીએ છીએ, જ્યારે બીજાં પ્રાણીઓ આમંત્રણ વગર રહે છે.

---

બાળકોને તેમના ઘરની સંવેદનશીલ વાતો કરવી ખૂબ જ જરૂરી છે. ઘર ઘણી બધી જાતના હોય છે. એ ધ્યાનમાં રાખીને આપણે ઘરના ઓરડાની જગ્યાએ, ઘરના ભાગોનો ઉપયોગ કર્યો છે. જ્યાં કેટલાંક કુટુંબના સભ્યો જાય છે અને કેટલાંક ક્યારેય પણ જતાં નથી, એ કુટુંબના રિવાજ અને જાતિનો ભેદભાવ બતાવે છે.

## જોડકાં ગાઈએ :

# ઘર, પ્રિય ઘર!

રોજ તું તો કહે છે મા કે,
આ બસ આપણું કહેવાય ઘર,
પણ હું કેમ માનું મા.
દેખાય છે, આ સૌનું ઘર.





જો તો આ ઉંદરડા કેવા,
પકડા-પકડી રમતાં.
મચ્છર કેવા ઊડી રહ્યાં છે,
ઘરમાં કરોળિયા ભમતા.



અને ગરોળીને તું જો ને
ધીમે રહી સરકતી,
હારબંધ આ કાળી કીડીઓ
જો ક્યાં દોડી જાતી?

મા જો ત્યાં આંગણિયામાં
પંખી કેવાં ચણે છે !
બિલકુલ બહેન ને મારી માફક
દર વાતે ઝઘડે છે.



એટલે જ કહું છું મા,
ઘર નથી ફક્ત મારું,
ઘણા સમયથી આ બધાં રહે છે,
આ ઘર છે સૌનું સહિયારું.

ગુજરાતી ભાવાનુવાદ
– નીરુ પટેલ
(જેપુર)

**ખરું કહેવાય ...**

ઉંદરની આંખો નબળી હોય છે. હા, તેની સુગંધ, સ્પર્શ અને સ્વાદની ઇન્દ્રિયો ખૂબ જ ઉત્તમ હોય છે.

આવાં અન્ય જોડકણાં એકઠાં કરાવી તેનું ગાન કરાવવું.

❈ ઘરમાં જોવા મળતા અન્ય બે જીવનાં ચિત્રો દોરો.

## યાદ કરો અને લખો :

❈ તમે તમારા ઘરને સ્વચ્છ કેવી રીતે રાખો છો ?

## વિચારો અને કહો :

❈ તમે તમારા ઘરનો કચરો ક્યાં ફેંકો છો ?

❈ શું તમારા ઘરની આસપાસનો વિસ્તાર સ્વચ્છ છે ?

❈ તમારું ઘર સ્વચ્છ રાખવામાં કોણ-કોણ મદદ કરે છે ?

જુઓ, લતાનું ઘર કેવું સુંદર રીતે શણગારેલું છે!



## વિચારો અને લખો :

શું તમારા ઘરને શણગારવાની કોઈ બીજી રીત છે? કેવી રીતે?

___________________________

___________________________

___________________________

___________________________

___________________________



## પૂછો અને લખો :

તમારા મિત્રોને પૂછો- તેઓ ક્યારે અને કેવી રીતે ઘરને શણગારે છે?

## વિચારો અને લખો :

તમે ઘરને શણગારવા કઈ વસ્તુઓનો ઉપયોગ કરો છો, તેનાં નામ લખો.

| | | | |
|---|---|---|---|
| • | • | • | • |
| • | • | • | • |
| • | • | • | • |



પાઠમાં દરેક બાળક તેમનાં ઘરને જુદા-જુદા તહેવારોમાં કેવી રીતે શણગારે છે, તે પૂછવામાં આવે. બાળકો તેમના ઘર કેવી રીતે શણગારે છે, તે વાત જાણવાથી એ જાણવા મળશે કે તહેવારો દરમિયાન ઘર શણગારવા કઈ સ્થાનિક વસ્તુઓનો ઉપયોગ થાય છે.

# ૫ ઘર એક શાળા

A8D6Z1

આપણું ઘર આપણી પ્રથમ શાળા છે. ઘરના સભ્યો આપણું કુટુંબ છે. આપણે કુટુંબમાંથી ઘણી બધી વસ્તુઓ શીખીએ છીએ. આપણે બીજે ક્યાંયથી શીખીએ તેના કરતાં વધુ કુટુંબમાંથી શીખીએ છીએ. એટલે જ આપણે કુટુંબથી વધુ નજીક હોઈએ છીએ. ચાલો, આપણે કુટુંબ વિશે વિચારીએ અને તેના વિશે વાતો કરીએ.

કુટુંબના સભ્યો સાથેનો એક ફોટો ચોંટાડો અથવા દોરો.

W6I6B9

દૈનિકપત્રો, મેગેઝિન કે અન્ય સાહિત્યમાંથી કુટુંબના વિવિધ ફોટા એકઠા કરો.



❋ તમારા કુટુંબમાં કોણ-કોણ છે ? તેઓનાં નામ અને એમનો સંબંધ લખો.

| નામ | સંબંધ | નામ | સંબંધ |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |

❋ તમારા કુટુંબના કોઈ પણ બે સભ્યો વચ્ચેનો સંબંધ લખો.

પતિ-પત્ની, ભાઈ-બહેન, માતા-દીકરી (પુત્રી)

| તમારા કુટુંબના બે સભ્યોનાં નામ | | તેઓનું સગપણ |
|---|---|---|
| રમેશભાઈ | રૂપલ | મામા-ભાણેજ |
| | | |
| | | |
| | | |



## વિચારો અને કહો :

❋ તમારું નામ શું છે ?

❋ કુટુંબના સભ્યો લાડથી તમને શું કહે છે ?

❋ તમે તમારા કુટુંબના સભ્યોને કેવી રીતે બોલાવો છો ?

❋ પાછળના પાનાં પર આપેલા ચિત્રને સાવચેતીપૂર્વક જુઓ. શું ચિત્રમાં બે વ્યક્તિઓ સરખા જેવી દેખાય છે ?



શું તમારી અને તમારા કુટુંબના કોઈ સભ્યની વચ્ચે વાત કરવામાં, ચાલવામાં, હસવામાં અથવા દેખાવની રીતે સમાનતા છે ? કોની સાથે અને કેવી રીતે છે ?

ચાલો, હવે સલમાનના કુટુંબ વિશે જાણીએ. સલમાનના કુટુંબના વડીલ સભ્યો ધોબીનું કામ કરે છે.



કુટુંબના સભ્યો કપડાં ધોવામાં, સૂકવવામાં અને ઈસ્ત્રી કરવામાં એકબીજાંને મદદ કરે છે. સલમાન અને તેના કુટુંબી રફિક પણ સલમાનના કુટુંબ દ્વારા થતું આ કામ શીખે છે.

### યાદ કરો અને લખો :

- શું આપનું કુટુંબ પણ કોઈ કામ સાથે જોડાયેલું છે ? જો હા, તો શું ?

______________________________

______________________________

- તમે ઘરમાં કયાં-કયાં કામમાં મદદ કરો છો ?

______________________________

______________________________

આપણે આપણા કુટુંબના સભ્યો પાસેથી ઘણું શીખીએ છીએ. સલમાન અને રફિક તેઓના કાકા પાસે સાઈકલ ચલાવતાં શીખે છે.

## વિચારો અને કહો :

તમે પણ તમારા કુટુંબ પાસેથી ઘણું શીખો છો. તમે કયાં કામ કોની જોડેથી શીખ્યાં. શું તમારી પાસેથી કોઈ કશું શીખે છે ?

## વિચારો અને લખો :

કોને ક્યારે મળો છો ? લખો.

- જ્યારે ઉદાસ હોઉં છું, ત્યારે ________ પાસે જાઉં છું.
- હું ભૂતકાળ વિશે જાણવા માંગું છું, ત્યારે ________ પાસે જાઉં છું.
- મારે ખાનગી વાત કહેવી હોય, ત્યારે ________ પાસે જાઉં છું.
- જ્યારે મારાથી કંઈ ખોટું થાય ત્યારે ________ પાસે જાઉં છું.

સુરેખાના કુટુંબનો નિયમ છે કે, બધાંએ ઘરમાં પ્રવેશ કરતાં પહેલાં ચંપલ ઉતારીને આવવું. સુરેખાના કેટલાક મિત્રો ચંપલ ઉતાર્યા વગર ઘરમાં પ્રવેશ્યા. સુરેખાના દાદા તેનાથી ગુસ્સે થયા.

શું તમારા ઘરમાં પણ કોઈ આવા નિયમો પાળવામાં આવે છે ? તે કયા-કયા છે ?

________________________________________

________________________________________

________________________________________

બાળકો સાથે ચર્ચા કરો કે તેમના કુટુંબના અલગ અલગ-સભ્ય કેવી રીતે હસે છે, સ્મિત કરે છે, ગીત ગાય છે વગેરે. આ તેઓને તેમના કુટુંબના સભ્યો વિશે વિશેષ જાણકારી મેળવવા મદદ કરશે.



## વિચારો અને કહો :

- તમારા ઘરના કયા સભ્યને તે ખુશ હોય ત્યારે હસવાની આદત છે ?
- તમે ખુશ હોય ત્યારે શું કરો છો ?
- હસવા ઉપરાંત ખુશ થનાર વ્યક્તિ બીજું શું-શું કરે છે ?
  - તમે તમારા ઘરનાં કયા-કયા વડીલોને કેવી રીતે માન આપો છો ?
  - તમારી આસપાસ જુઓ અને જાણો કે બીજાં કેવી રીતે અન્યને માન આપે છે.



## જાણો અને કહો :

- ઘરના વડીલો નાના હતા ત્યારે શું-શું કરતા હતા ?
- ઘરના વડીલો પાસેથી તેમની રમૂજી ઘટનાઓ સાંભળો.

૯

# ખાધા વિના ન ચાલે

M7R4J4



## યાદ કરો અને લખો :

ગઈ કાલે રાત્રે તમે શું જમ્યાં હતાં ?



## વિચારો અને કહો :

- તમને કેવી રીતે ખબર પડે કે ભૂખ લાગી છે ?
- શું તમારે ઘરે જમવાનું બન્યું ન હોય તેવું થયું છે?
- એક બાળકના ઘરમાં જમવાનું બન્યું ન હોય એનું કારણ શું હોઈ શકે ?
- શું બધાં બાળકોએ ગઈ કાલે એકસરખો ખોરાક ખાધો હતો ? કેમ ?
- હવે તમે જે નામ પ્લેટમાં લખ્યાં હતાં, એ બધાં કાળા પાટિયા પર લખો.
- જ્યારે તમે ખૂબ જ ભૂખ્યા હોવ અને ખાવા માટે કંઈ જ ન હોય, તો તમે શું કરો ?

---

બાળકો સાથે સંબંધ સ્થાપી, તેઓ પોતાના વિચારો મુક્ત રીતે વ્યક્ત કરે, તેમજ બીજાંની વાત પ્રત્યે સહિષ્ણુતા દર્શાવે, તેવું વાતાવરણ બનાવવું એ મહત્ત્વપૂર્ણ છે.
બીજાઓ શું ખાય છે, તે જાણકારીને આધારે વિવિધ ખાદ્યસામગ્રી પ્રત્યેની આપણી ટેવો કે સૂગ દૂર થવી જોઈએ. જે આપણને બીજાઓને વધારે સારી રીતે સમજવામાં ઉપયોગી થશે.

## વિપુલનું કુટુંબ

વિપુલના ઘરમાં ચાર સભ્યો છે. વિપુલ ખાય છે, એવું બધાં ખાતાં નથી. શું તમે એવું વિચારો છો કે, વિપુલ જમે છે એવું જ ઘરના બીજા લોકો 'જમતા નથી' કે 'જમી શકતા નથી.'

એવું કેમ થતું હશે ?

**ચાલો, આપણે વિપુલના કુટુંબ વિશે જાણીએ :**

શાળાએથી પાછા આવતા વિપુલ મકાઈડોડા લઈને આવ્યો.

તે ઘરે આવ્યો અને તેની માતાને પૂછ્યું, ''મુન્ની ક્યાં છે ? મારે તેને જોવી છે.''

તેની માતાએ કહ્યું, ''મુન્ની ઉપરના રૂમમાં છે.''

વિપુલે તેની દાદીનો હાથ પકડી કહ્યું : ''તમે પણ મારી સાથે ઉપર આવો.'' તેની માતાએ વિપુલને રોક્યો કહ્યું, ''બાને ભોજન કરી લેવા દે. મેં એમના માટે દાળમાં રોટલી પલાળી છે.''

દાદીએ વિપુલની માતાને કહ્યું : ''શું તેં દાળમાં ખાંડ નાખી છે ?''

વિપુલની માતાએ કહ્યું : ''મેં દાળ ચાખી છે, તે સારી જ બની છે.''

વિપુલે તેના દાદીની થાળી લીધી. તે દોડીને ઉપર ગયો. તેણે દાદીને પણ ઉપર આવવા કહ્યું.

દાદીએ કહ્યું : ''હું તારી ઉંમરની હતી ત્યારે થોડીક જ વારમાં પર્વત પર ચઢી જતી હતી.''

વિપુલ મકાઈડોડા ખાતો હતો. તેણે તેનાં મમ્મીને મકાઈ આપી. વિપુલે હાથ ધોઈ લીધા પછી નાની મુન્નીને ઊંચકી.

અચાનક મુન્ની રડવા લાગી. મામીએ કહ્યું : ''તે ભૂખી થઈ છે.'' મા મુન્નીને ખવડાવવા નીચે બેઠી.



### વિચારો અને લખો :

- દાદી કેમ જલદી દાદર ચઢી શકતાં નથી ?

- દાદીને કેવી દાળ પસંદ છે ?

- તમને કેવી દાળ ભાવે છે ?

❖ વાર્તામાંના કેટલા સભ્યો મકાઈડોડા ખાઈ શકે છે ? કેમ ?

❖ શું ઘરડાં લોકો મકાઈડોડા ખાઈ શકે ? કેમ ?

❖ ચાર મહિનાની મુન્ની તેની માતાના દૂધ પર રહે છે. એ તેનો એકમાત્ર ખોરાક કેમ હશે ?

H8S6Q3

## પૂછો અને લખો :

| | | શું ખાઈ શકે ? | શું ના ખાઈ શકે ? |
|---|---|---|---|
|  | બાળક | | |
| | | | |
|  | યુવાન | | |
| | | | |
|  | વૃદ્ધ | | |
| | | | |

આપણે શું ખાઈ શકીએ ! શું ના ખાઈ શકીએ તેના વિશે જોયું. આપણે બધું જ કાયમ ખાઈ શકતાં નથી.

ચાલો, આપણે જે વસ્તુઓ ખાઈ શકીએ તેના વિશે વાત કરીએ :

ભાવતી વસ્તુ ઉપર ◯ કરો.

| | | | |
|---|---|---|---|
| ભાત | ઘઉં | જવ | ચણા |
| મકાઈ | બાજરી | સાબુદાણા | નાગલી |

આપણો મોટા ભાગનો ખોરાક વિવિધ વસ્તુઓનો બનેલો છે. કઈ વસ્તુ કઈ જગ્યાએ સરળતાથી ઊગી શકે છે, તેના આધારે અલગ વસ્તુઓ વિવિધ વિસ્તારમાં ખવાય છે.

અગાઉ જણાવેલ વાનગીઓ વધારે ક્યાં જમવામાં આવે છે એ લખો.

________________________________________

________________________________________




આપણે સરખી વસ્તુઓ જુદા-જુદા પ્રકારની વાનગી બનાવવા પણ ઉપયોગ કરીએ છીએ.

ચોખા અને ઘઉંમાંથી બનાવી શકાય તે બધી વસ્તુઓનાં નામ લખો.




તમે કેટલી વસ્તુઓ લખી શકો?

આ જ રીતે વિવિધ કઠોળ, શાકભાજી, ફળ, માંસ વગેરે જુદી-જુદી વસ્તુઓ જમવામાં લેવાય છે. લોકોની પસંદ અને નાપસંદ અલગ હોય છે. ચાલો, આપણે તે વિશે વાત કરીએ :



## વિચારો અને લખો :

તમને જમવામાં પસંદ અને નાપસંદ હોય તેવી ત્રણ વાનગીનાં નામ લખો :

| | | | |
|---|---|---|---|
| પસંદ હોય | | | |
| નાપસંદ હોય | | | |



## વિચારો અને કહો :

- તમારી અને તમારા મિત્રોની પસંદ સરખી છે?
- તમારી અને તમારા કુટુંબના સભ્યોની પસંદ સરખી છે?
- તમારા કુટુંબના કયા સભ્યોની પસંદ જુદી છે?

ચાલો, લોકોને શું-શું ખાવું ગમે છે, તેના વિશે જાણીએ :




હું વલસાડમાં રહું છું. મને અને મારી માતાને ઉંબાડિયું ખાવું ગમે છે. જ્યારે અમને ઉંબાડિયું ખાવાની ઇચ્છા થાય, ત્યારે અમે ખેતરમાં જઈએ છીએ અને 'ઉંબાડિયું' ખાઈએ છીએ.

M1Y2S2

હું કશ્મીરમાં રહું છું. મને રાઈના તેલમાં બનાવેલી માછલી પસંદ છે. એકવાર હું ગોવા ગઈ હતી. અમે ત્યાં માછલી ખાધી હતી, પરંતુ તેનો સ્વાદ જુદો હતો. મારી માતાએ કહ્યું : ''આ દરિયાની માછલી નારિયેળના તેલમાં બનાવી છે, એટલે જુદી જ લાગે.''







હું કેરલમાં રહું છું . મને બે વસ્તુઓ ખાવી ખૂબ જ પસંદ છે. બંને મારા આંગણામાં થાય છે. એક ઊંચા વૃક્ષ પર ઊગે છે અને બીજું જમીનની અંદર ઊગે છે. બાફેલા સાબુદાણા, નાળિયેરમાંથી બનાવેલી કઢી સાથે ખાવાની ખૂબ જ મજા આવે છે. તેનો સ્વાદ ખૂબ જ સરસ હોય છે.

ખોરાકમાં સાંસ્કૃતિક વિવિધતાની ચર્ચા તેમના કુટુંબના અનુભવોની ભાગીદારીથી કરો અને તેમનું માન જાળવો.

આપણે શું જમીશું તે નક્કી કરતાં કારણો કયાં છે ? તેના ઉપર ✓કરો. યાદીમાં ઉમેરો.

## વિચારો અને લખો :

- સરળતાથી શું મળી રહે છે ?
- આપણે શું ખરીદી શકીએ ?
- ____________________
- ____________________
- ____________________

## યાદ કરો અને લખો :

❊ કેટલીક વસ્તુઓનાં નામ આપેલાં છે.

જે ખાઈ શકાય તેની સામે ☑ કરો. કોઈ વિશે તમે ચોક્કસ ના હો, તો તમારા શિક્ષકને પૂછો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| કેળનાં ફૂલો | ☐ | મરઘીનાં ઈંડાં | ☐ | ફુલેવર | ☐ |
| સરગવાનાં ફૂલો | ☐ | અળવીનાં પર્ણો | ☐ | માંસ | ☐ |
| મશરૂમ | ☐ | ઉંદર | ☐ | ડુંગળી | ☐ |
| કમળનું પ્રકાંડ | ☐ | માછલી | ☐ | કરચલો | ☐ |
| લાલ કીડી | ☐ | દેડકો | ☐ | ઘાસ | ☐ |
| વાસી રોટલીઓ | ☐ | આમળાં | ☐ | નાળિયેરનું તેલ | ☐ |
| ઊંટડીનું દૂધ | ☐ | રોટલો | ☐ | રોટલી | ☐ |

❊ એવી વસ્તુઓનાં નામ લખો. જે તમે ક્યારેય ખાધી ન હોય, પરંતુ ખાવા ઈચ્છતા હો.

# અનોખો સંવાદ

૭

L3E8E3

## રમત રમીએ :

ચાલો, એક રમત રમીએ. આ રમતમાં દરેકે બીજાને સમજાવવાનું છે. રમતમાં બોલ્યા વગર તમે જે કહેવા માંગતા હોય તે જણાવવાનું છે. બાળકોને નાનાં-નાનાં જૂથમાં વહેંચો.

શિક્ષક દરેક જૂથને એક ચિઠ્ઠી આપશે, જેમાં વિવિધ પરિસ્થિતિ લખેલી છે.

દરેક જૂથની ચિઠ્ઠીમાં જે લખ્યું છે તે જૂથના સભ્યો વાંચશે અને તેના પર મૂક અભિનય કરશે. તમારે બોલવાનું નથી. તમે ચહેરા અને શરીરના હાવભાવથી જ ચિઠ્ઠીમાં લખેલી પરિસ્થિતિ વ્યક્ત કરી શકો છો.

બધાં જૂથ તેમના અભિનય સાથે તૈયાર હોય, ત્યાર બાદ એક પછી એક બીજાં બાળકો સામે રજૂ કરશે. બાકીનાં બાળકોનાં જૂથ દ્વારા શું રજૂ થઈ રહ્યું છે તેનું અનુમાન કરશે.

## વિચારો અને કહો :

- આ રમત તમને કેવી લાગી ?
- શું તમને બોલ્યા વગર અભિનયથી રજૂ કરવાનું મુશ્કેલ લાગ્યું ?
- શું તમે કોઈને અભિનય દ્વારા વાત કરતા જોયા છે ?
- લોકો આ રીતે ક્યારે વાત કરે છે ?

---

એવી પરિસ્થિતિ પસંદ કરો કે બાળકો સમજી શકે અને જોડી શકે, જેથી તેઓ આવી રમતમાં કે ક્રિયામાં સારી રીતે રજૂઆત કરી શકે.

નીચે આપેલા ચિત્રને જુઓ. ચિત્રમાં બાળકો એકબીજા સાથે ઈશારા દ્વારા વાત કરે છે.



D6M4C5

મોટે ભાગે બધાં બોલી અને સાંભળી શકે છે. પરંતુ કેટલાંક લોકો એવા હોય છે કે જેઓ બોલી કે સાંભળી શકતાં નથી. આવાં લોકો ક્રિયા દ્વારા વાત કરે છે. તેઓ બીજાં લોકો શું કહેવા માંગે છે તે તેમના હોઠના હલનચલનથી અને હાવભાવથી સમજે છે.

આપણે બધાં વિવિધ કામ કરી શકીએ છીએ. આપણાંમાંથી ઘણાં સારું ગાઈ શકે, કોઈ સારી કવિતાઓ લખી શકે છે. ઘણાં ઝડપથી વૃક્ષ પર ચઢી શકે છે અને ઘણાં ઝડપથી દોડી શકે છે. ઘણાં સારું દોરી શકે, એટલે આપણે બધાં આપણી કેટલીક બાબતમાં વિશેષ છીએ. શાળામાં આપણે એકબીજાં દ્વારા શીખી શકીએ છીએ. તેવી રીતે બાળકો બોલી કે સાંભળી શકતાં નથી. તેઓ પણ શાળાએ જઈ લખી અને વાંચી શકે છે. શાળામાં તેઓને ઈશારાની ભાષા શીખવવામાં આવે છે.

ચાલો, એક એવી બાળકી વિશે વાંચીએ જે સાંભળી શકતી નથી, છતાં પણ ઘણી બધી વસ્તુઓ કરી શકે છે.

# મારી બહેન સાંભળી શકતી નથી

નાની છોકરી ચકુ,
તે સાંભળી શકે નહિ.
તે જનમથી જ બહેરી,
એનો મોટો ભાઈ નંદુ.
નંદુ અને ચકુ સાથે રમે.
ચકુ સરસ મજાનો **પિયાનો** વગાડે.
તેને તારની ઝણઝણાટીનો
અનુભવ કરવો ગમે છે.
પરંતુ તે ક્યારેય ગાઈ શકશે નહિ.
તે સૂર સાંભળી શકશે નહિ.
તેને ઊછળકૂદ, ગબડવું આળોટવું
વાંદરાની જેમ ટોચ પર ચડવું ગમે છે.
હવે, મારી બહેને મારી જ શાળામાં
આવવાનું શરૂ કર્યું છે.
છતાં અમારી માતા તેને ઘરે
હોઠ ફફડાવી વાંચવામાં મદદ કરે છે.
શિક્ષકે અને બાળકો તેના દરેક
શબ્દો સમજી પાણી અથવા અંગૂઠો
ગઈ કાલે મેં મારા કાળા ચશ્માં પહેર્યા હતા.
તેની ફ્રેમ ખૂબ જ મોટી હતી.
અને કાચ ખૂબ કાળા હતા.
હું જ્યારે બોલતો હતો ત્યારે,
મારી બહેને મને ચશ્માં કાઢવા કહ્યું.
તેને જાણવું હતું કે,
નંદુની કથ્થઈ આંખો,
તેની કથ્થઈ આંખોને શું કહે છે?

– ઝિન વ્હાઈટ હાઉસ પીટરસન
('મારે એક બહેન છે, મારી બહેન સાંભળી
શકતી નથી' માંથી ગુજરાતી ભાવાનુવાદ)



આ એક વાર્તા હતી, છતાં પણ એની ચર્ચા કરી શકાય, કેમ કે આપણા બધાંમાં અલગ અલગ આવડત છે. બાળકોના પોતાના અનુભવોનો સમાવેશ કરીને, આ મુદ્દાની સંવેદનશીલતા વધારી શકાય છે.

આપણી આંખો ઘણું બધું કહે છે. બાળકો બોલતાં શીખે તે પહેલાં ચહેરા અને હાથથી ઘણું બધું કહે છે. તેઓ ખૂબ સમજી પણ શકે છે.



## ચહેરો આપણો અરીસો છે

### વિચારો અને કહો :

- છથી આઠ મહિનાના બાળકનું અવલોકન કરો.
- તેઓ અભિનય દ્વારા શું-શું સમજાવી શકે છે ?

**વાંચો અને દોરો :** તમને આશ્ચર્ય થશે કે, આ કેવા ચહેરા છે જેમાં ચિત્રમાં આંખ, નાક, મોઢું નથી.



તમારે એ બનાવવું પડશે. આ માટે આપેલી વિગત વાંચો.

આ આફતાબ છે. તેનું મનપસંદ રમકડું પડી ગયું છે અને તૂટી ગયું છે. તે ઉદાસ છે. તેનો ચહેરો કેવો લાગશે ?



આ જૂલી છે. હજી ગઈ કાલે જ તેની નાની બહેનનો જન્મ થયો છે. તે ઘણી ખુશ છે. તેનો ચહેરો કેવો હશે ?

આ ઋત્વાની માતા છે. આજે ઋત્વા રસોડામાં અથાણાંની બરણી લેવા ગઈ. બરણી નીચે પડી ગઈ અને તૂટી ગઈ. તેની માતાના ચહેરા પરનો ભાવ કેવો હશે ?





આ રેહાના છે. તેને કૂતરાંથી ડર લાગે છે. જ્યારે તે રમતી હતી, ત્યારે અચાનક તેની સામે કૂતરું આવી ગયું ! રેહાનાનો ચહેરો કેવો દેખાશે ?

બાળકોને તેમની લાગણીઓ અલગ-અલગ રીતે દર્શાવવા પ્રોત્સાહિત કરો. આથી, તેમનામાં રહેલા સર્જનાત્મક આવડતની અભિવ્યક્તિ પ્રકટ થશે.

ઘેરા કોઈકના ચહેરા તરફ જોઈ, આપણે કહી શકીએ કે તે માણસ ખુશ છે, દુ:ખી છે કે ગુસ્સામાં છે.

તમે કંઈક તોફાન કર્યું હોય અને તમારી માતા ખાલી તમારો ચહેરો જોઈને જાણી જાય ? આવું તમારી સાથે કદી બન્યું છે ?

આપણે નૃત્ય દ્વારા પણ વાતો કરી શકીએ. નૃત્યમાં હાથ અને ચહેરા વડે લાગણીઓ પહોંચાડવામાં આવે છે. તેને ‘મુદ્રા’ અને ‘ભાવ’ કહેવાય છે.

જુઓ અને આ મુદ્રા કરો. નૃત્યની થોડી વધુ મુદ્રાઓ શીખો અને બતાવો.





## વિચારો અને કહો :

ચિત્રો જુઓ અને વિચાર કરો. આ પરથી તમારી પોતાની વાર્તા બનાવો. વાર્તા તમારા મિત્રોને કહો અને ચર્ચા કરો.



# ૮ ફરરરર...

V1H9P7



મારે માથે મુગટ છે,
હું નૃત્ય કરું છું.
પીંછાંનો મને ગર્વ છે,
વરસાદ પહેલાં હું ટહુકું છું.
લખો હું ________ છું.

પૂંછડી મારી લાંબી છે,
પૂંછડીમાં મારે ખાંચા છે.
હું આકાશમાં ઊંચે ઊડું છું,
ઉંદરને હું ખાઉં છું.
લખો હું ________ છું.

મારા પીંછાં લીલા રંગનાં,
ચાંચનો રંગ લાલ છે.
જામફળ'ને લીલાં મરચાં ભાવે,
અવાજની નકલ મને ખૂબ ફાવે.
લખો હું ________ છું.

પીંછાં મારા કાળા રંગના,
કાળો મારો રંગ છે.
આખો દિવસ કાઉ...કાઉ બોલું,
રંગ મારો ચમકે છે.
લખો હું ________ છું.

U6R2D1



કુહૂકુહૂ હું બોલું છું,
બધેય જોવા મળું છું.
મારો અવાજ ઓળખ અપાવે,
હું તો મીઠું ટહુકું છું.
લખો હું ________ છું.

મરેલાં જીવોને ખાઉં છું,
ગંદકી સાફ કરું છું.
ઊંચે ઊંચે ઊડું છું.
હું પંખીનો રાજા છું.
લખો હું ________ છું.

ચાંચ મારી ગુલાબી છે,
પીંછાં મારાં ભૂખરાં છે.
ગૂટરગૂ હું બોલ્યા કરું,
હું ઘરમાં મારું ઘર બનાવું.
લખો હું ________ છું.

ચાંચ મારી ખૂબ તીણી છે.
ચાંચની સોય જ વાપરું છું.
પાંદડાં સીવી ઘર બનાવું,
હું અનોખું પંખી કહેવાઉં.
લખો હું ________ છું.

ઝાડના થડને કાંણું કરું,
છુપાયેલા કીડાથી પેટ ભરું.
આખો દિવસ ટક...ટક કરું,
લાકડું ખોદવાનું હું કામ કરું.
લખો હું ________ છું.




પંખીઓની સભા ભરાઈ. ઘુવડે વાત શરૂ કરી. તેણે કહ્યું : ‘‘આપણે બધાં અલગ દેખાઈએ છીએ. આપણાં નખ, ચાંચ, પીંછાં અને અવાજ જુદાં-જુદાં છે. છતાં આપણે બધાં પંખીઓ છીએ. જો આપણાં બધાંનો દેખાવ સમાન હોય, આપણે સમાન ખોરાક લઈએ અને આપણા અવાજ પણ સમાન હોય, તો આ દુનિયા કેવી નીરસ લાગે ?

## વિચારો અને લખો :

- પાઠમાં બતાવેલ કયાં પંખીઓ તમે જોયાં છે ? તેમનાં નામ લખો.

## શોધી કાઢો :

- હવે બહાર જાઓ અને આજુબાજુમાં પંખીઓ જુઓ.
- તમે બહાર કેટલાં પંખીઓ જોઈ શકો છો ?
- તેમાંથી કેટલાં પંખીઓને ઓળખો છો ?

જો બાળકો પક્ષીઓ બહાર જુએ અથવા કાગળ ઉપર દોરેલા હોય તો તેને ઓળખી શકે છે. ખાલી જગ્યા ભરવા માટે બાળકો પક્ષીઓની લાક્ષણિકતાઓ વિશે જાણે જો તેઓ પક્ષીઓનાં નામ ન જાણતાં હોય, તો જાણે એ જરૂરી છે.

| પંખીનું નામ | તમે ક્યાં જોયાં છે ? | | | | |
|---|---|---|---|---|---|
| | પાણીમાં | વૃક્ષ પર | જમીન પર | ઘરમાં | ઊડતાં |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

વિવિધ પંખીઓની ચાંચ જુદા-જુદા પ્રકારની હોય છે. નીચે પંખીઓની ચાંચનાં ચિત્રો આપેલાં છે. ચિત્રો જુઓ. પંખીને ઓળખો અને તેમનાં નામ લખો.

B8A2B2







બાળકો પક્ષીઓમાં રસ લે તે માટે તેમને પક્ષીઓનાં લક્ષણોનું અવલોકન કરવા દો. તેઓ અવલોકનો લખતાં શીખે અને વર્ગખંડમાં બધાં સાથે આપ-લે કરે.



ખાલી આપેલી જગ્યામાં કોઈ પંખીની ચાંચ દોરો. રંગ પૂરો અને તેનું નામ લખો. જેમ પંખીઓની ચાંચ જુદા-જુદા પ્રકારની હોય છે, તેમ તેઓ ખોરાક પણ જુદા-જુદા પ્રકારનો ખાય છે. જેમ કે, કેટલાંક ફળ ખાય છે, કેટલાંક દાણા ખાય છે. કેટલાંક ઈંડાં ખાય છે, કેટલાંક માછલી ખાય છે.

## જુઓ અને જોડો :



પંખીઓની ચાલવાની અને ઊડવાની રીત પણ અલગ હોય છે. તેમની ડોકનું હલનચલન અલગ હોય છે. મેના તેની ડોક આગળ અને પાછળ આંચકાથી હલાવે છે. ઘુવડ તેની ડોક પાછળની તરફ ફેરવી શકે છે.

એવાં કેટલાંક પંખીઓ પણ છે, જે આપણાં અવાજની નકલ કરી શકે છે ! શું તમે આવા કોઈ પંખીનું નામ જાણો છો ? તમારી નોટબુકમાં તે પંખીનું ચિત્ર દોરો, રંગ પૂરો અને તેનું નામ પણ લખો.

**અવલોકન :**

વર્ગની બહાર જાઓ, પંખીઓ કેવી રીતે ચાલે છે અને તેમની ડોક ફેરવે છે તે જુઓ. તેમનાં પીંછાં જુઓ અને તેઓ કેવો અવાજ કરે છે એ સાંભળો. કોઈ પણ ત્રણ પંખીઓના અવાજની નકલ કરો. તેમની ડોકના હલનચલનની પણ નકલ કરો. તમારા મિત્રને પૂછો – ‘તમે કયા પંખીની નકલ કરો છો ?’

પંખીઓનાં પીંછાં જુદા-જુદા રંગના, આકારના અને કદના છે. તેમનાં પીંછાં તેમને ઊડવામાં અને તેમને હૂંફાળાં રાખવામાં પણ મદદ કરે છે. કેટલાક સમય પછી પંખીઓ જૂનાં પીંછાં ખેરવી નાખે છે. તેની જગ્યાએ નવાં પીંછાં આવે છે. તમે ઘણી વાર પંખીઓનાં પીંછાં નીચે પડેલાં જોયાં હશે.

આસપાસ પડેલાં પીંછાં એકઠાં કરો. તેમના કદ, આકાર અને રંગનું અવલોકન કરો. એક પંખીનું નામ લખો અને તેમાં પીંછાં ચોંટાડો. પંખીનું નામ લખો.

❖ પંખીઓ સિવાય, એવાં કયાં પ્રાણીઓ છે, જે ઊડી શકે છે ?

## વિચારો અને કહો :

❇ તમે પંખીની જેમ ઊડી શકો, તો ક્યાં જવા માંગશો ? તમે બીજું શું કરશો ?

________________________________________

❇ જો પંખીઓ ઊડી શકવાને બદલે તેમના પગ પર જ ચાલતાં હોત તો શું થાય ?

________________________________________

## ચાલો, કૂકડો બનાવીએ

કાગળનો ચોરસ ટુકડો લો.

૧. ચિત્ર મુજબ કાગળને બિંદુઓવાળી લાઈનથી ગડીવાળો.

૨. કાગળને બિંદુઓવાળી લાઈનથી અડધું વાળી લો.

૩. હવે, બિંદુઓવાળી લાઈનથી કાગળને તીરની દિશામાં વાળો.

૪. ચિત્રમાં બતાવ્યા મુજબ કૂકડાની ચાંચ બનાવવા કાગળ વાળો.

૫. હવે, લાલ રંગનો કાગળ લો. તેને કૂકડાના મુગટનાં આકારમાં કાપો. તેને કૂકડાના માથાના ભાગ પર લગાવો.

૬. કાળા રંગના કાગળમાંથી નાનું ગોળ ટપકું કાપો. તેને કૂકડાની આંખ બનાવવા લગાવો.

**હવે જુઓ, કૂકડો તૈયાર છે !**



# આવ રે વરસાદ

૮

F4B5W7

## અપ્પુ કેળાં ખાય છે



અપ્પુને કેળાં પસંદ છે.

તે રોજ વૃક્ષ પરથી કેળાં તોડે છે અને ખાય છે.

ઘણા સમયથી વરસાદ પડ્યો ન હતો.

એક દિવસ તેણે જોયું કે, કેળાંનાં વૃક્ષો નમી પડ્યાં છે.



અપ્પુને થયું : 'મારે મારી સૂંઢમાં પાણી ભરીને લાવવું જોઈએ.'

તેણે નદી તરફ ચાલવાનું શરૂ કર્યું.

નદીમાં પાણી જોઈ અપ્પુ ખુશ થયો.

તેણે ધરાઈને પાણી પીધું. તેણે તેના શરીરને સૂંઢમાં પાણી ભરી સ્નાન કરાવ્યું.



પછી તેણે સૂંઢમાં પાણી ભર્યું. કેળાંનાં વૃક્ષોમાં નાખ્યું.

પાણી મળ્યું ને કેળાનાં વૃક્ષો જીવંત બન્યાં.

અપ્પુએ કેળાંના વૃક્ષને કહ્યું : ''તમે પણ મને સ્વાદિષ્ટ અને પાકાં કેળાં આપો છો.'' હવેથી હું દરરોજ તમારા માટે પાણી લઈ આવીશ.

❖ કેળાંનાં વૃક્ષને પાણી ન મળે તો શું થાય?

M4Q5M9

❖ આસપાસ ઊગતાં વૃક્ષોને પાણી ક્યાંથી મળે છે ?

❖ શું તમે પ્રાણીઓને પાણી પીતાં જોયાં છે ? ક્યાં ક્યાં?

❖ તમે કોઈ પ્રાણીને પાણી પાયું છે ? તે કઈ રીતે પાણી પીએ છે ?

તમે વાંચ્યું કે અપ્પુએ કેળાંનાં વૃક્ષોને પાણી પાયું. પણ, બીજાં વૃક્ષો પાણી ક્યાંથી મેળવે છે ? વૃક્ષો મોટા ભાગે વરસાદથી પાણી મેળવે છે. જ્યારે વરસાદ પડે છે ત્યારે વૃક્ષોનો દેખાવ નવો થઈ જાય છે.

ચાલો, આપણે કવિતા વાંચીએ અને ગાઈએ.



# “આવ્યાં વાદળ જાદુ લઈ”

ગોરાં થઈને કાળાં થઈને;
આવ્યાં વાદળ જાદુ લઈને.
શ્વાન હરણાં હાથી ઘોડા;
આવ્યાં હંસ-હંસલીનાં જોડાં.
ક્યારેક હરણાં થઈને આવે;
દોડાદોડી કરતાં આવે.
આવ્યાં વાદળ જાદુ લઈને...
પળમાં આવે ને પળમાં જાય;
ક્યારેક મહિનાઓ ના દેખાય.
ક્યારેક પાછાં એવાં ઠરતાં;
ટાળો તોયે વાદળ ના ટળતાં
આવ્યાં વાદળ જાદુ લઈને...
ક્યારેક ગરજે ક્યારેક વરસે;
ક્યારેક મેઘધનુષ્ય થઈ દિસે.
ક્યારેક કરા સ્વરૂપે વરસે;
ત્યારે ઝાડ પાનને તરસે... !
આવ્યાં વાદળ જાદુ લઈને...
ગોરાં થઈને કાળાં થઈને.

– હરીશ નિગમ

(ગુજરાતી ભાવાનુંવાદ)

## ગીતમાં જોયું...

- વાદળોમાં કેવા આકારો દેખાય છે ?
- બધાં વાદળો શું કરે છે ?
- વરસાદ પડે ત્યારે તમને કેવું લાગે છે ?
- તમે ક્યારેય મેઘધનુષ્ય જોયું છે ?
- મેઘધનુષ્ય તમે ક્યારે જોઈ શકો છો ?
- વરસાદ પડે ત્યારે શું થાય છે ?
- જ્યારે વરસાદ પડતો હોય ત્યારે તમે શું-શું જોયું છે ?
- વાદળો સિવાય વરસાદ આવે ત્યારે તમે શું જોઈ શકો છો ?

જ્યારે વરસાદ આવે, ત્યારે કાગળની હોડી બનાવીને તેને પાણી પર તરતી મૂકવાની ખૂબ મજા આવે છે.

## કાગળની હોડી બનાવો અને તેને પાણીમાં તરતી મૂકો.

તમને વરસાદના સમયે કોઈ અગવડ પડી છે ? તમે વરસાદના સમયે કોઈને મુસીબતમાં જોયાં છે ? વરસાદના તમારા અનુભવ દર્શાવતું ચિત્ર દોરો.

બાળકોના વરસાદ સંબંધિત અનુભવો સાંભળો. વરસાદની સારી અને માઠી અસરો પર ચર્ચા ગોઠવી શકાય.

# રસોડાની વાત



Y2S5Y6





ચિત્ર જુઓ. જ્યાં ટપકાં દેખાય છે ત્યાં રંગ પૂરો. જે વાસણો દેખાય છે તેનાં નામ લખો.



રસોઈમાં વપરાતાં ઘણાં બધાં વાસણ તમે જોયાં. તમારા ઘરમાં રસોઈ બનાવવા બીજાં કયાં વાસણ વપરાય છે ? તેમનાં નામ નોંધો.

વાસણો શાનાં બનેલાં છે ?



કોઈ વડીલને પૂછો કે, પહેલાંના સમયમાં કેવાં પ્રકારનાં વાસણોનો ઉપયોગ થતો હતો. તે વાસણ શામાંથી બનેલાં હતાં ?



## વિચારો અને કહો :

- આપણે રાંધીને શું ખાઈએ છીએ ?
- આપણે કાચું શું-શું ખાઈ શકીએ છીએ ?
- આપણે કાચું અને રાંધીને શું ખાઈએ છીએ ?

| કાચી ખાઈ શકાય તેવી વસ્તુઓ | રાંધીને ખાઈ શકાય તેવી વસ્તુઓ | કાચી અને રાંધીને ખાઈ શકાય તેવી વસ્તુઓ |
|---|---|---|
| | | |
| | | |
| | | |
| | | |

તમે રસોડામાં કે બીજે ક્યાંય રોટલી બનતાં જોઈ હશે ? આ માટે વાસણમાં લોટ લઈ, આ લોટમાં પાણી ઉમેરવાનું. લોટ અને પાણીનો કણક બાંધી મસળવાનું, કણકમાંથી નાના ગુલ્લાં(લુઆ) બનાવવાનાં, તેને વણીને રોટલી બનાવવાની. રોટલી કે રોટલો ગૅસ પર તવી (લોઢી) મૂકીને શેકવાની. આવા અનેક પ્રયત્નો પછી રોટલી આપણી થાળી સુધી પહોંચે છે.

## જુઓ અને લખો :

રસોડામાં જઈ રસોઈ બનાવવાની રીતનું અવલોકન કરો. આ માટે શું-શું કર્યું ?

વાનગીનું નામ ____________ શું જરૂર પડે ____________

શું-શું કર્યું ?

૧. ____________ ૨. ____________ ૩. ____________

૪. ____________ ૫. ____________ ૬. ____________

તમે જોયું કે ઘણી બધી વાનગીઓ અલગ-અલગ રીતે બને છે. કેટલીક શેકીને, કેટલીક તળીને અને કેટલીક બાફીને પણ બનાવાય છે.

## વિચારો અને લખો :

રાંધવાની અમુક રીતો આપેલી છે. આ દરેક રીતથી બનેલી વાનગીઓનાં બે-બે નામ લખો. હજુ થોડી વધારે વાનગી બનાવવાની રીત ઉમેરો અને ઉદાહરણ આપો :

P1N5R7

| વાનગી બનાવવાની રીત | વાનગીનાં નામ | |
|---|---|---|
| શેકવાથી | | |
| બાફવાથી | | |
| તળવાથી | | |
| ગરમીથી શેકેલી/ભૂંજવાથી | | |
| | | |
| | | |

બાળકો તેમના કુટુંબના સભ્યોને પૂછી શકે છે. આનાથી તેમનામાં એ સમજણનો વિકાસ થશે કે શિક્ષક સિવાય બીજાં લોકો પાસેથી પણ જાણી શકાય છે.

## વિચારો અને લખો :

M3B3Q4

- તમારા ઘરમાં રસોઈ બનાવવા માટે કયું બળતણ વપરાય છે ?
- તમારી નોટબુકમાં ચિત્ર દોરો અને તેનાં નામ લખો.
- નીચે આપેલાં ચિત્રો ઓળખો અને તેમનાં નામ લખો. આપેલાં ચિત્રોને યાદી સાથે જોડો. એક કરતાં વધારે વસ્તુઓ પણ સાથે જોડાઈ શકે છે.







કેરોસીન

કોલસો

વીજળી

ગૅસ

લાકડાં

સૂર્યપ્રકાશ

છાણાં







બાળકોને રસોઈ બનાવવાની રીતોનો અનુભવ રસપ્રદ હશે. ઘરે જે ઈંધણ વપરાય છે તે વાતાવરણને કેવી રીતે અસર કરે છે, તેના ઉપર ચર્ચા ગોઠવી શકાય છે.

## વાંચો અને કરો :

મગને આખી રાત પાણીમાં પલાળી રાખો. સવારે પલાળેલા મગને ભીના કપડામાં વીંટાળી અને ઢાંકી દો. એક દિવસ પછી શું તમને કોઈ ફેરફાર દેખાય છે ? તૈયાર થયેલ મગમાં ડુંગળી, ટામેટાં, મીઠું અને લીંબુનો રસ ઉમેરો અને ભેળવો. તમારા મિત્ર સાથે મગની મજા માણો.

## જુઓ અને લખો :

તમે રાંધ્યા વગર શું બનાવી શકો ?

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| • લીંબુ-પાણી | પાણીમાં ખાંડ ભેળવો | → | લીંબુનો રસ ઉમેરો | → | તેને ગાળી લો | → | લીંબુ પાણી તૈયાર છે. |
| • | | → | | → | | → | |
| • | | → | | → | | → | |

બાળકો સાથે રસોઈ બનાવવાનો આનંદ માણો. તેઓ સહેલાઈથી જે મળી શકે અને કયા પ્રકારની વસ્તુ એ વિસ્તારમાં ખવાય છે, તેના આધારે રસોઈ તૈયાર કરશે.

## ૧૧ આપણાં વાહનો

S2C2I8

### રેલગાડી



આવો છોકરાં ખેલ બતાવો;
છુક..છુક..છુક..છુક.. રેલ ચલાવો...
સીટી વગાડી સીટ પર બેસો;
એકબીજાની પીઠ પર બેસો.
કોઈ આપણી લાઈન ન તોડે.
કોઈ આગળ-પાછળ ન દોડે;
બધા સીધી લાઈનમાં ચાલો;
બંને આંખો મીંચી ચાલો.
બંધ આંખે બધું દેખાય;
આંખ, ખોલતાં ખોવાઈ જાય.
બંધ આંખે જોવાની મજા પડી જાય.

**રેલગાડી રેલગાડી, છુક-છુક, છુક-છુક, છુક-છુક-છુક-છુક**
**વચ્ચે આવતા સ્ટેશન બોલે, રૂક-રૂક, રૂક-રૂક, રૂક-રૂક-રૂક-રૂક**

તપતા બળતા પાટા ઉપર,
અહીંથી ત્યાં, ત્યાંથી ઉપર,
છુક... છુક... છુક... છુક... છુક...
લાઈટ કરતી સરસર સરતી,
અજવાળાંમાં છુક... છુક... કરતી
અંધારામાંય છુક... છુક... કરતી.
બટાટાનું ખેતર ને રણની રેત,
ઘરડો ખેડૂત ને બાજરીનો ખેત;
ખેડૂત-ખેતર લીલાં મેદાન;
મંદિર, મકાન, ચાની દુકાન.

**રેલગાડી રેલગાડી છુક-છુક, છુક-છુક, છુક-છુક-છુક-છુક**
**વચ્ચે આવતા સ્ટેશન બોલે, રૂક-રૂક, રૂક-રૂક, રૂક-રૂક-રૂક-રૂક**

આવું બધું આવે છે ખૂબ,
કોઈ ન મારો જોરથી બૂમ.
ટેકરા પર ઝંડી, પુલની પગદંડી;
પંખીનાં ટોળાં ને, પાણીની કુંડી.
ઝૂંપડાં ને ઝાડી, ખેતર ને વાડી;
ભાક છુક... ભાક છુક દોડી ગાડી.
કૂવા પાછળ બાગબગીચા,
ધોબી ઘાટ, નાનકડી હાટ
ગામમાં મેળા, લોકોનાં ટોળાં;
તૂટેલી ભીંતો, ઘેટાંનાં ટોળાં.
**રેલગાડી રેલગાડી છુક-છુક, છુક-છુક, છુક-છુક-છુક-છુક**
**વચ્ચે આવતા સ્ટેશન બોલે, રુક-રુક, રુક-રુક, રુક-રુક-રુક-રુક**
(હરેન્દ્રનાથ ચટ્ટોપાધ્યાયની હિન્દી કવિતા ‘રેલગાડી’ નો ગુજરાતી ભાવાનુવાદ)




## વિચારો અને કહો :

તમને કવિતા કેવી લાગી ?

- તમે ક્યારેય રેલગાડીમાં મુસાફરી કરી છે? ક્યારે?
- શું રેલગાડી ગમે ત્યાં જઈ શકે? કેમ?
- ‘લોખંડના રસ્તાઓ’ માટે કવિતામાં કયો શબ્દ વપરાયો છે ?

## વાંચો અને લખો :

- રેલગાડી કઈ-કઈ જગ્યાએથી પસાર થઈ હતી? યાદી બનાવો.

| | | |
|---|---|---|
| | | |

- તમે કયાં-કયાં વાહનોમાં મુસાફરી કરી છે ?

| | | |
|---|---|---|
| | | |

## વાંચો અને સમજો :

E7F9H1

વૅકેશનમાં બધાં ફરવા જાય. કોઈ નજીકનાં સ્થળોએ જાય. કોઈ દૂર જાય. કોઈ બસમાં, રેલગાડીમાં કે વિમાનમાં જાય. બીજી કેટલી રીતે મુસાફરી થઈ શકે છે. અહીં, કેટલાંક છોકરાંઓએ તેમની રજા અંગે વાત કરી છે.

હું મારા કાકાને ત્યાં દિલ્લી ગઈ હતી. પહેલાં અમે રેલવે સ્ટેશન જવા માટે  નો ઉપયોગ કર્યો હતો. આ વખતે અમને ખૂબ જ મજા આવી. અમે  માં ગયાં, જે ભૂગર્ભના રસ્તા પર ચાલતી હતી. અમને એ પણ ખબર ન હતી કે  અમારી ઉપરના રસ્તા ઉપર ચાલતી હતી.





મારી ફોઈનાં લગ્ન હતાં. હું ઘણાં સગાં-સંબંધીઓને મળ્યો. ખાવા-પીવા અને રમવા માટે એ ખૂબ જ સરસ સમય હતો. મોટાભાઈ અમેરિકાથી  માં આવ્યા. તેઓ કેટલા દૂરથી આવ્યા ! અમેરિકાથી આવ્યા છતાં અહીં એક દિવસમાં પહોંચી ગયા. ફોઈ જ્યારે  માં જતાં હતાં, ત્યારે ખૂબ જ સુંદર લાગતાં હતાં !

હું મારાં નાનીમાને ત્યાં કેરલ ગઈ હતી. તેઓ જ્યાં રહે છે ત્યાં બધે પાણી જ જોવા મળે છે. અમે સ્ટેશનથી તેઓના ઘર સુધી પહોંચવા  કે  લઈ શકતા હતા. તેને બદલે, અમે તેઓના ઘરે જવા માટે  લીધી. આ થોડું અનોખું લાગ્યું, પરંતુ ખૂબ જ મજા આવી.





અમે રજાઓમાં શિમલા ગયાં.  ત્યાંના વાંકાચૂંકા રસ્તાથી પર્વતો ઉપર જવા લાગી. જ્યારે અમે નીચે જોતા ત્યારે બહુ ડર લાગતો. અમારે શિમલામાં ઘણું ચાલવાનું હતું. મારાં દાદી ખૂબ જ જલદી થાકી જતાં હતાં. અમે દાદીને  પર સવારી કરાવી. હું ક્યારેય થાક્યો નહિ. અહીં ચાલવાનું મને ગમ્યું.

મારાં માસી અને હું એક જ શહેરમાં રહીએ છીએ. અમે ખૂબ જ નજીક રહીએ છીએ. જ્યારે પણ મારે એમના ઘરે જવું હોય. હું ઝડપથી મારી  લઈને ત્યાં પહોંચી જાઉં છું. મા અને છોટુએ નાનીના ઘરે પહોંચવા  લેવી પડતી હોય છે.





હું મારા મામાના ગામડે ગયો. રેલવે સ્ટેશનથી એમના ઘર તરફ કોઈ બસ જતી નથી. તેથી અમે  માં ગયા. ગામડે જવાના રસ્તે અમે લીલાંછમ ખેતર બાજુથી પસાર થયા. મને બળદોનાં ગળામાં બાંધેલી ઘંટડીઓનો અવાજ ખૂબ જ ગમ્યો.

આપણી આસપાસનાં પ્રાણીઓની સાર-સંભાળ રાખવી જોઈએ. આ વિશે ચર્ચા જરૂરી છે.

* કયાં કયાં વાહનોની વાત લખી છે?

## વિચારો અને લખો :

* તમારા ઘરેથી કેવી રીતે જશો? ☐ માં લખો.

તમારું ઘર

બજાર

શાળા

મિત્રના ઘરે

સગાંસંબંધી જે પર્વતો પર રહે છે.

નાનીના ઘરે

નદીકિનારે

દરિયાકિનારે

બાળકોએ તેમના જીવનમાં, ફિલ્મોમાં અને પુસ્તકો વગેરેમાં ઘણાં બધાં વાહનો જોયાં હશે. આ અનુભવો ચર્ચામાં મદદ કરશે.

## યાદ કરો અને લખો :

ચિત્રની સામે વાહનનો ઉપયોગ લખો. જગ્યામાં બીજા વાહનનું ચિત્ર દોરો. વાહન કયાં કામ માટે ઉપયોગમાં લેવાય છે તે અંગે નોંધ કરો.

| વાહન | તેનો ઉપયોગ |
| --- | --- |
|  | |
|  | |
|  | |
|  | |

| વાહન | તેનો ઉપયોગ |
| --- | --- |
|  | |
|  | |
| | |
| | |

વાહનોનાં નામ આપેલાં છે. તેની એકબાજુ વાહનનાં પૈડાંની સંખ્યા લખો. બાજુના ખાનામાં તેના ઉપયોગ અંગે લખો.

| | | |
|---|---|---|
| બસ | | ❖ મુસાફરી કરવા.<br>❖ પ્રવાસ જવા માટે.<br>❖ જાન લઈ જવા માટે. |
| બળદગાડું | બે પૈડાં | |
| રિક્ષા | | |
| મોટરગાડી | | |
| વિમાન | | |
| સાઈકલ | | |



## વિચારો અને કહો :

- અત્યારે કેવાં વાહનોનો ઉપયોગ થાય છે ?
- વીસ વર્ષ પહેલાં કેવાં વાહનો ઉપયોગમાં લેવાતાં હતાં ?
- વાહનો ન હતાં ત્યારે લોકો કઈ રીતે મુસાફરી કરતા હતાં ?



## વિચારો અને લખો :

| તમે કોને પૂછ્યું ? | તેઓનો જવાબ |
|---|---|
| મમ્મી | |
| મિત્ર | |
| કાકા | |
| શિક્ષક | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |

વડીલોની મદદથી મેળવેલી માહિતી, ચર્ચાના આધારે બાળકો વાહનોમાં સમયે-સમયે આવેલાં બદલાવને સમજી શકે છે. તેના માટે જ, પુસ્તકમાં, બાળકોને તેમના દાદા-દાદીને પૂછવા પ્રોત્સાહિત કરવામાં આવે છે. આથી, તેઓ સમય સાથે વાહનોના ઉપયોગમાં થયેલા બદલાવને સમજી શકે.

## તમારી પોતાની રેલગાડી

ખાલી દીવાસળીની પેટીઓનો ઉપયોગ કરો. ચિત્રની મદદથી તમારી રમકડાંની રેલગાડી બનાવો.



જો કોઈ 'છુક-છુક' અવાજ કરે તો તમે તરત જ કહી શકો કે, તે 'રેલગાડી' માટેનો અવાજ છે.

નીચે આપેલા અવાજો પરથી તમે વાહનોનાં નામ કહી શકો ? એક ઉદાહરણ આપવામાં આવેલ છે.

| | | | |
|---|---|---|---|
| છુક-છુક | - રેલગાડી | પીપ-પીપ | - |
| પોમ-પોમ | - | ટપ-ટપ | - |
| ઘરર્-ઘરર્ | - | ટ્રિન-ટ્રિન | - |

- આ વિવિધ વાહનોના અવાજ છે. જો બધાં વાહનો એકસાથે રસ્તા પર દોડતાં હોય તો કેવો અલગ-અલગ અવાજ થાય ? શું ત્યાં ખૂબ જ અવાજ નહિ હોય ?

## વિચારો અને કરો :

- તમે ક્યાં વધારે અવાજ સાંભળ્યો છે ?
- શું તમને વધારે અવાજ પસંદ છે ? કેમ ?

રમકડાંની ટ્રેન બનાવવા દીવાસળીની પેટીના બદલે ટિનના ડબા ઉપયોગમાં લઈ શકાય છે. પૈડાં બનાવવા બોટલનાં ઢાંકણાં અથવા બટનોનો ઉપયોગ કરી શકાય છે.




❖ ચિત્રમાં શું જોઈ શકાય છે ?

❖ તમે ક્યાં-ક્યાં વાહનો જોઈ શકો છો ?

❖ આ બધાં વાહનો કેવાં કામ માટે વપરાય છે ?

ચિત્રની મદદથી તત્કાલીન સેવા માટે ચર્ચાની પહેલ કરી શકાય છે.

**નીચે આપેલા ચિત્રમાં બૉક્સ જુઓ. તેની નીચે આપેલી જગ્યામાં તેમને સાચા ક્રમમાં દોરો અને રંગ પૂરો. તમને શું જોવા મળ્યું ? તેનું નામ લખો.**



જૂથમાં અથવા એકલા આ પ્રકારની પ્રવૃત્તિને તક આપો. આ ચિત્ર દોરાવવા શિક્ષકે માર્ગદર્શન આપવું. જરૂર જણાય તો ચિત્ર દોરવા સીધી મદદ કે સહયોગ કરવાનું રાખવું.

# ૧૨ આપણાં કામ

F2W3Z2




રમેશ કડિયાકામ કરી રહ્યો હતો. દરરોજની જેમ, રમેશ સવારનો નાસ્તો કર્યા પછી ચાની દુકાને પહોંચ્યો. આજે તેનો ભાઈ રાજેશ પણ સાથે હતો. તે ગામડેથી આવ્યો હતો. ચા વાળાએ તેઓને ચા આપી અને કહ્યું, ‘‘લો, આજનું છાપું છે.’’

રાજેશે પૂછ્યું, ‘તમે આખો દિવસ અહીંયાં કેવી રીતે પસાર કરશો ? તમે કંટાળી નહિ જાઓ’ ? રમેશે કહ્યું : ‘‘અરે ના, મારું કામ પણ કરીશ અને જો... આસપાસ કેટલાં બધાં લોકો જુદાં-જુદાં કામ કરે છે.’’




કોઈને ખબર પણ નથી કે સમય ક્યાં જાય છે. પેલાં બાળકોને જુઓ. તે આજે શાળા માટે મોડાં પડ્યાં છે. એટલે એ બધાં દોડે છે. જુઓ, જેમનું ચંપલ તૂટી ગયું છે તે શાળાનાં શિક્ષિકા છે. કદાચ એમને એટલે મોડું થયું હશે. તે જગ્ગુભાઈ પાસે ચંપલ ઠીક કરાવવા જઈ રહ્યાં છે. જગ્ગુભાઈને પણ વહેલી સવારમાં થોડા પૈસા મળી જશે.

પાઠ ભણાવતાં પહેલાં બાળકોને ચિત્રનું અવલોકન કરવાની અને સમજવાની તક આપવી. બાળકોમાં ચિત્રનું અવલોકન કરવાનાં કૌશલ્યોનો વિકાસ થાય એ મહત્ત્વનું છે.

ચંપા ફૂલ ભરેલાં ટોપલા સાથે ત્યાં બેઠી છે. પોસ્ટ ઑફિસમાં કામ કરતી મહિલા તેની પાસેથી દરરોજ ફૂલ ખરીદે છે.

બાંધકામ ફરીથી ચાલુ થઈ ગયું છે. ટ્રકો સામાન લાવી રહી છે. કારીગરો ફરીથી આખો દિવસ કામમાં વ્યસ્ત થઈ જશે.

ત્યાં જુઓ, ડૉક્ટર અને નર્સ એક સાથે દવાખાનામાં જઈ રહ્યા છે.

જુઓ રાયજી તેનાં ફળોની લારી સાથે છે. આ દિવસોમાં તે પોતાની સાથે મમતાને લાવે છે. મમતા ફળો આપવા અને પૈસા ઉઘરાવવા આજુબાજુ દોડે છે.

નાનુ વાળંદે તેની દુકાન ખોલી દીધી છે, પણ એ કોની દાઢી બનાવશે ?

ચાર રસ્તાની વચ્ચે ઈકબાલ સિંઘ ઊભા છે. આખો દિવસ, તેઓ એમની વ્હિસલ વગાડે અને બૂમો પાડે છે - ‘તમારું વાહન અહીંથી ખસેડો. એએ...એ...એ... ઓય તમે મને સાંભળ્યો નહિ... ગાડું દૂર લઈ લો.’

આમ કહી રમેશ પોતાનો ખાલી કપ મૂકીને નજીકની દુકાન તરફ ગયો.

માણસો ચાર રસ્તા ઉપર અને અઠવાડિક બજારમાં કઈ રીતે પોતાની સામગ્રી વહેંચે છે ? અભિનય કરો.



## વિચારો અને લખો :

- ચિત્ર જુઓ અને અલગ-અલગ લોકો શું કામ કરી રહ્યાં છે તે લખો :

V8Y9F2

❖ તમારા પડોશમાં રહેતા લોકો કેવા પ્રકારનાં કામ કરે છે ? કોઈ પણ પાંચ કામનાં નામ લખો. આ કારીગરોને શું કહેવાય છે ?

| કામ | તેઓને શું કહેવાય ? |
| --- | --- |
| કાર અને સ્કૂટરને ઠીક કરતાં | મિકેનિક |
| ______ | ______ |
| ______ | ______ |
| ______ | ______ |
| ______ | ______ |
| ______ | ______ |



નીચે યાદી આપેલ છે. તમે જોયેલાં આ બહુમાળી મકાનો પર ● કરો. તમારા આસપાસના વિસ્તારમાં આવેલાં બહુમાળી મકાનો પર પણ ● કરો.

◯ પોસ્ટ-ઑફિસ ◯ હૉસ્પિટલ ◯ મંદિર

◯ ટેલિફોન બૂથ ◯ શાળા ◯ કૉલેજ

◯ સરકારી કચેરી ◯ ચર્ચ ◯ બહુમાળી મકાન

◯ ધર્મશાળા ◯ હૉટેલ ◯ બસ-સ્ટૅન્ડ

◯ સિનેમા હૉલ ◯ પોલીસ-સ્ટેશન ◯ બૅન્ક

◯ પેટ્રોલ પંપ ◯ દુકાન ◯ ગુરુદ્વારા

◯ મસ્જિદ ◯ રેલ્વે-સ્ટેશન ◯ ન્યાયાલય (કોર્ટ)

## વિચારો અને કહો :

❋ કોઈ પણ પાંચ મકાનનાં નામ અને તેમાં કયાં-કયાં કામ થાય છે તે લખો.

| મકાનનું નામ | થયેલું કામ |
|---|---|
| દવાખાનું | ● દર્દીની સારવાર<br>● બાળકો માટે રસીકરણ |
| ____________ | ____________ |
| ____________ | ____________ |
| ____________ | ____________ |
| ____________ | ____________ |
| ____________ | ____________ |

ચિત્રમાં તમે જોયું કે, નવું મકાન બનાવવા માટે ઘણાં લોકો સાથે કામ કરી રહ્યાં હતાં. શાળા પણ એવી જગ્યા છે, જ્યાં ઘણાં લોકો જોડાયેલાં હોય છે.

❋ શાળામાં કયાં કામ થાય છે તે લખો.

| | |
|---|---|
| ____________ | ____________ |
| ____________ | ____________ |
| ____________ | ____________ |

❋ ચિત્રમાં કોઈ એવાં બાળકો છે જેઓ શાળાએ જતાં નથી ? તેઓ શું કરે છે ?

______________________________

______________________________

## ઘરકામ :

દીપાલી પણ એક એવી જ છોકરી છે, જે શાળાએ જતી નથી. ચાલો તેના વિશે જાણીએ :

દીપાલી એના કુટુંબમાં સૌથી મોટી છે. તેના પિતા શાકભાજી વેચે છે તે શાકના બજારમાં જવા વહેલી સવારમાં જ નીકળી જાય છે. તેની માતા કેટલાંક ઘરનાં વાસણો ધૂએ છે. તે પણ વહેલી સવારમાં કામ માટે નીકળી જાય છે. દીપાલી તેનાં ભાઈઓ અને બહેનો માટે જમવાનું બનાવે છે. તે ઘર સાફ કરે અને વાસણ પણ સાફ કરે. તેને રેડિયો સાંભળવો ખૂબ જ પસંદ છે. તે કામ કરતાં-કરતાં ગીતો સાંભળે છે. કામ કર્યા બાદ તે તેના ભાઈને પિતા પાસે મૂકવા જાય છે, પછી તે તેની નાની બહેનો સુમન અને શૈલાને શાળાએ લઈ જાય છે.



દીપાલી તેની માતાને ઘરનાં કામમાં મદદ કરે છે. બપોરે, તે તેનાં ભાઈ અને બહેનોને ઘરે પાછાં લાવે છે. સાંજે તે પડોશનાં બીજાં બાળકો સાથે રમે છે. તેની માતા સાંજે ઘરે મોડાં આવે છે. દીપાલી તેની માતાને સાંજનું જમવાનું બનાવવામાં મદદ કરે છે. તેના પિતા રાત્રે ખૂબ જ મોડા આવે છે.

રાત્રે દીપાલી પથારીમાં સૂતાં-સૂતાં તેની બહેનની શાળાનું પુસ્તક વાંચવાનું પસંદ કરે છે. તે ધોરણ ૩ સુધી જ ભણી છે. ત્રણ વર્ષ પહેલાં જ્યારે તેના નાના ભાઈનો જન્મ થયો

એટલે તેની સંભાળ રાખવા દીપાલીને ઘરે રહેવું પડ્યું. આ કારણે તે વધારે ભણી શકી નહિ. તેને લાગે છે કે, પુસ્તકો વાંચવાથી તેને જાણવા મળશે. હવે, તે ફરી શાળામાં દાખલ થઈ છે અને નિયમિત શાળાએ જાય છે.

## યાદ કરો અને લખો :

- દીપાલી તેના પોતાના ઘરમાં ક્યાં-ક્યાં કામ કરે છે ?

______________ ______________ ______________

______________ ______________ ______________

- શું તમે પણ ઘરમાં કામ કરો છો ? જો હા, તો ક્યાં-ક્યાં ?

______________ ______________ ______________

______________ ______________ ______________

- ઘરનાં કામ સિવાય બીજાં કોઈ કામ તમે કરો છો ? જો હા તો ક્યાં-ક્યાં ?

______________ ______________ ______________

______________ ______________ ______________

નીચે વિવિધ ક્રિયાઓ આપેલી છે. દિવસના કયા સમયે તમે કઈ ક્રિયાઓ કરો છો તે ઘડિયાળમાં નોંધો.




સવારમાં ઊઠવું




શાળાએ જવું




શાળાએથી પાછા ફરવું




ઘરે ભણવા બેસવું




રમવા જવું




રાત્રે સૂઈ જવું

❖ તમારા ઘરના કયા સભ્યો ઘરનાં કામ કરે છે ? તેઓ કયાં કામ કરે છે ?

| કુટુંબના સભ્યો | તેઓનાં કામ |
|---|---|
| ______________ | ______________ |
| ______________ | ______________ |
| ______________ | ______________ |
| ______________ | ______________ |
| ______________ | ______________ |

ચર્ચા દ્વારા અલગ-અલગ કામ તેનું ચોક્કસ મહત્ત્વ ધરાવે છે. કોઈ પણ કામ સારું અથવા ખરાબ હોતું નથી. જ્યારે ઘરમાં કુટુંબના સભ્યોનાં કામ વિશે વાત કરીએ ત્યારે જાતિનો ભેદભાવ હોવો ન જોઈએ. આ માટે બાળકો સાથે ચર્ચા કરો.

❖ તમારા કુટુંબના કયા સભ્યો પૈસા કમાવાનું કામ કરે છે ?

| કુટુંબના સભ્યો | તેઓનાં કામ |
| --- | --- |
| | |
| | |
| | |
| | |
| | |

તમારા કુટુંબના કયા સભ્યો કામ કરે છે, પરંતુ તેઓને તેના પૈસા મળતા નથી ?

તમારાં દાદા-દાદી પાસેથી જાણો, તેઓ જ્યારે બાળક હતાં ત્યારે કેવાં કામ કરતાં હતાં ?

સરલા તેનાં બાને આ જ પ્રશ્ન પૂછે છે. બાએ જવાબ આપ્યો, ‘‘જ્યારે હું નાની હતી ત્યારે મારે મારા વડીલોને લાકડાં વીણવામાં, છાણાં બનાવવામાં અને છાણથી દીવાલ લીંપવામાં મદદ કરતી હતી. હવે આપણી પાસે સગડી છે, જે ગૅસથી ચાલે છે. આપણાં ઘરની દીવાલો અને છત સિમેન્ટની છે. સરલાને તેના બાએ બાળપણમાં જે કામ કર્યાં, એવાં કોઈ કામ કરવાની જરૂર નથી.



❖ તમે અને તમારા વડીલોએ બાળપણમાં કરેલાં કામ વિશે લખ્યું. એમાં તફાવત છે ?



❖ દીપાલીએ ઘરનું કામ કરવા શાળાએ જવાનું છોડવું પડ્યું. તમારા પડોશમાં પાંચ વર્ષથી ઉપરનાં બાળકો જે શાળાએ જતાં ન હોય, તે શોધી કાઢો.

❖ કોઈ પણ બે બાળક સાથે વાત કરી તેમનું શાળાએ ન જવાનું કારણ શોધો.

❖ આ બાળકને કેવી શાળા ગમે એ અંગે લખો.

પ્રથમ બાળકનું નામ ____________________

શાળાએ ન જવાનું કારણ ____________________

શાળામાં શું ગમે તેની વિગત ____________________

બીજા બાળકનું નામ ____________________

શાળાએ ન જવાનું કારણ ____________________

શાળામાં શું ગમે તેની વિગત ____________________

## લખો :

❖ આ બાળકને શાળામાં આવતા કરવા તમે શું કરશો ?

____________________

____________________

શાળામાં ન ગયેલું બાળક ન હોય, તો આ વખતે ગેરહાજર બાળકની મુલાકાત લેવાનું માર્ગદર્શન આપવું.

# ૧૩ આપણી લાગણીઓની ભાગીદારી !

C1L7Q3

હું સીમા. હું ત્રીજા ધોરણમાં ભણું છું. મને શાળાએથી પાછા આવીને, ઘરમાં બે માણસો સાથે વાતો કરવી ગમે છે. તેઓને મારી વાતમાં મજા પડે છે.

પહેલા વ્યક્તિ મારાં દાદીમા છે. તે હંમેશાં મને સાંભળવા ઉત્સુક હોય છે. હું શાળાએથી આવું તેની તેઓ રાહ જુએ છે. તે ઘરડાં છે. અવારનવાર તેમને પીઠનો દુ:ખાવો રહે છે. મારાં દાદી સરખું જોઈ કે સાંભળી શકતાં નથી. રોજ સવારમાં મારા પિતાજી તેઓને મોટેથી સમાચાર વાંચી સંભળાવે છે. તે બાકીનાં બધાં કામ જાતે કરે છે. જો કોઈ તેમની મદદ કરવાનો પ્રયત્ન કરે તો દાદીમા નારાજ થઈ જાય છે. શાકભાજી સમારવાં દાદીને પસંદ છે. તેઓ કહે છે : ‘‘આજકાલનાં છોકરાં જાણતાં જ નથી કે શાકભાજી કેવી રીતે કપાય ?’’



મને વાતો કરવી ગમે એવી બીજી વ્યક્તિ રવિ છે. તે અમારી સાથે રહે છે. હું તેઓને રવિભાઈ કહું છું. તે મારાં માતાપિતાને ભાઈ-ભાભી કહે છે. મને અમારા સંબંધોની ખબર નથી. પરંતુ તે ઘણા પ્રેમાળ છે. તે હંમેશાં મારા પ્રશ્નોના જવાબ આપવા તૈયાર હોય છે. ‘હું પછી કહીશ’ એમ મને ક્યારેય કહેતા નથી.

રવિભાઈ કૉલેજમાં ભણાવે છે. કૉલેજના વિદ્યાર્થીઓ તેમને ખૂબ જ માન આપે છે. રવિભાઈને સંગીત સાંભળવું ખૂબ જ પસંદ છે. તે નાટકોમાં પણ ભાગ લે છે. તેઓને તેમના મિત્રો સાથે વાત કરવી અને તેઓની સાથે બહાર જવું ખૂબ ગમે છે. તે ખૂબ રમૂજી છે. અમને બધાંને ખૂબ હસાવે છે.



**વિચારો અને કહો :**

- તમારા ઘરમાં કોણ-કોણ છે ?
- ઘરના દરેક સભ્યની વિશેષતા જણાવો.

## સીમાના ભાઈની વાત :

મારા ભાઈ જ્યારે બહાર જાય ત્યારે સફેદ લાકડી રાખે છે. તેમને ઘરમાં ફરતાં જોઈ, કોઈ કહી શકે નહિ કે તેઓ જોઈ શકતા નથી. તેમને તેમનાં બધાં કામ જાતે જ કરવાં ગમે છે. જો કોઈ તેમની ઇચ્છા વિરુદ્ધ તેમની મદદ કરે, તો એમને ગમતું નથી. જ્યારે પણ એમને મદદ જોઈએ, ત્યારે તેઓ મદદ માટે કહે જ છે.

ભાઈના થોડા વિદ્યાર્થીઓ તેમની પાસેથી પુસ્તકો લઈ જાય છે. આ પુસ્તકને વાંચી અવાજ રેકર્ડ કરી ભાઈને આપી જાય છે. રવિભાઈ આ સાંભળે છે. ભાઈ પાસે બીજાં ઘણાં બધાં પુસ્તકો છે. આ પુસ્તકોનાં પાનાં જાડાં અને તેમાં ઊપસેલાં ટપકાંઓની હાર છે. તે ઊપસેલાં ટપકાંઓ ઉપર આંગળીઓ ફેરવીને વાંચે છે.

ઘણી વાર ભાઈ સાથે મજાક કરવા, હું તેમની લાકડી મૂકવાની જગ્યા બદલી નાખું છું. તે અકળાય છે, પરંતુ ગુસ્સો કરતા નથી. કારણ, હું એમની નાની બહેન છું.

હું હજુ ઘરમાં પહોચું, ત્યાં ભાઈ બોલ્યા : ‘‘સીમા, આજે તું ખૂબ જ ખુશ જણાય છે!’’

ભાઈ ફક્ત મને જ નહિ, પરંતુ કુટુંબના બધા સભ્યોને તેમના હલનચલનના અવાજથી ઓળખી જાય છે. તેઓ હલનચલન અને અવાજથી એ પણ કહી શકે છે કે ઘરમાં કોણ ખુશ છે કે નાખુશ.

મેં ભાઈને કહ્યું : ‘‘ભાઈ, આખરે હું ફૂટબૉલની ટીમમાં પસંદ થઈ છું.’’ તેઓએ મને શાબાશી આપી અને પ્રેમથી કહ્યું : ‘‘આજથી તું મને ફૂટબૉલની તાલીમ આપનાર કોચ છે.’’

## વિચારો અને લખો :

- સીમાના પિતા દાદી માટે સમાચારપત્ર મોટેથી વાંચે છે. તમે ઘરડાં માણસોની મદદ કેવી રીતે કરો છો ?

- ઘડપણમાં લોકોને કેવા પ્રકારની મુશ્કેલીઓ પડે છે ?

બાળકો વાર્તામાં રસ લે છે. આ વાર્તાનાં પાત્રોની ચર્ચાથી બાળકોને ઘણી બધી જાણકારી આપી શકાય છે.

❖ રવિભાઈ ઘણી બધી વસ્તુઓ જોયા વગર કેવી રીતે જાણી લેતા હશે ?

---

❖ તમને ક્યારેય લાકડીની જરૂર પડી છે ? ક્યારે ?

---

❖ તમે ક્યારેય વિચાર્યું છે કે, તમને લાકડીની જરૂર ક્યારે-ક્યારે પડી શકે છે ?

---

❖ જે લોકો જોઈ શકતાં નથી, તેમને આપણે કેવી રીતે મદદ કરી શકીએ ?

---

---



## યાદ કરો અને કહો :

શું તમારા કુટુંબના સભ્યોમાં કોઈ એવી વ્યક્તિ છે - જે સાંભળી, બોલી કે જોઈ શકતા ન હોય ? આવી કોઈ વ્યક્તિને તમે જાણો છો ? તેઓને તેમનાં કામમાં અન્ય લોકો કેવી રીતે મદદ કરે છે ?

તમે વાર્તામાં વાંચ્યું કે રવિભાઈ જોઈ શકતાં નથી, પરંતુ તેઓ તેમનાં બધાં જ કામ જાતે કરે છે. તેઓ અલગ પ્રકારનાં પુસ્તકોથી ભણે છે. તેઓ કેવી રીતે તેમનાં કામ કરી શકે છે, તે સમજવા તમારી આંખો બંધ કરો અને આ રમત રમો.



## આંખે પાટા :

જૂથમાં કોઈ એક બાળકને આંખે પાટા બાંધી દો. એક પછી એક બીજાં બાળકો તેની સામે શાંતિથી આવશે. આંખે પાટા બાંધેલ બાળકે બીજાં બાળકોને સ્પર્શ કરીને એ કોણ છે તે કહેવાનું છે. કોઈ પણ અવાજ ન થાય તેનું ધ્યાન રાખવું.

આ રીતે બીજાં બાળકોને પણ એક પછી એક, આંખે પાટો બાંધો. દરેક બાળકને સ્પર્શ કરી બીજું બાળક કોણ છે તેનું અનુમાન કરાવવાનું છે.

---

આપણે બીજાંની મુશ્કેલીઓમાં આપણી જાતને તેમની જગ્યાએ રાખી સારી રીતે સમજી શકીએ છીએ.

## ચર્ચા કરો અને કહો :

- કેટલાં બાળકો બીજાં બાળકોને સ્પર્શ દ્વારા ઓળખી શકે છે ?
- કેટલાં બાળકો બીજાં બાળકોને ફક્ત સાંભળીને ઓળખી શકે છે ?
- સામેની વ્યક્તિને ઓળખવા તમને આ બેમાંથી શું સરળ લાગે છે ?

## વિચારો અને કહો :

- તમારા મોંમાં કેટલા દાંત છે ?
- વર્ગમાં કયા બાળકને સૌથી વધારે દાંત છે ?
- તમે ફક્ત સ્પર્શ દ્વારા કેટલી વસ્તુઓ ઓળખી શકો છો ?
- કયા માણસોને તમે તેઓના ચાલવાના અવાજ દ્વારા ઓળખી શકો છો ?
- તમે સુગંધ દ્વારા કોઈ વ્યક્તિ તમારી નજીકમાં છે, એ અનુમાન કરી શકો ?
- તમારી આંખો બંધ કરો અને સાંભળો. તમને કયો અવાજ સંભળાય છે ?

જે લોકો જોઈ શકતાં નથી, તેઓના માટે વાંચવાની ને લખવાની એક વિશેષ રીત છે. તેને **બ્રેઈલ લિપિ** કહે છે. તે જાડા પેપર ઉપર ઊપસેલાં ટપકાંઓની હારથી લખેલી હોય છે. બ્રેઈલ લિપિ ઊપસેલાં ટપકાંઓ ઉપર આંગળી ફેરવીને વાંચવામાં આવે છે.

J3D8E7

**આટલું કરો :** જોયા વગર આકાર ઓળખવો સરળ છે કે મુશ્કેલ છે ?

એક કાચપેપર લો. તેના ઉપર જાડું ઊન અથવા જાડો દોરો દબાવી આકાર બનાવો. આ આકાર ઉપર મિત્રને આંખો બંધ કરી, કાગળ ઉપર હાથ ફેરવવા કહો. આ રીતે આકારની ઓળખ સરળ છે કે મુશ્કેલ ? તમારા મિત્રને પૂછો.

- તમારા મિત્રને આ જ રીતે કાગળ ઉપર આકાર બનાવવા કહો. હવે તમે તમારી આંગળીઓથી તે ઓળખો.

કાગળનો જાડો ટુકડો લો. તેના ઉપર સોય અથવા પેન્સિલની મદદથી લીટી બનાવો. લીટી ઉપર નાના અંતરે બિંદુઓ બનાવો. તમે જોઈ શકો છો કે, કાગળ પાછળની બાજુ ઊપસી આવશે. હવે, તમારા મિત્રને આંખો બંધ કરી અને તેના ઉપર આંગળી ફેરવી તમે કયો

આકાર બનાવેલ છે તે જણાવવા કહો. આ રીતે આકારની ઓળખ સરળ છે ?

વિચારો, જે લોકો જોઈ શકતાં નથી, તેઓ કેવી રીતે વાંચી શકતાં હશે ?

## ચાલો, બ્રેઈલ લિપિ વિશે જાણીએ :

તમે જોયું કે, રવિભાઈ વિશેષ પ્રકારનાં પુસ્તકો વાંચે છે. આ પુસ્તકો કેવી રીતે બને છે ? આ પુસ્તકોનો સૌપ્રથમ વિચાર કોણે કર્યો ? આપણે તેના વિશે જાણીએ.






બોલવા ઉપરાંત અભિનય કે ઈશારા દ્વારા આપણે સંવાદ કરીએ છીએ.
વર્ગમાં બોલ્યા વગર વાત કરવાની પ્રવૃત્તિનું આયોજન કરવું.

લુઈસ બ્રેઈલ ફ્રાન્સના હતા. તેઓ જ્યારે ત્રણ વર્ષના હતા ત્યારે તે તેમના પિતાજીનાં ઓજાર સાથે રમત કરતા હતા. એકાએક, કોઈ અણીદાર સાધન તેમની આંખોને વાગ્યું. તેમણે આંખો ગુમાવી. લુઈસ બઈલને ભણવામાં ખૂબ જ રસ હતો. દેખાતું ન હતું છતાંય તેમણે હાર ન માની. તેઓ વાંચવા અને લખવા માટે અલગ-અલગ રીતે વિચારવા લાગ્યા. તેઓને જણાયું કે, સ્પર્શ અને અનુભવથી વાંચી શકાય છે. આખરે તેઓને રસ્તો મળ્યો. વાંચવા, લખવાની આ રીતને **બ્રેઈલ લિપિ** તરીકે ઓળખીએ છીએ.

આ પ્રકારની લિપિમાં જાડા કાગળ ઉપર ઊપસેલાં ટપકાંઓની હાર બનાવવામાં આવે છે. તેના પર આંગળી ફેરવી વાંચી શકાય છે. આ લિપિ છ ટપકાંઓ પર આધારિત છે. બ્રેઈલ લિપિમાં હાલના સમયે ઘણા ફેરફાર થઈ રહ્યા છે. આનાથી વાંચવું અને લખવું સરળ બનશે. બ્રેઈલ હવે કમ્પ્યૂટરની મદદથી પણ લખી શકાય છે.

---

જો તમે બાળકોને બ્રેઈલ લિપિમાં લખાયેલું સાહિત્ય બતાવો તો તેઓ વધુ સારી રીતે સમજી શકશે.

# ૧૪ આપણો ખોરાક

W5U5U8

વેણુનું કુટુંબ



રાણીનું કુટુંબ



## જુઓ અને કહો :

આપેલા બે કુટુંબનાં ચિત્રો જુઓ.

- બંને કુટુંબમાં લોકો કેવા પ્રકારનાં કામ કરે છે ?
- શું તમારું કુટુંબ પણ આ બંનેમાંથી કોઈ એક જેવું છે ?

જો હા, તો તમારું કુટુંબ કોના જેવું છે ? તમારું કુટુંબ તેમના જેવું કેવી રીતે છે ?

જાતિ, ધર્મ કે લિંગના ભેદભાવ વગર એકબીજાની લાગણીને દુ:ખ ન પહોંચે એ રીતે ઘરના સભ્યો તેમનું કામ અને ખોરાક જેવા મુદ્દાને ધ્યાનમાં રાખી ચર્ચા કરવી.

 

## વિચારો અને લખો :

- તમારા કુટુંબના બધા સભ્યો સાથે જમે છે ? જો ના, તો કેમ ?

______________________________________________

______________________________________________

- તમે રસોઈકામમાં કઈ-કઈ મદદ કરી શકો છો ?

______________________________________________

- કુટુંબમાં રસોઈકામમાં કોણ મદદ કરતું નથી ? કેમ ?

______________________________________________

______________________________________________



## પૂછો અને લખો :

- અહીં કેટલાંક કામ જણાવેલાં છે. તમારા ઘરમાં અને તમારા મિત્રના ઘરમાં તે કામ કોણ કરે છે તે પૂછો અને નોંધ કરો. તમે પણ યાદીમાં બીજાં કામ ઉમેરી શકો છો.

| કામ | કામ કોણ કરે છે | |
|---|---|---|
| | તમારા ઘરમાં | તમારા મિત્રના ઘરમાં |
| રસોઈ બનાવવી | ____________ | ____________ |
| બજારમાંથી વસ્તુઓ લાવવી | ____________ | ____________ |
| કચરો વાળવો | ____________ | ____________ |
| વાસણો સાફ કરવાં | ____________ | ____________ |
| પાણી ભરવું | ____________ | ____________ |
| ____________ | ____________ | ____________ |
| ____________ | ____________ | ____________ |
| ____________ | ____________ | ____________ |

## આપણે ખાઈએ છીએ, તે ખોરાક ક્યાંથી આવે છે ?

D2X4Y9

નીચે કેટલીક વાનગીઓનાં નામ આપ્યાં છે. થોડાં વધારે નામ યાદીમાં ઉમેરો. જે વસ્તુ છોડ, વૃક્ષ અને વનસ્પતિમાંથી મળે છે, ત્યાં 🟢 કરો. જે વસ્તુ પ્રાણીઓમાંથી મળે છે ત્યાં ⚫ કરો.

| | | | |
|---|---|---|---|
| મધ ○ | હળદર ○ | માછલી ○ | ________ ○ |
| મકાઈ ○ | દૂધ ○ | લીંબુ ○ | ________ ○ |
| પાલક ○ | બટાટા ○ | અજમો ○ | ________ ○ |
| ઈંડાં ○ | માંસ ○ | કેળાં ○ | ________ ○ |
| ટામેટાં ○ | ડુંગળી ○ | ________ ○ | ________ ○ |

## વિચારો અને લખો :

તમે જ્યારે બીમાર પડો ત્યારે વનસ્પતિમાંથી બનતી દવા લો છો ?

જ્યારે -

- ઈજા થાય ત્યારે ________
- પેટમાં દુખાવો હોય ત્યારે ________
- શરદી અને ઉધરસ હોય ત્યારે ________
- દાંતમાં દુખાવો હોય ત્યારે ________

બાળકોને તેમની નજીકના પર્યાવરણમાંથી મળતી વનસ્પતિઓ અને જે દવાના ઉપયોગમાં લેવાય છે તે ઓળખવામાં મદદ કરો. આ પ્રવૃત્તિ તેમના ઔષધીય વનસ્પતિનું પરંપરાગત જ્ઞાન વધારવામાં મદદ કરશે.

દરેક ટોપલા માટે સાચી વસ્તુ પસંદ કરો અને જોડવા માટે રેખા દોરો.




ખોરાક તરીકે વપરાતા વનસ્પતિના કેટલાક ભાગ સ્વાધ્યાયમાં આપેલ છે. ચર્ચા દરમિયાન યાદીમાં વધારે નામો ઉમેરી શકાય છે.

# માટીની મજા

K9E2I1

એક હતું કોઠીંબું.
તે વાડ્યે વાડ્યે દોડતું જતું હતું.
ત્યાં એક કાગડો ઊડતો ઊડતો આવ્યો.
કોઠીંબાને જોઈને કાગડાને તે ખાવાનું મન થઈ ગયું.
કાગડો જ્યાં ચાંચ લાંબી કરીને કોઠીંબાને ખાવા જાય ત્યાં તો કોઠીંબું કહે :
‘‘બાપુ! આવી ગંદી ચાંચે મને ન ખવાય. ક્યાંકથી પાણી લઈ ધોઈ આવો.’’
કાગડો તો ચાંચ ધોવા કૂવા પાસે ગયો. જઈને કૂવાને કહે :



**‘‘કૂવા, કૂવા, કૂવાદેવા!**
**આંગણ આવ્યા કાગદેવા.**
**આલો પાણીડાં,**
**ધોઉં ચાંચૂડી**
**ખાઉં કોઠીંબું ,**
**બડુક બડુક લાગે.’’**

કૂવો કહે : ‘‘પાણી જોઈતું હોય તો કુંભારને ત્યાંથી ઘડુલો લઈને આવ ને પાણી સીંચી લે.’’
કાગડો તો ઊડતો-ઊડતો કુંભારવાડે ગયો. જઈને કુંભારને કહે :

P9V6X6



"કુંભાર, કુંભાર, કુંભારદેવા!
આંગણ આવ્યા કાગદેવા.
આલો ઘડૂલો
સીંચું પાણીડાં,
ધોઉં ચાંચૂડી,
ખાઉં કોઠીંબું,
બડુક બડુક લાગે."



કુંભાર કહે : "માટી લાવ તો રૂપાળો ઘડૂલો ઘડી દઉં."

એટલે કાગડો ગયો ટીંબા પાસે. જઈને ટીંબાને કહે :

"ટીંબા, ટીંબા, ટીંબાદેવા!
આંગણ આવ્યા કાગદેવા.
આલો માટુડી
આપું કુંભારને,
ઘડે ઘડૂલો,
સીંચું પાણીડાં,
ધોઉં ચાંચૂડી,
ખાઉં કોઠીંબું,
બડુક બડુક લાગે."

ટીંબો કહે : "મરગલાની શિંગડી લઈને ખોદી લે. ના કોણ પાડે છે?"



કાગડો તો ઊડતો-ઊડતો ગયો મરગલા પાસે.

મરગલાને કહે :

"મરગ, મરગ, મરગદેવા!
આંગણ આવ્યા કાગદેવા.
આલો શિંગલડી,
ખોદું માટુડી,
દઉં કુંભારને,
ઘડે ઘડૂલો,
સીંચું પાણીડાં,
ધોઉં ચાંચૂડી,
ખાઉં કોઠીંબું,
બડુક બડુક લાગે."



મરગ કહે : "મને ડરાવીને મારું શિંગડું લઈલે; કૂતરાને બોલાવી આવ એટલે તે મને ડરાવશે ."

કાગડાભાઈ તો કૂતરા પાસે ગયા, ને કહે :

"કુત્તા, કુત્તા, કુત્તાદેવા!
આંગણ આવ્યા કાગદેવા.
ડરાવી મરગલા,
લઉં શિંગલડી,
ખોદું માટુડી,
આપું કુંભારને,
ઘડે ઘડૂલો,
સીંચું પાણીડાં,
ધોઉં ચાંચૂડી,
ખાઉં કોઠીંબું,
બડુક બડુક લાગે."



કૂતરો કહે : "ભાઈ! હું બહુ ભૂખ્યો છું માટે ગાયનું દૂધ લાવી દે તો દૂધ પીને હરણ ડરાવવા જાઉં."

કાગડો ગાય પાસે ગયો. જઈને કહે :

બાળકો વાર્તાની રચનાથી ઘટના ક્રમને સમજે અને માણે. તેમને સર્જનાત્મક અભિવ્યક્તિની તક પૂરી પાડો અને તેઓને પ્રવૃત્તિ તેમના હાથે કરવા પ્રોત્સાહિત કરો.

"ગવરી, ગવરી, ગવરીદેવા!
આંગણ આવ્યા કાગદેવા.
આલો દૂધલડાં,
પાઉં કુત્તલાં,
ડરાવે મરગલા,
લઉં શિંગલડી,
ખોદું માટુડી,
આપું કુંભારને,
ઘડે ઘડૂલો,
સીંચું પાણીડાં,
ધોઉં ચાંચૂડી,
ખાઉં કોઠીંબું,
બડુક બડુક લાગે."

ગાય કહે : "હું બહુ ભૂખી છું. મને સારી પેઠે ખડ ખવરાવીને દૂધ દોઈ લે."

પછી કાગડો સીમમાં ખડ લેવા ગયો. જઈને સીમને કહે :

"સીમ, સીમ, સીમદેવા!
આંગણ આવ્યા કાગદેવા.
આલો ખડલાં,
નીરું ગવરીને,
દોઉં દૂધલડાં,
પાઉં કુત્તલાં,
ડરાવે મરગલા,
લઉં શિંગલડી,
ખોદું માટુડી,
આપું કુંભારને,
ઘડે ઘડૂલો,
સીંચું પાણીડાં,
ધોઉં ચાંચૂડી,
ખાઉં કોઠીંબું,
બડુક બડુક લાગે."

સીમ કહે : "ભાઈ લુહારને ત્યાંથી દાતરડું લઈ આવ અને ખડ વાઢી લે."

કાગડો તો લુહાર પાસે ગયો. જઈને લુહારને કહે:

"લુહાર, લુહાર, લુહારદેવા!
આંગણ આવ્યા કાગદેવા.
આલો દાતરડાં,
વાઢું ખડલાં,
નીરું ગવરીને,
દોઉં દૂધલડાં,
પાઉં કુત્તલાં,
ડરાવે મરગલા,
લઉં શિંગલડી,
ખોદું માટુડી,
દઉં કુંભારને,
ઘડે ઘડૂલો,
સીંચું પાણીડાં,
ધોઉં ચાંચૂડી,
ખાઉં કોઠીંબું,
બડુક બડુક લાગે."

K4Y1P1

લુહાર કહે : "લે આ દાતરડું."

કાગડો દાતરડું લઈને સીમમાં ગયો; ત્યાંથી ખડ લઈને ગાયને ખવરાવ્યું ને પછી દૂધ લઈને કૂતરાને પાયું; કૂતરો મરગલાને ડરાવવા દોડ્યો એટલે તેણે શિંગડું આપી દીધું; કાગડે શિંગડું લઈ ટીંબેથી માટી લીધી અને કુંભાર પાસેથી ઘડૂલો લીધો, પછી કૂવામાંથી પાણી કાઢીને પોતાની ચાંચ ધોઈ નાખીને કોઠીંબું ખાધું.

## વિચારો અને લખો :

❖ કાગડાને ઘડો શા માટે જોઈતો હતો ?

❖ કાગડાને ઘડો બનાવવા કોણે-કોણે મદદ કરી ?

❖ કુંભારને ઘડો બનાવવા કઈ-કઈ ચીજવસ્તુઓની જરૂર પડી ?

❖ શું તમારા ઘરે માટીમાંથી બનાવેલાં વાસણો છે ? ક્યાં-ક્યાં છે ?

તમને જો કોઈ માટી આપે તો તમે માટીમાંથી વાસણો બનાવી શકો ?

## માટીની વાટકી :

માટી ભીની કરો. તેમાંથી મોટો પીંડ બનાવો. તમારા અંગૂઠાનો ઉપયોગ કરી પીંડને વચ્ચેથી દબાવી ખાડો બનાવો. હવે તે વાટકી જેવું લાગશે. તેને સુકાવા દો. પછી તેને સજાવો. તમને જે વસ્તુઓ પસંદ હોય તે વાટકીમાં મૂકો.



## ❖ માટીમાંથી કટોરો



માટીમાં પાણી ઉમેરી ગૂંદો બનાવો. પાણી સાથે ભેળવેલી થોડી માટી બાજુ પર રાખો. તે બે ગૂંદેલી માટીને જોડવા ગુંદર જેવું કામ કરશે.

થોડી ગૂંદેલી માટી લો અને રોટલીની જેમ પાતળી વણો. એ કટોરાનું તળિયું થશે. બાકી વધેલી માટીનો ભાગ સાપની જેમ વણો. ચિત્રમાં બતાવ્યા મુજબ ઘડો બનાવવા આ માટીના બનાવેલ સાપને તળિયા સાથે ચોંટાડો.



## વિચારો અને કહો :

## ❖ માટીનો ઘડો



- ❖ તમે આ ઘડામાં આખી રાત પાણી ભરી રાખશો તો શું થશે ?
- ❖ આપણે શાળામાં અને ઘરમાં માટીના ઘડામાં પાણી રાખીએ છીએ. આ ઘડા પાણીથી કેમ બગડી જતા નથી ?
- ❖ તમે ઈંટો કે ઘડાને ભઠ્ઠીમાં શેકાતા જોયાં છે ?

જ્યારે માટીમાંથી ઘડા બનાવતા હોય ત્યારે બાળકોનાં કપડાં ગંદાં થશે, પરંતુ તેઓને 'પ્રવૃત્તિ' દ્વારા શીખવામાં મજા આવશે.

❖ પહેલાં ઘડા ન હતા, ત્યારે પાણી ભરવા સૌ શું કરતા હશે ?

## વિચારો અને લખો :

❖ દુનિયામાંથી બધા ઘડા ગાયબ થઈ જાય તો...

## શું તમે જાણો છો ?

વર્ષો પહેલાં એવો સમય હતો જ્યારે લોકો પાસે ઘડા ન હતા. તેઓએ ખોરાક રાંધવાનું અને સંગ્રહ કરવાનું ચાલુ કર્યું. ઘણા પ્રયત્નો અને વિચારો પછી લોકો ઘડા બનાવતા શીખ્યા. શરૂઆતમાં ઘડા પથ્થરો અને માટીમાંથી બનાવાયા હતા. લોકોએ પથ્થરમાંથી ઘડા ખોદકામ કરીને અને પથ્થરને હાથ વડે કોતરીને બનાવ્યા. તેઓએ માટીના ઘડા, માટી ભીની કરી તેના પીંડને હાથ વડે આકાર આપી બનાવ્યા. લોકોએ એવું પણ શોધી કાઢ્યું કે, માટીના ઘડાને સખત બનાવવા આગમાં પકવી શકાય.

# મારું ઘર

૧૯

U7H3T5

મારું નામ નસીમ છે. હું શ્રીનગરમાં રહું છું. ગઈ કાલથી અમારી શાળામાં ઘણી બધી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. તે અઠવાડિયા સુધી ચાલવાની છે. અમારી શાળામાં કૅમ્પ છે એટલે આવું આયોજન છે. બાળકો બીજી જગ્યાએથી પણ કૅમ્પ માટે અહીં આવ્યાં છે. બધાંને રહેવા માટે મેદાનમાં તંબુ બાંધ્યા છે.



અમે શાળા ખૂબ જ સુંદર રીતે શણગારી છે. કેટલાંક બાળકોએ કપડાંના ટુકડામાંથી બારણાંનાં તોરણ બનાવ્યાં. કેટલાંકે બદામનાં ફોતરાંનો ઉપયોગ કરી સુશોભન કર્યું. કેટલાંકે સૂકાં પાંદડાં અને લાકડાંનાં વહેરનો ઉપયોગ કરી રંગોળી બનાવી.

K7Q4J8

મકાનોમાં વિવિધતા બતાવવા, ઉદાહરણોમાં અસમ, રાજસ્થાન, દિલ્લી અને પર્વતીય પ્રદેશોનો ઉપયોગ થયો છે. જો બાળકો મકાનોનાં માળખાં, મકાનો કેવી આબોહવાને અનુરૂપ બાંધવામાં આવ્યાં છે, તે જાણતા હોય તો સારી રીતે સમજી શકે છે.

આજે કૅમ્પનો પ્રથમ દિવસ છે. અમે બધાં ખૂબ ખુશ છીએ. સવારમાં અમે બધાં ભેગાં મળીને મેદાનમાં વર્તુળ બનાવી બેઠાં હતાં. દરેકે પોતાનો પરિચય આપવાનો હતો. પોતે ક્યાંથી આવ્યાં અને પોતાને શું ભાવે તેની વાત કરવાની હતી. બધાં બાળકો તેમના કુટુંબના અને ઘરના ફોટા લાવ્યા હતાં. દરેકે પોતાના ઘર વિશે વાત કરી. ભુપેનના જૂથનો પહેલો જ વારો હતો.



**ચર્ચા :**

**ભુપેને પોતાનો પરિચય આપ્યો અને કહ્યું :**

વાંસ કે લાકડાંના ઘરમાં રહેનારને શું ધ્યાન રાખવું પડે ?




❖ ભુપેન જ્યાં રહે છે, ત્યાં ઘર કેમ વાંસના થાંભલા પર બનાવાય છે ?

❋ ભુપેનના ગામનાં ઘરનાં છાપરાં કેવાં હોય છે ? તે કેમ એવાં બનાવવામાં આવે છે ?

❋ આ ઘરમાં પ્રવેશ કરવા શું કરવું પડતું હશે ?



**ચર્ચા :**

❋ ભુપેનના ઘરમાં રાત્રે દાદર કેમ લઈ લેવામાં આવતો હશે ?

❋ પથ્થરના ઘર બનાવવામાં શું અગવડ પડે છે ?

**હવે, ચમેલીનો વારો આવ્યો. તેણીએ કહ્યું :**



❋ ચમેલીનું ઘર કયા વિસ્તારમાં છે ?

❋ ચમેલી અને ભુપેનનાં ઘરનાં છાપરાંમાં શું સમાનતા છે ?

❋ આ વિસ્તારમાં છાપરાં કેવી રીતે ઉપયોગી છે ?

**ચર્ચા :**

❋ પાકા મકાનમાં રહેવાથી કયા-કયા લાભ થાય છે ?

**મિતાલી અને અનુજે કહ્યું :**

મિતાલી અને અનુજ રાજકોટથી આવ્યાં છે. તેઓએ દરેકને રાજકોટનાં ચિત્રો બતાવ્યાં. એક ચિત્રમાં ઊંચી બિલ્ડિંગો જોઈ, ભુપેને કહ્યું : ‘‘ઓહ ! કેટલાં ઊંચાં મકાન, તમે લોકો કેવી રીતે ચડો છો ?’’



આ મકાનો જુઓ અને શોધો કે તમારા વિસ્તારનાં મકાનો જેવાં મકાનો છે ?

બહુમાળી મકાનોમાં ઉપર જવા માટે શું વ્યવસ્થા હશે ?

નવી દિલ્લી એ ભારતનું પાટનગર છે. નગરો અને ગામડાઓમાંથી લોકો દિલ્લી જેવાં મોટાં શહેરોમાં કામની શોધમાં આવે છે. આ લોકો શહેરમાં સ્થાયી થાય છે. અહીંયાં ઘણાં લોકો ખૂબ જ ઓછી જગ્યામાં રહે છે. ઘણા લોકો પાસે મકાન જ હોતાં નથી. તેઓ ઝૂંપડપટ્ટીમાં રહે છે. કેટલાંકની પાસે ઘર પણ હોતું નથી. આવા માણસોને જ્યાં જગ્યા મળે ત્યાં સૂઈ જાય - રોડ પર, ફૂટપાથ પર, સ્ટેશન પર...

**ચર્ચા :**

- માટીના મકાનમાં રહેનારે શું-શું ધ્યાન રાખવું પડે ?

**કાશીરામે બધાંને કહ્યું :**




ઘર વગરના માણસોની મુશ્કેલીઓની ચર્ચા બાળકો કરતાં હોય, ત્યારે એ ચર્ચા ખૂબ જ સંવેદનશીલતાથી થાય એ ખૂબ મહત્ત્વનું છે.

તેવી જ રીતે, બધાં જૂથોએ પોતાના ઘર-મકાનો વિશે કહ્યું. પરિચય પછી સાંસ્કૃતિક કાર્યક્રમ ચાલુ થયો. બાળકોએ જુદાં-જુદાં નૃત્યો રજૂ કર્યાં. તેઓએ પોતાની ભાષામાં લોકગીતો રજૂ કર્યાં. દરેકને બદામ અને ઇલાયચી સાથે કશ્મીરનું પીણું 'કાહવા' અપાયું. અમે ખૂબ જ મજા માણી.

સાંજે અમે દાલસરોવર ગયાં. અમે નાવડીમાં બનાવેલું ઘર (હાઉસબૉટ) જોયું. અમે શિકારામાં બેઠાં અને તેને પાણીમાં ચલાવવા કેટલાંક બાળકોએ હલેસાં માર્યાં. અમે વાદળો, પર્વતો વચ્ચે ચાર ચિનાર જોયાં





❇ હાઉસબૉટ બીજાં મકાનોથી કેવી રીતે અલગ છે ?

________________________________

________________________________

________________________________

❇ શું તમને એવા ઘરમાં રહેવું ગમે ? કેમ ?

________________________________

________________________________

________________________________

## ચિત્રો જુઓ અને જોડો :



ઝૂંપડી



બરફનું ઘર (ઈગ્લુ)



તંબુ



ભૂંગો



હાઉસબોટ



બહુમાળી મકાન

| તમે જોયેલાં ઘર અહીં દોરો. |
| --- |
| |
| |
| |
| |

❖ તમારું ઘર જે વસ્તુથી બનેલું હોય તેના પર ✓ કરો.

| ઘાસ | છાણ | લાકડું | સિમેન્ટ | કૅનવાસ | લોખંડ |
|---|---|---|---|---|---|
| | | | | | |

| પ્લાસ્ટિક | ચૂનાના પથ્થર | વાંસ | ઈંટો | કાચ | પથ્થર |
|---|---|---|---|---|---|
| | | | | | |

તમારા પડોશમાં ઘરો જુઓ. તે શાનાં બનેલાં છે ? યાદી બનાવો.

_______________ _______________ _______________ _______________

_______________ _______________ _______________ _______________

❖ ઘર બનાવવા વપરાતી વસ્તુઓના નમૂનાનો સંગ્રહ કરો.

## ચાલો, ઈંટ બનાવીએ :

માટી એકઠી કરો. તેમાં પાણી ઉમેરી માટી ગૂંદો. ખાલી દીવાસળીની પેટી ભરો અને દબાવો. સુકાય ત્યાર બાદ કાઢી લો. તમારી નાની ઈંટ તૈયાર છે.

તમારી બનાવેલી ઈંટોને રંગ કરો. તેમના પર તમારું નામ લખો. બધી ઈંટો રંગીન ઘર બનાવવા ઉપયોગમાં લો. આ ઘરના છાપરાને સજાવો.

- જુદા-જુદા પ્રકારનાં ઘરનાં ચિત્રોનો સંગ્રહ કરો અથવા દોરો. એક સુંદર ચાર્ટ બનાવવા તેનો ઉપયોગ કરો. તમારા વર્ગખંડમાં મૂકો.

સ્થાનિક ઉપલબ્ધ વસ્તુઓનો સંગ્રહ કરી બાળકો ઘર બનાવવા માટે કઈ વસ્તુઓ જોઈએ તેના વિશે સારી રીતે સમજી શકશે.

W4F3X3

# ૧૭ પત્રનો પ્રવાસ




હું પત્ર છું. મને શામીરાએ તેના મિત્ર સલમાનને પેન વડે લખ્યો છે. મને ટપાલપેટીમાં મૂકવામાં આવ્યો. ટપાલીએ મને બહાર કાઢ્યો. મને બૅગમાં મૂક્યો. ટપાલીની સાઈકલ ઉપર સવારી કરીને હું પોસ્ટ-ઑફિસ પહોંચ્યો. ત્યાં મને બૅગમાંથી બહાર કાઢવામાં આવ્યો અને મારા ઉપર સખત છાપ પાડવામાં આવી. છાપ વડોદરાની હતી, જ્યાંથી મારી સફર શરૂ થઈ.

મારા ઉપર છાપ લાગ્યા પછી મને મોટી બૅગમાં મૂક્યો. આ બૅગમાં બીજા ઘણા પત્રો હતા, બધા અમદાવાદના હતા. લાલ રંગની ટપાલવિભાગની ગાડીએ મને રેલવે-સ્ટેશન ઉતાર્યો. ત્યાંથી મને અમદાવાદની ટ્રેન મળી.

એક દિવસની યાત્રા પછી, હું અમદાવાદ પહોંચ્યો. સરનામા પર લખેલા વિસ્તાર મુજબ મને અલગ કરવામાં આવ્યો. અહીં મારા પર બીજી છાપ પાડવામાં આવી. છેવટે, ટપાલીએ મને સલમાનના ઘરે પહોંચાડ્યો.

નીચે ચિત્રોમાં પત્રની મુસાફરી આપેલ છે. અહીં ચિત્રો ક્રમ મુજબ નથી. તેને યોગ્ય ક્રમમાં ગોઠવવા, વર્તુળમાં ક્રમાંક લખો.



શામીરાએ સલમાનને પત્ર લખ્યો. વર્ગમાં તમારા મિત્રને પત્ર લખો. તમારા મિત્રનું નામ લખવું ભૂલશો નહિ.

દરેકે પત્ર લખ્યો, પરંતુ તે આપણે ક્યાં પોસ્ટ કરવો ?

### વર્ગ માટે ટપાલપેટી બનાવો :

- એક ખાલી ખોખું લો.
- તેને લાલ રંગ કરો અથવા લાલ રંગનો કાગળ ચોંટાડો.
- ખોખાના કવર ઉપર કાતરની મદદથી કાપો કરો. પત્ર નાખી શકાય એટલો કાપો ખોખા ઉપર હોવો જોઈએ.

### હવે, ટપાલપેટી તૈયાર છે !

તમારો પત્ર ટપાલપેટીમાં નાખો. તમારા મિત્રએ તમને લખેલા પત્રની રાહ જુઓ.

એક બાળક ટપાલી બનશે. તે ટપાલપેટીમાંથી પત્રો લઈ લેશે અને બધાં બાળકોને વહેંચશે.

શું તમે તમારા મિત્રના પત્રને વાંચી મજા માણી ?

જેવી રીતે તમે તમારા મિત્રને પત્ર લખ્યો, તેવી જ રીતે તમારા મિત્રો અને સગાં-સંબંધીઓએ પણ તમને પત્રો લખ્યા જ હશે. થોડા પત્રો ઘરેથી લઈ આવો. જુઓ કેટલા અલગ પ્રકારના પત્રો છે !



- આ પત્રોમાં તમે શું અલગ જોયું ?
- કયા-કયા પત્રો પર ટિકિટ છે ?
- શું બધી ટિકિટ એક જેવી છે ? શું અલગ છે ?
- શું તમે પત્ર પર પોસ્ટ-ઑફિસનો સિક્કો જોયો ?

---

બાળકો તેમના મિત્રોને લખેલા પત્રના સમાચાર એકબીજાને જણાવી મજા માણશે. તેઓને પત્રો લખવા પ્રોત્સાહિત કરો. અલગ-અલગ પ્રકારના પોસ્ટની ટિકિટનો સંગ્રહ કરો. પૃષ્ઠ૧૧૪, ઉપર એક મહિલા પોસ્ટ-ઑફિસમાં કામ કરતી બતાવી છે. કુટુંબ અને સામાજિક રીતે ચર્ચા કરી જાતિની વ્યાખ્યા કરો.

જુદા-જુદા પ્રકારની સ્ટેમ્પ (ટપાલની ટિકિટ) સંગ્રહ કરી અને નીચે લગાવો :

| | | |
|---|---|---|
| | | |
| | | |
| | | |

પોસ્ટ-ઑફિસમાંથી મળતી હોય તેવી વસ્તુઓને ઓળખો અને તેનું નામ લખો.

| | | |
|---|---|---|
|  |  |  |
| | | |
|  |  |  |
| | | |

નીચે આપેલા પોસ્ટકાર્ડમાં તમારું પૂરું સરનામું લખો :




## વિચારો અને લખો :

શામીરાનો પત્ર વડોદરા ટ્રેન દ્વારા પહોંચ્યો. જ્યારે ટ્રેન ન હતી ત્યારે પત્રો કેવી રીતે પહોંચતા હશે? ચર્ચા કરો.

- પોસ્ટ-ઑફિસમાં શું-શું જોવા મળે છે ?

- શું પોસ્ટકાર્ડ લખીને વિદેશમાં સંદેશ પહોંચાડી શકાય ?

- પોસ્ટ-ઑફિસમાં બીજાં કયાં-કયાં કામ થાય છે ?

H6F8A9

## પોસ્ટ-ઑફિસની મુલાકાત :

નજીકની પોસ્ટ-ઑફિસની મુલાકાત લો. ત્યાં પત્રો કેવી રીતે આવે છે અને ત્યાંથી કેવી રીતે જાય છે તે નિહાળો. બીજું ત્યાં કયું કામ થાય છે ?

જૂના સમયમાં પત્રો કેવી રીતે પહોંચતા હતા, તે બાળકોને થોડા ઘરડાં માણસો પાસેથી જાણવા કહો. બાળકોને કદાચ પોસ્ટકાર્ડ પર સરનામું લખવા મદદની જરૂર પડે.

ઘરડાં માણસો ભૂતકાળ વિશે જાણવા ખૂબ જ મહત્ત્વના છે, તે સમજાવી, બાળકોને તેમની સાથે વાત કરવા પ્રોત્સાહિત કરો.

રીના અને રાધા પત્ર વિશે શું વાતચીત કરી રહી છે?




રીના અને રાધા ગામમાં આવેલી એક દુકાને ફોન કરવા ગયાં. રાધાએ નંબર લગાવ્યો. બંનેએ તેમની દાદી સાથે વાત કરી. તેઓએ દુકાનદારને પૈસા આપ્યા. ખૂબ જ આનંદ સાથે ઘરે પાછાં આવ્યાં.

## વિચારો અને લખો :

- તમે બધાએ ટેલિફોન કે મોબાઈલ ક્યાં-ક્યાં જોયો છે ?
- ટેલિફોન કે મોબાઈલ પર તમે કોની-કોની સાથે વાત કરો છો ?
- તમને પત્ર લખવો અથવા ફોન કરવો, બંનેમાં શું પસંદ છે ? કેમ ?

ઘણાં કામમાં મહિલાઓ અને પુરુષો દ્વારા ટેક્નોલૉજીનો ઉપયોગ થાય છે. આધુનિક સમયમાં કમ્પ્યૂટર અને ઈન્ટરનેટ દ્વારા ઝડપી પત્રવ્યવહાર શક્ય બન્યો છે. આ અંગે બાળકો સાથે ચર્ચા કરવી.

## ચિત્ર દોરો અને રંગ પૂરો :

❖ ટેલિફોન મોબાઈલ અલગ પ્રકારના હોઈ શકે છે. તમે જોયેલા ટેલિફોન મોબાઈલના ચિત્રો દોરો.

| | | |
|---|---|---|
| | | |

## તમારો પોતાનો ટેલિફોન બનાવો :

**શું જોઈશે ? :** ખાલી દીવાસળીની પેટીઓ અથવા આઈસક્રીમના કપ દોરો.

બંને દીવાસળીની પેટી અથવા આઈસક્રીમનાં કપમાં કાણું પાડો. બંને કાણાંમાંથી દોરો પસાર કરો. દોરાના બંને છેડે ગાંઠ મારો. તમારો ટેલિફોન તૈયાર છે. તમારા મિત્રને ટેલિફોનનો એક છેડો તેના કાન નજીક રાખવા કહો અને બીજો છેડો તમે તમારા મોં પાસે રાખો. ધ્યાન રાખો દોરો ખેંચાયેલો રહે અને ક્યાંય અડે નહિ. વાતચીત ચાલુ કરો.



## વિચારો અને લખો :

| | ટેલિફોન | પત્ર |
|---|---|---|
| શું સરખું? | | |
| શું જુદું ? | | |

બાળકના વાતાવરણને ધ્યાનમાં રાખી, બીજી વાતચીતનાં બીજાં સાધનો જેમ કે મોબાઈલ, ઈ-મેઈલ, ફેક્સ વગેરેની ચર્ચા કરો.

# ૧૮ રમતાં-રમતાં

D5Y3V4



બધાં બાળકો શેરીમાં **પગથિયાંની** રમત રમતાં હતાં. અવંતિકા અને તેની બહેન નંદિતા પણ રમતી હતી. પરંતુ નંદિતા આ રમત સારી રીતે રમી શકતી ન હતી. તેને આ રમત અંગે ખાસ જાણ ન હતી.

Y6J6B5

અવંતિકા : નંદિતા, મને ધ્યાનથી સાંભળ. રમતને સમજ, **ઠીકરું** પહેલા ખાનામાં નાખ. પછી એક પગે એક ખાનું કૂદી બીજા ખાનામાં પગ મૂક. યાદ રાખ, જ્યાં ૪-૫ અને ૭-૮ લખ્યું છે ત્યાં જ રમનાર બંને પગ મૂકી શકે છે. તારા પગ દોરેલી લીટીને અડે નહિ તેનું ધ્યાન રાખજે. જો અડી જશે, તો તું રમતમાં આઉટ થઈશ. જ્યારે તું છેલ્લા ખાના પાસે પહોંચે ત્યારે રમનારે પાછું ફરવું. જ્યારે તું પાછી ફરે ત્યારે ઠીકરું ઉઠાવી તેને પાછું લાવવું. એક વખત આ રીતે કરી લીધા પછી હવે, ઠીકરું તેના પછીના ખાનામાં નાખવું. આ જ રીતે, ઠીકરું વારાફરતી એક પછી એક ખાનામાં નાખીને રમત આગળ વધારવી.

આ પાઠમાં સ્થાનિક રમતો જેમ કે પગથિયાંની રમત, સાત લાઈન વગેરે રમત રમવા માટે વસ્તુઓ ઉપયોગમાં લેવાતી હોય, જેમ કે ઠીકરું બતાવેલ છે. હજુ પણ ઘણી બધી રમતોની સ્થાનિક વિવિધતા અને સ્થાનિક બોલીના આધારે નામ છે. તેના પરની ચર્ચાથી આ પાઠ બાળકોને વધુ સુસંગત થશે.

બાળકોએ ફરીથી રમવાનું શરૂ કર્યું. ઘણા સમયથી કાકી તેમને રમતા જોઈ રહ્યાં હતાં. કાકીને પણ તેમની સાથે રમવાની ઇચ્છા થઈ. તે પૂછ્યાં વગર રહી શક્યાં નહિ. કાકીએ કહ્યું: ‘‘હું તમારી સાથે રમી શકું ?’’ આ સાંભળી રમતાં બધાં બાળકો મોટેથી હસવા લાગ્યાં.

અવંતિકા : કાકી, તમે રમશો ?

કાકી : શું તું એમ વિચારે છે કે, હું પગથિયાંની રમત ના રમી શકું ? તારી જેટલી ઉંમરે હું ઘણી બધી રમતો રમતી હતી.

નંદિતા : કાકી, તમે કઈ-કઈ રમતો રમતાં હતાં ?

કાકી : લંગડી, સંતાકૂકડી, સતોડિયું અને બીજી ઘણી રમતો અમે રમતાં. કબડ્ડીમાં અમારી ટુકડી આસપાસનાં ગામની ટુકડીઓમાં સૌથી સારી કહેવાતી હતી.

રજત : કાકી, તમને રમવા આટલો સમય કેવી રીતે મળતો હતો ? અમને તો રમવા માટે સમય જ નથી.

કાકી : ન જ મળે. તમે આખો દિવસ ટી.વી. જોવામાં જ રહો છો.

નંદિતા : કાકી, કાકા પણ આ બધી રમતો રમતા હશે ?

કાકી : તેઓ લખોટીઓ, સતોડિયું, કુસ્તી, કબડ્ડી, ગિલ્લીદંડા અને બીજી ઘણી રમતો રમતા. જ્યારે તે પતંગ ઉડાવે, ત્યારે તો તે જમવાનું પણ ભૂલી જતા!

નંદિતા : કાકી, વાતો ન કરો અહીં આવો. આપણે રમીએ.

કાકીએ બાળકો સાથે રમવાનું શરૂ કર્યું. તેઓ થોડો સમય રમ્યાં અને વરસાદ ચાલુ થઈ ગયો.



## વિચારો અને લખો :

તમે કઈ-કઈ રમતો રમો છો?

| | | |
|---|---|---|
| | | |
| | | |



બધાં બાળકો : અરે રે !

કાકી : ચાલો, બાળકો ઘરમાં રમવા જઈએ. બધાં બાળકો આ સાંભળી રાજી થઈ ગયાં.

બધાં બાળકો : હા ચાલો, કાકીનાં ઘરમાં રમવા જઈએ.

બધાં કાકીનાં ઘરમાં આવ્યાં. ઘરમાં અંદર કાકા અને ફોઈ ચેસ રમતાં હતાં.

અવંતિકા : આપણે શું રમીશું ?

રજત : ચાલો, આપણે 'ઘર ઘર' રમીએ.

બધાં બાળકો : 'ઘર ઘર' રમવા તૈયાર થયાં.

રજત : જો આપણી પાસે ઢીંગલી હોય તો આપણે તેની સાથે રમી શકીએ.

કાકી : શું તમને ઢીંગલી જોઈએ છે ? ચાલો, આપણે ઢીંગલી બનાવીએ.

કાકી થોડાં જૂનાં કપડાં લઈ આવ્યાં. કાકીની મદદથી બાળકોએ ઢીંગલી બનાવી.

થોડાં બાળકોને કૅરમ અને બીજાંને ચેસની રમત રમવી હતી. તેઓએ જૂથ બનાવ્યાં અને રમવાનું ચાલુ કર્યું

## વિચારો અને લખો :

નીચે આપેલા કોષ્ટકમાં પાઠમાં આપેલી બધી રમતોનાં નામ લખો. જે રમતો ઘરમાં રમાતી હોય તેની સામે દોરો. જે રમતો ઘરની બહાર રમાતી હોય તેની સામે દોરો. રમત રમવા જોઈતા ખેલાડીઓની સંખ્યા લખવાનું ભૂલશો નહિ. જો બીજી વસ્તુઓ રમત માટે જરૂરી હોય તો નામ લખો.

| પાઠમાં દર્શાવેલી રમતો | / | ખેલાડીઓની સંખ્યા | જોઈતી વસ્તુઓ |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |

ઘણાં બાળકોને કોષ્ટક પૂરું કરવા મદદની જરૂર પડે. બાળકોને એકબીજાંની મદદ કરવા પ્રોત્સાહિત કરો. બાળકો એકબીજાં પાસેથી સરળતાથી શીખે છે.

શું તમે પગથિયાંની રમત જેવી બીજી કોઈ રમત રમો છો ?

આ રમતનું નામ શું છે ?

રમતનું ચિત્ર દોરો.

## યાદ કરો અને લખો :

❖ શું તમે તમારા કુટુંબના સભ્યો સાથે રમતો રમો છો ?

| કુટુંબના સભ્ય | રમતનું નામ |
|---|---|
| | |
| | |
| | |
| | |
| | |
| | |

❋ તમારા વિસ્તારના કોઈ પ્રખ્યાત રમતવીરને જાણો છો ? હા, તો તેઓનું નામ અને રમત અંગે લખો.

---

---

❋ દડાથી રમી શકાય એવી કેટલી રમતો તમે જાણો છો ? તેમનાં નામ દડામાં લખો.

❋ શું તમે લજ્જા ગોસ્વામી વિશે સાંભળ્યું છે ? તે કઈ રમત રમે છે ? રમત શોધી કાઢો અને તેનું નામ લખો.

---

❋ બીજી કઈ-કઈ રમતો તમને વધુ પસંદ છે ?

---





## પૂછો અને લખો :

વડીલોને પૂછો. જ્યારે તેઓ બાળક હતા ત્યારે કઈ રમતો રમતા હતા ?

---

પ્રખ્યાત સ્થાનિક રમતવીર વિશે માહિતી એકત્ર કરી, બાળકોમાં રમતો વિશે જ્ઞાનમાં વધારો થાય અને તેમનામાં તે લોકો વિશે માન પેદા થાય તેવી ચર્ચાનું આયોજન કરવું.

## વિચારો અને લખો :

કોયડાને ચિત્રો સાથે જોડો. આપેલી જગ્યામાં રમતનું નામ લખો.

કાચના એ કંચા નાનાં,
જે જીતે એ રહે ન છાનાં.
જે કંચાને તાકી જાય,
એ વિજેતા જાહેર થાય.

જો સાપ પર તમે આવી જાવ,
આનાથી તો ન ગભરાવ.
રમતમાં સીડી પણ આવી જાય,
તુરંત આગળ પહોંચી શકાય.



સફેદ-કાળા પાટિયા પર,
રાજા, રાણી ને ઘોડો છે.
નાનામોટા સૈનિક અનેકો,
મગજ વાપરે તે થાય છે એક્કો.

તેને પાંખો નથી પણ ઊડી શકે,
દૂર-દૂર સુધી એ જઈ શકે.

રાજા, રાણી, એક્કો ને ગુલામ,
બધાં મળીને થાય કુલ બાવન.

ચોગ્ગા અને છક્કાના રન મળે,
રન મળે તો શતક બને.

બાળકોએ પાઠમાં દર્શાવેલી અમુક રમત રમી હશે. કેટલીક રમતો તેમણે જોઈ હશે, સાંભળી હશે, વાંચ્યું હશે અથવા ચલચિત્રોમાં રમાતી જોઈ હશે. આ બધી તમારી ચર્ચામાં લઈ શકો છો.

રમત રમવા ઉપરાંત, તમને બીજું શું કરવું ગમે છે ?

## રંગ પૂરો :

તમારા કુટુંબના સભ્યો બીજું શું કામ કરે છે ? તમારા કુટુંબના સભ્યો નવરાશની પળોમાં શું કરે છે ? તે ચિત્રોમાં  રંગ ભરો. જરૂર જણાય ત્યાં ચિત્ર દોરો અને લખો.


વાંચવું


સીવણકામ અને ભરતકામ કરવું


નૃત્ય કરવું


વાતો કરવી


છોડની સંભાળ રાખવી


ટપાલટિકિટ સંગ્રહ કરવી

# ૧૮ આપણાં સાથી

C2Y8N5

છતના પંખામાંથી ટક્... અવાજ આવ્યો હતો. બધાંએ અવાજ સાંભળ્યો. કલ્યાણીએ બૂમ પાડી : ''જુઓ, જુઓ એક પંખીને ઈજા થઈ.'' પિટરે તરત જ ઊભા થઈ, પંખીને પકડી લીધું. પંખી પીડાતું હતું.



નવજોત અને હરભજન ઝડપથી વાટકામાં પાણી લાવ્યા. પિટરે ખૂબ જ પ્રેમથી પંખી પર હાથ ફેરવ્યો. તેઓએ પંખીની ચાંચ આગળ વાટકો ધર્યો. પંખીએ થોડું પાણી પીધું. તે પાંખો હલાવતું હતું. નવજોતે બધાંને પાછું ખસી જવા કહ્યું. બધાંએ જોયું, પંખી ઊડવાની મથામણ કરતું હતું.

થોડી જ વારમાં, પંખી ઊડી ગયું.



બીજા દિવસે શાળામાં બાળકોએ એક પંખીને વર્ગખંડમાં ઊડતું જોયું. બધાંને જાણવું હતું કે, આ ઈજા થઈ હતી એ જ પંખી હતું કે બીજું. તેઓએ જલદીથી પંખો બંધ કરી દીધો. પંખીને જોવા તેઓ તાળી પાડવા માંડ્યાં.

## યાદ કરો અને લખો :

એકમની વિગતને આધારે નીચે આપેલ વાક્યોને યોગ્ય ક્રમમાં ગોઠવો :

- [ ૫ ] પંખી ઊડી ગયું.
- [   ] પંખીને પંખાથી ઈજા થઈ હતી.
- [   ] પિટરે પ્રેમથી પંખી પર હાથ ફેરવ્યો.
- [   ] બાળકોએ પંખીને વર્ગખંડમાં ફરતું જોયું.
- [   ] નવજોત અને હરભજન જલદીથી વાટકામાં પાણી લઈ આવ્યા.

## શંકરની બિલાડી :

શંકર ખૂબ જ ખુશ છે. એના ઘરના વાડામાં બિલાડીએ ચાર બચ્ચાંને જન્મ આપ્યો છે. શંકર તેનો નવરાશનો સમય તેમની પાછળ પસાર કરવા લાગ્યો.



એક સવારે શંકર બિલાડીના રડવાના અવાજથી ઊઠી ગયો. તે વાડા તરફ દોડ્યો. તેણે જોયું બિલાડી રડતી-રડતી ત્રણ બચ્ચાંને પંપાળતી હતી. એક બચ્ચું ખોવાયું હતું. શંકર વાડાની બહાર ગયો. તેની બહેન માલિની એક બચ્ચાને રમાડી રહી હતી.

શંકરે માલિનીને વાડામાં બોલાવી. માલિનીએ જોયું, બિલાડી બચ્ચાં માટે જ રડતી હતી.

## વિચારો અને કહો :

- બિલાડીનો અવાજ કેવો હોય છે ?
- તમને કયાં પ્રાણી ગમે છે ? કેમ ?

I9D2I5

પ્રાણીઓની લાગણીઓની ચર્ચા બાળકોને તેમના પ્રત્યે સંવેદનશીલ બનાવશે.

## મીનુની ગાય :

મીનુને ગાય છે. ગાયનું નામ ગંગા. મીનુ ગંગાને ચરાવવા રોજ ખેતર લઈ જાય છે.

એક દિવસ ઝડપથી આવતું સ્કૂટર ગંગા સાથે અથડાયું. તેના પગને ઈજા થઈ. પગના ઘામાંથી ખૂબ જ લોહી નીકળતું હતું.



### વિચારો અને કહો :

મીનુના કુટુંબના લોકો શું કરશે ?

### જુઓ અને લખો :

- ચંદુ ધોબી તેના ગધેડાનું ખૂબ જ ધ્યાન રાખે છે. ગધેડો પણ તેનાં ઘણાં કામ કરે છે.

ચિત્રો જુઓ અને ચંદુ તેના ગધેડા માટે શું કરે છે. તે લખો :



## વિચારો અને લખો :

- તમારા ઘર કે પડોશમાં કોઈના ઘેર પાલતુ પ્રાણી છે ? કયું ?

- તમારા પાલતુ પ્રાણીનું નામ શું છે ?

- તમે તમારા પાલતુ પ્રાણી માટે શું કરો છો ? જ્યારે એ -
  - ભૂખ્યું હોય
  - કોઈ એને ખીજવે
  - ઈજાગ્રસ્ત થાય
  - ઠંડી કે ગરમી અનુભવે

- **યાદ કરો અને લખો :**

ઘણાં લોકો પાલતુ પ્રાણી રાખે છે. તેમનું ધ્યાન પણ રાખે છે. નીચે કોષ્ટકમાં આવાં પ્રાણીઓનાં નામ આપ્યાં છે. ખૂટતી વિગત લખો :

| પ્રાણીનું નામ | આપણે તેને કેમ રાખીએ છીએ ? |
|---|---|
| કૂતરો | |
| | તે દૂધ આપે છે. |
| | તે ગાડું ખેંચે છે. |
| બિલાડી | |
| મરઘી | |
| માછલી | |
| | આપણે તેને ખૂબ પસંદ કરીએ છીએ. |
| મધમાખી | |

ઘણાં લોકો પાલતુ પ્રાણી રાખે છે અને તેમનું ધ્યાન પણ રાખે છે. વિવિધ પ્રાણીઓના ખોરાક લેવાની ટેવોના અવલોકન સાથે સજીવો પર્યાવરણમાં એકબીજા પર નભે છે, એ બાળકોને સમજાવવા ચર્ચા કરવી.

## પંખી-પરબ :



મોટા મોઢાવાળું માટીનું વાસણ લો. માટીના વાસણને બાંધી દો. ચિત્રમાં બતાવ્યા મુજબ લટકાવો. વાસણમાં થોડું પાણી ભરો અને તેને વૃક્ષની ડાળી સાથે અથવા હૂકની મદદથી તમારા ઘર કે શાળામાં લટકાવો. દરરોજ તેમાં પાણી ભરો. કયું પંખી પાણી પીવા આવે છે તેનું અવલોકન કરો.

## વિચારો અને લખો :

- આપણી જેમ પંખીઓને પણ જીવવા માટે પાણીની જરૂર છે. ઘણી બધી વસ્તુઓ માનવીઓ અને પ્રાણીઓ બંનેને જરૂરી છે. આવી ત્રણ વસ્તુઓનાં નામ લખો :

| ક્રમ | માનવીને ઉપયોગી | પ્રાણીને ઉપયોગી |
|---|---|---|
| ૧. | | |
| ૨. | | |
| ૩. | | |

## વિચારો અને કહો :

આપણે વિવિધ ખોરાક ખાઈએ છીએ. તેવી જ રીતે, પ્રાણીઓ પણ વિવિધ ખોરાક ખાય છે.

બાળકોને પંખી-પરબ બનાવવા મદદ કરો. પંખી-પરબને ઘરની બહાર કે શાળામાં સૌ જોઈ શકે તે રીતે રાખો. બાળકો પંખીનું નજીકથી અવલોકન કરી શકે અને તેમના વિશે વધુ જાણે તે માટે પ્રયત્ન કરવાનું રાખવું.

- તમે કોઈ પ્રાણીને ખવડાવ્યું છે ?
- કોઈ પ્રાણીને ખવડાવતા તમે જોયા છે ?

| તમે જે પ્રાણીને ખવડાવ્યું હોય તેનું નામ | શું ખવડાવ્યું ? |
| --- | --- |
| ● | ● |
| ● | ● |
| ● | ● |
| ● | ● |
| ● | ● |




## વિચારો અને લખો :

- પંખીને શું ખવડાવી શકાય?
- તમે કયાં પંખીઓને ખવડાવ્યું ?
- બાળકો સૌથી વધુ કયા પંખીને ખવડાવે છે ?
- તમારી પાસે યાદીમાં આ નામ છે ? શોધો, તે શું ખાય છે ?

| | | | | |
| --- | --- | --- | --- | --- |
| ઉંદર | વંદો | ભૂંડ | ચામાચીડિયું | કાગડો |
| ખિસકોલી | વાંદરો | કરોળિયો | ગરોળી | |




## વિચારો અને લખો :

- કોઈ પ્રાણી કે પંખીએ તમારો ખોરાક ખાઈ લીધો હોય તો તે અંગે લખો.

## સમજો અને જોડો :

કોણ શું ખાય છે ? જુદા-જુદા રંગની લાઈન દોરી જોડો.




## યાદ કરો અને લખો :

પ્રાણીઓનાં નામ લખો :

| તમે અડક્યા છો | તમે અડક્યા નથી, પણ અડી શકો છો | તમે અડી શકવાના નથી |
|---|---|---|
| ____________ | ____________ | ____________ |
| ____________ | ____________ | ____________ |
| ____________ | ____________ | ____________ |
| ____________ | ____________ | ____________ |

આપણે ઘણાં પ્રાણીઓની નજીક કરડવાના કે નુકસાન થવાના ડરથી પાસે જતાં નથી. ઘણાં પ્રાણીઓને આપણે અડી શકીએ છીએ. તે આપણાં ઘરમાં કે આપણી આસપાસ રહે છે. તેમાંનાં કેટલાંક પ્રાણીઓ આપણી મદદ કરે છે.

પ્રાણીને અડવું, તેને પ્રેમથી પંપાળવું અને ખીજવવું નહિ તે બાળકો સાથે ચર્ચા કરી શકાય છે. બીજા પૃષ્ઠ પર આપેલ ચિત્ર પ્રકૃતિમાં સંતુલન દર્શાવે છે. બાળકોને તે સાદી અને સરળ રીતે તે વર્ગીકૃત કરી સમજાવવું જરૂરી છે.

## રાણીનો બગીચો

નીચેનાં ચિત્રો વાંચો અને વર્ગમાં ચર્ચા કરો.



# ૨૦ કેટલા રે કેટલા ?

Q5C1F7



## કેટલા રે કેટલા ?

ચાલો, એક રમત રમીએ. તમે આ રમતથી પરિચિત છો. બધાં વર્તુળમાં ઊભાં રહો.

એક બાળક વર્તુળમાં વચ્ચે ઊભું રહે. હવે તાલ વાગશે. જ્યાં સુધી તાલ વાગે ત્યાં સુધી દરેક બાળકે વર્તુળમાં દોડવું.

જે બાળક તાલ વગાડી રહ્યું છે, તે અચાનક સંગીત વગાડવાનું બંધ કરી દેશે અને એ મોટેથી કોઈ એક સંખ્યા બોલશે જેમ કે બે, ચાર અથવા પાંચ.

જે સંખ્યા બોલાય, તેટલી સંખ્યામાં બાળકો જૂથ બનાવશે.

જે બાળકો કોઈ પણ જૂથમાં જોડાઈ ન શક્યાં હોય, તેઓ એ રમત છોડી દેશે.

રમતમાં બે બાળકો રહે, ત્યાં સુધી આ રમત રમી શકાય.



## વિચારો અને કહો :

### ❋ આવો, આ રમત વિશે વાત કરીએ

- તમને જ્યારે જરૂરી સંખ્યાના જૂથમાં જોડાવાનું કહ્યું ત્યારે તમે શું કર્યું ?
- તમે કોઈ જૂથમાં જોડાઈ શક્યા નહિ, તો કેવો અનુભવ થયો ?
- તમે કેમ કોઈ એક જૂથમાં ન જોડાઈ શક્યા ?
- શાળામાં તમને કોની સાથે વધારે ગમે ? શા માટે ?
- તમારે કાયમ એકલા રહેવાનું હોય તો કેવું લાગે ?

રમત 'કેટલા રે કેટલા' માં સંગીત વગાડવું અને સંખ્યા બોલાવવી એ કોઈ પણ કરી શકે. બાળકોની સંખ્યાના આધારે જૂથમાં કેટલા વધારે અથવા ઓછી સંખ્યા હોય તે બોલી શકાય.

આપણે બધાં એકલા રહેવાના બદલે લોકો સાથે રહેવાનું પસંદ કરીએ છીએ. આપણે હંમેશાં જૂથમાં રહીએ છીએ. ચાલો, આવું એક જૂથ જોઈએ-દેવેન્દ્ર અને મંજુલાનો પરિવાર. ફોટામાં સાથે દિવ્યા અને માનવ.



L8I9P4

આ બધાં લોકો એકબીજાં સાથે કેવી રીતે જોડાયેલાં હશે ?

તમે ચિત્રમાં જોયું તે એક જ પરિવારનો ફોટો છે. આપણે અવારનવાર આવા કુટુંબનાં ચિત્રો અથવા ફોટા જોઈએ છીએ. આવા ફોટા આપણે ક્યાં જોઈએ છીએ ? શું બધાંના કુટુંબમાં આટલા જ સભ્યો હોય છે ? શું બધાંના પરિવાર એકસરખા જ હોય છે ? ચાલો, થોડા પરિવાર વિશે વાંચીએ.

## સીતા :

સીતા સુરત શહેરમાં રહે છે. તેઓ તેમના વડીલોના મકાનમાં રહે છે. તેનાં દાદા, દાદી, નાના કાકા અને ફોઈ નીચેના ભાગમાં રહે છે. પહેલા માળના એક ભાગમાં, સીતાબેન તેનાં માતા-પિતા અને નાની બહેન ગીતા સાથે રહે છે. બીજા ભાગમાં તેના મોટા કાકા તેમનાં ત્રણ બાળકો સાથે રહે છે. સીતાની મોટી કાકી થોડા મહિનાઓ પહેલાં જ મૃત્યુ પામ્યાં હતાં.

---

પાઠ-પમાં કરેલી કુટુંબ વિશેની ચર્ચા ધ્યાનમાં લેવી સારી રહેશે. વર્ગમાં બાળકોનાં કુટુંબોની વિવિધતા વિશે વાત કરી આ પાઠથી પરિચિત કરી શકાય.

તેના મોટા કાકા અને કાકી અગાસી પરની એક રૂમમાં રહે છે. તેઓનાં નવાં લગ્ન થયાં છે.

સાંજે જમતા પહેલાં સીતાની માતા બધાં બાળકોને ભણાવે છે.

નીચેના માળે કુટુંબના બધા સભ્યો માટે એક જ રસોડામાં જમવાનું બને છે. તેઓ બધાં પ્રયત્ન કરે છે કે, સાંજનું જમવાનું સાથે જ જમે. સીતાનાં કાકાની નાની છોકરી સીતાની મા જોડે જ સૂએ છે. સવારમાં સીતા તેને શાળાએ જવા માટે તૈયાર કરે છે.





## વિચારો અને કહો :

- સીતાના પરિવારમાં કોણ-કોણ છે ?
- અલગ અલગ સભ્યોના પરિવારમાં કેવા સંબંધો છે ?
- છેલ્લા વર્ષમાં તમારા કુટુંબ/પરિવારમાં શું બદલાવ આવ્યા છે ?

## તારા:

તારા તેની માતા અને નાના સાથે રાજકોટમાં રહે છે. તેની માતા મીનાક્ષીએ લગ્ન કર્યાં નથી. તેમણે તારાને દત્તક લીધી છે. મીનાક્ષી સવારે ઑફિસ જાય છે અને સાંજે આવે છે. જ્યારે તારા શાળાએથી આવે છે ત્યારે તેના નાના તેની સંભાળ રાખે છે. નાના તેને જમાડે છે, ગૃહકાર્યમાં મદદ કરે છે અને તેની સાથે રમે પણ છે.



તમારે બાળકો સાથે ખૂબ જ સાવધાન અને સંવેદનશીલ રહેવું પડશે. નશીલા પદાર્થોનું સેવન ન કરવાની સલાહ આપવી. નશીલા પદાર્થોના સેવનથી થતી અસરોની વર્ગમાં ચર્ચા કરો.

રજાઓમાં તેઓ ત્રણે દૂર જગ્યાએ ફરવા જાય છે અને મજા માણે છે. કોઈ સમયે તારાની માસી, માસા અને તેમનાં બાળકો પણ તેમનાં ઘરે આવે છે. આ સમયે એકબીજાં સાથે તેઓ લાંબો સમય પસાર કરે છે અને વાતો પણ કરે છે.

## વિચારો અને કહો :

- તારાની દેખભાળ કોણ રાખે છે ? કેવી રીતે ?
- કુટુંબના સભ્યો ભેગા મળીને કઈ-કઈ વાતો કરે છે ?



## રેહાના અને હબીબ :

રેહાના અને હબીબ શહેરમાં રહે છે. બંને નોકરી કરે છે. હબીબ સરકારી ઑફિસમાં ક્લાર્ક છે અને રેહાના શાળામાં ભણાવે છે. હબીબના પિતાજી નિવૃત્તિ પછી તેમની સાથે રહે છે. સાંજે તેઓ ત્રણે સાથે બેસીને ટેલિવિઝન જુએ છે. તેમને ચર્ચા જોવી પણ ગમે છે. રજાઓમાં પડોશમાંથી બાળકો તેમના ઘરે આવે છે અને ખૂબ જ મજા કરે છે. તેઓ રમતો રમે, બહાર જાય અને ક્યારેક નાટક અને ચલચિત્રો પણ જુએ.

## વિચારો અને કહો :

- આ કુટુંબમાં બીજા કોણ-કોણ છે ?
- ટેલિવિઝનમાં તમને શું જોવું ગમે છે. કેમ ?
- કેવી રીતે કુટુંબના સભ્યો ભેગા થઈ મજા કરે છે ?

એવું પણ બને કે કેટલાક કુટુંબના સભ્યો કેફી દ્રવ્યોનું સેવન કરતાં હોય પણ આવી આદતના શિકાર બાળકો ન બને તેનાથી બચાવવા પ્રયત્નો કરવા જોઈએ.

## કેતન :



કેતન, તેના પિતા, કાકા અને પિતરાઈ ભાઈઓ સાથે અમદાવાદની કૉલોનીમાં રહે છે. કેતન અને તેના ભાઈઓને અમદાવાદ ભણવા માટે આવવું પડ્યું. તેના પિતા અને કાકા અહીં કામ કરે છે.

બધા ભેગા મળીને ઘરકામ કરે છે. કેતનના કાકાએ બનાવેલી રસોઈ દરેકને ગમે છે. કેતનના પિતા બજારમાંથી ખરીદી કરી લાવે છે. તેઓ થોડા પૈસા કેતનના દાદાને નિયમિત ગામડે મોકલે છે. કેતનની માતા, દાદા, દાદી, કાકી, નાનાં-મોટાં ભાઈ અને બહેનો તેઓના ગામડે રહે છે. વર્ષમાં એકવાર કેતન ગામડે જાય છે. તેની મા ગામડે રહે છે. કેતન અમદાવાદમાં રહે છે.

તે તેની માને ખૂબ યાદ કરે છે. તે એમને  પત્ર પણ લખે છે.



### વિચારો અને કહો :

- કેતનના કુટુંબના સભ્યો એકબીજા સાથે કેવી રીતે સંપર્કમાં રહે છે ?
- કેતનના કુટુંબના કયા સભ્યો શહેરમાં અને કયા સભ્યો ગામડામાં રહે છે ? કેમ ?

## ક્રિષ્ના અને કાવેરી :

ક્રિષ્ના અને કાવેરી તેના પિતા સાથે રહે છે. તેની માતા બીજા શહેરમાં રહે છે. સવારે ત્રણેય સાથે જાય છે. ક્રિષ્ના કાવેરીને શાળાએ છોડે છે, પછી કૉલેજ જાય છે. તેમના પિતા દિવસે દુકાન જાય છે.

કાવેરી બપોરે શાળાએથી આવી જાય છે. તે ઘર ખોલે છે અને ક્રિષ્નાની રાહ જુએ છે. કૉલેજથી આવીને, ક્રિષ્ના અને કાવેરી સાથે જમે છે.



કાવેરી તેનું શાળાનું ગૃહકાર્ય પતાવી રમવા જાય છે. પાછી આવી તે ભાઈ સાથે કૅરમ રમે અથવા ટેલિવિઝન જુએ છે. જ્યારે તેના પિતા ઘરે આવે છે, ત્યારે તેઓ જમવાનું બનાવે અને સૌ સાથે જમે છે.

રજાઓમાં કાવેરી તેની માતા સાથે રહેવા જાય છે. ક્રિષ્ના પણ ત્યાં થોડા દિવસ રોકાય છે. તેને પોતાના ઘરમાં રહેવું ગમે છે. તેની બધી વસ્તુઓ અને તેના પિતા પણ અહીં રહે છે.

## વિચારો અને કહો :

- ક્રિષ્ના તેની બહેનનું કેવી રીતે ધ્યાન રાખે છે ?
- ક્રિષ્નાના કુટુંબમાં કઈ પ્રવૃત્તિમાં બધાં જોડાય છે ?

તમે કેટલાંક કુટુંબો વિશે વાંચ્યું. તમે પ્રશ્નોની ચર્ચા પણ કરી. કુટુંબ શું છે ? કુટુંબના પ્રકાર કયા-કયા છે ? આ વિગત અને ચર્ચાને આધારે તમે કેટલુંક નક્કી કરી શક્યા હશો.

## વિચારો અને કહો :

અહીં આપેલ વિવિધ કુટુંબ વિશે ચર્ચા કરો.

પાઠમાં આપણે કુટુંબો વિશે થોડીક વાત કરી. તેના સિવાય, બીજા પ્રકારનાં કુટુંબો પણ હોય છે. આ વિવિધતા સમજવા માટે બાળકોને તેમના કુટુંબ વિશે બોલવા જણાવો.

તમારા કુટુંબમાં થતું હોય એવા વાક્ય સામે ✓ કરો.

- ઘરના બધા સભ્યો કામ કરે છે. ☐
- કુટુંબના સભ્યો એકબીજાને ખૂબ જ ચાહે છે. ☐
- ઘરના વડીલો જ કામ કરી નાણાં મેળવે છે. ☐
- કુટુંબના સભ્યો મોટા ભાગે એક જ ઘરમાં સાથે રહે છે. ☐
- કુટુંબના સભ્યો મોટા ભાગે એકબીજાને મળવા આવતાં હોય છે. ☐
- કુટુંબના સભ્યો તેમની વચ્ચે લડાઈ થાય તોપણ સાથે જ રહે છે. ☐
- કુટુંબમાં ખાસ કરીને બાળકો અને વૃદ્ધોનું ધ્યાન રાખવામાં આવે છે. ☐

**તમારા કુટુંબ વિશે બીજી વિગત વિચારો અને નીચે આપેલી જગ્યામાં લખો :**

______________________________

______________________________

______________________________

## સીતાનું કુટુંબવૃક્ષ

શું તમે કુટુંબને વૃક્ષનાં સ્વરૂપમાં વિચારી શકો ? સીતાનું કુટુંબવૃક્ષ અહીંયાં દોરેલું છે :

તમારું કુટુંબવૃક્ષ તૈયાર કરો. તેના માટે તમે મોટેરાંઓની મદદ લો. સીતાનું કુટુંબવૃક્ષ જુઓ. તમારું કુટુંબવૃક્ષ બનાવવા તે ઉપયોગી થશે.

## સીતાનું કુટુંબવૃક્ષ




## તમારું કુટુંબવૃક્ષ



# ૨૧ પાણી બચાવીએ

T4H8L6

રાજસ્થાનના ગામની વાત છે. ગામનું નામ બાજલપુર. માધો, આ નાના ગામમાં રહે છે. અહીં ગામ તો ભાગ્યે જ દેખાય ! બધે રેતી જ જોવા મળે. જ્યારે રેતી ઊડતી ન હોય ત્યારે ક્યાંક ઘર જોવા મળે.

ઉનાળામાં અહીં પાણીની તંગી હોય. આ વર્ષ તો ખૂબ જ ખરાબ છે. અહીં વરસાદ જ પડ્યો નથી. તેની માતા અને બહેનને દૂર સુધી ચાલીને પાણી ભરવા જવું પડે છે. નજીકના તળાવમાં પાણી સુકાઈ ગયું છે. દરરોજ ચાર ઘડા પાણી ભરવામાં કલાકો જાય છે. તાપમાં ગરમ રેતી પર ચાલવાથી તેમના પગના પંજા બળી જાય છે. અરે! પગમાં ક્યારેક ફોલ્લા પણ પડી જાય છે.



ઉપરના દૃશ્યમાં સ્ત્રી જાતિની સભાનપણે પરંપરાગત ભૂમિકા બતાવી છે (પાણી ખેંચી લાવવું). સ્ત્રી-પુરુષ વચ્ચે ભેદભાવ દૂર કરવા વર્ગખંડમાં આ વાતની ચર્ચા કરો.

ગામમાં પાણી ભરેલી ટ્રેન આવે છે. તે સમયે ગામમાં બધાં ખૂબ જ ખુશ થઈ જાય છે. માધોના પિતાજી તેમની ઊંટગાડી લઈને પાણી ભરવા જાય છે. પરંતુ આવું વારંવાર થતું નથી. લોકો પાણી માટે દિવસો સુધી રાહ જોતાં હોય છે.




ઘણાં લોકો વરસાદના પાણીનો સંગ્રહ કરે છે. આ માટે એક ખાસ પદ્ધતિ છે. જેને વરસાદી પાણીનો સંગ્રહ (RWH) કહે છે. જેમાં એક **ટાંકી** બનાવાય છે. શું તમે જાણો છો ટાંકી એટલે શું ? ટાંકી કેવી રીતે બનાવાય ?

ટાંકી બનાવવા વાડામાં એક ઊંડો ખાડો ખોદવામાં આવે છે. આ ટાંકો સિમેન્ટથી પાકો બનાવવામાં આવે છે. ટાંકીને ઢાંકીને રાખવામાં આવે છે. અહીંનાં ઘરનાં છાપરાં ત્રાંસાં રાખવામાં આવે છે. આ કારણે વરસાદના પાણીનો સંગ્રહ કરી શકાય છે. વરસાદનું પાણી પાઈપ દ્વારા ટાંકીમાં જાય. પાઈપના મોં પાસે ગળણી જોડેલી હોય છે. જેથી કચરો ટાંકીમાં ન જાય. આ પાણીને ચોખ્ખું કરી વપરાશમાં લેવાય છે.

U4E3X7



## વિચારો અને કહો :

પાણીની તંગીના કારણે લોકોને કેવી મુસીબતોનો સામનો કરવો પડે છે ?

- માધોના ઘરમાં પાણી કોણ લાવે છે ?
- શું પાણી સંગ્રહ કરવાની કોઈ બીજી પદ્ધતિ છે ?
- ટાંકીનું પાણી મોટે ભાગે પીવામાં ઉપયોગમાં લેવાય છે. કેમ ?
- શું તમારા ઘરમાં વરસાદના પાણીનો સંગ્રહ થાય છે ? જો હા તો કેવી રીતે ?
- માધોના ગામમાં લોકો પીવાનું પાણી ક્યાંથી ભરી લાવે છે ?

જો પાણી સંગ્રહ કરવાની જુદી- જુદી પદ્ધતિઓની બાળકો દ્વારા એકબીજા સાથે ચર્ચા કરવામાં આવે તો તેઓ પાઠ્યપુસ્તકની માહિતીને રોજિંદી જિંદગી સાથે જોડી શકે છે.

માધોની જેમ જ સરોજ પણ તેના ઘરમાં પાણીની તંગી અનુભવે છે. તે રામનગરમાં રહે છે. દિવસમાં માત્ર અડધા કલાક માટે જ પાણી આપવામાં આવે છે. વિસ્તારનાં બધાં લોકો એક જ નળ ઉપરથી પાણી મેળવે છે ! શું તમે વિચારી શકો છો, એને શું અગવડ થાય ?

**વિચારો અને લખો :**

❇ પાણી ન હોય તો શું અગવડ પડે ?

| | |
|---|---|
| ● | ● |
| ● | ● |

સરોજને નળથી પાણી ભરવાનું હોય છે. જ્યારે પણ તેને તક મળે તે પોતાનો ઘડો ભરે છે, ભલે પછી ટીપું-ટીપું પાણી મળે.

**માપો અને લખો :**

❇ કેટલી વારે ભરાશે ?



૧. એક ચમચી કેટલાં ટીપાંથી ભરાશે ?



૨. એક વાટકી કેટલી ચમચીથી ભરાશે ?



૩. એક ટબ કેટલી વાટકીથી ભરાશે ?



૪. એક ડોલ કેટલા ટબથી ભરાશે ?

તમે જોયું, આપણને ટીપે-ટીપે કેટલું પાણી મળે છે !

## વિચારો અને લખો :

❖ વિચારો, નળ ટીપે-ટીપે લીક થાય તો કેટલું પાણી બગડે ?



## વિચારો અને લખો :

❖ પાણી બચાવવાના કયા-કયા રસ્તા વિચારી શકાય ?

તમારાં સૂચનો નીચે લખો :

| | | |
|---|---|---|
| | | |
| | | |

તમે પાણી બગડતું જોયું હોય તેવા સ્થળનાં નામ લખો.

❖ 

❖ 

❖ 

❖ 

જે જગ્યાઓએ પાણીની અછત હોય ત્યાં લોકો અલગ-અલગ રીતે પાણી બચાવવાની અને ફરી વપરાશની પદ્ધતિઓ અપનાવે છે. આવું તેઓ પોતાની જરૂરિયાત પૂરી કરવા કરે છે. આ સમજ દ્વારા, બાળકો પાણી બચાવવાના કેટલાક મુદ્દા અપનાવે તો તેઓ ખરેખર જાણી શકે છે કે, 'પાણી બધાં માટે જરૂરી છે.'

## વિચારો અને કહો :

❖ નીચે આપેલાં ચિત્રો જુઓ. ચર્ચા કરો. શું આપણે કોઈ એક કામમાં વાપરેલું પાણી કોઈ બીજા હેતુ માટે વાપરી શકીએ છીએ ?



વિવિધ રંગની લીટીથી જોડો. કયું કામ કરવામાં આવે તો પાણી ફરી વપરાશમાં લઈ શકાય ?

| | | |
|---|---|---|
| હાથ અને મોઢું ધોયેલું પાણી | કપડાં ધોયેલું પાણી | ફળો અને શાકભાજી ધોયેલું પાણી |
| પોતું કરવા | ઝાડને આપવા | શૌચાલય ઉપયોગમાં લેવું |

તમે પાણીનો ફરી ઉપયોગ કરવા અંગે જાણ્યું છે. લોકો પાણી બચાવવાની પદ્ધતિઓ ત્યારે જ વાપરે છે જ્યારે પાણીની તંગી હોય. કેટલાંક લોકો પાણીનો બગાડ કરે છે તેથી જ પાણીની તંગી છે. વિચારો, જો બધાંને પૂરતું પાણી મળે તો કેવું સારું!

પાણીનો ફરી ઉપયોગ કરવાની ચર્ચા કરો. જે બાળકોને પાણીની બચતનું મહત્ત્વ સમજવામાં ઉપયોગી થશે. આ વિશે બાળકોનાં સૂચનો સાંભળવામાં આવે અને લેવામાં આવે તો ઉપયોગી થઈ પડશે.

# ડાબું-જમણું

U8U4R7

**પ્રવૃત્તિ :**

નીચે હાથના પંજાનું ચિત્ર આપેલું છે. તેના ઉપર પંજો મૂકો. હથેળી કાગળ બાજુ રહે તે રીતે પંજો ગોઠવો. તમારો અંગૂઠો અને આંગળીઓ ચિત્રમાં દોરેલ અંગૂઠા અને આંગળીઓ પર મૂકો.



જે હાથ ચિત્રમાં આપેલા હાથમાં બંધ બેસે છે, તે હાથ તમારો જમણો હાથ છે. તમારો બીજો હાથ નોટબુકના કાગળ પર મૂકો અને તમારા જમણા હાથથી રેખાચિત્ર દોરો અને ચિત્ર મેળવો.

**ચાલો આપણે ગીત ગાઈએ.**

જમણો હાથ ઊંચો કરો,
ડાબો હાથ નીચો કરો,
બંને હાથ ઊંચા કરો,
સાથોસાથ ગોળ ગોળ ફરો.
જમણો હાથ ઊંચો કરો...
ડાબો હાથ ઊંચો કરો,
જમણો હાથ નીચો કરો,
બંને હાથ નીચા કરો,
સાથોસાથ ઠેકડાં ભરો.
જમણો હાથ ઊંચો કરો...

**લખો :**

ડાબા હાથનું ગીત

આવી જ રીતે, ડાબા અને જમણા પંજા માટે ગાઓ.

**જુઓ અને કહો :**

- તમારી આગળ શું છે ?
- તમારી ડાબી તરફ શું છે ?
- કઈ વસ્તુઓ તમારી પાછળ છે ?
- તમે કોની ડાબી બાજુએ બેઠા છો ?
- તમારી જમણી બાજુ કોણ બેઠું છે ?
- તમે કોની જમણી બાજુએ બેઠા છો ?

બાળકો પ્રવૃત્તિ અને હાવભાવ સાથે ગીત ગાઈને મજા માણશે. તેઓ ડાબે-જમણે, ઉપર-નીચે અને આગળ-પાછળ વિશે તેમના અનુભવોથી જાણશે.

## વાંચો અને કરો :

❋ આ ચિત્રમાં રુચિરા ચિત્રની વચ્ચે છે.

- રુચિરાની પાછળ પુસ્તક દોરો.
- એક ફૂલ રુચિરાની જમણી બાજુ દોરો.
- ખુરશી રુચિરાની ડાબી બાજુ દોરો.
- રુચિરાની સામે ઝાડનું ચિત્ર દોરો.



રુચિરાને ઘરેથી શાળાએ જવાનો રસ્તો શોધવામાં મદદ કરો.

ચિત્રમાં શાળા શોધો. રુચિરાને ઘરથી શાળા સુધી પહોંચાડો.

B5X3V8





## વિચારો અને લખો :

❋ રુચિરાના ઘરથી શાળા તરફના રસ્તા ઉપર કઈ વસ્તુઓ અને જગ્યાઓ આવે છે ? તેમનાં નામ લખો.

| તેની જમણી બાજુએ શું આવે છે ? | તેની ડાબી બાજુએ શું આવે છે ? |
| --- | --- |
| • | • |
| • | • |
| • | • |
| • | • |
| • | • |
| • | • |



## શોધી કાઢો :

❋ રુચિરાએ તેના ઘરેથી શાળાના રસ્તા ઉપર કેટલા વળાંક લેવાના થાય છે ?

નિશાનીને ઓળખો અને તેનાં નામ લખો.






તમે કહી શકશો, આ નિશાનીઓ શા માટે ઉપયોગમાં લેવાય છે ?

તમારી પોતાની નિશાની બનાવો. આ નિશાની પહેલાંની નિશાની કરતાં અલગ હોવી જરૂરી છે. હવે તમે બનાવેલ નિશાની નીચે આપેલા નકશામાં મૂકો. નકશામાં જ નિશાની બનાવવાનું રાખવું.



### નિશાની માટેની સૂચિ

રુચિરાનું ઘર

શાળા

પોસ્ટ-ઑફિસ

ઝાડ

હૉસ્પિટલ

બસ-સ્ટૉપ

કૂવો

દુકાન

દરવાજો

ઘર

બાળકોને નકશામાં નિશાનીઓની જરૂરિયાત સમજાવો. બાળકોએ બનાવેલી નિશાનીઓની વર્ગમાં ચર્ચા કરવી એ ખૂબ જ ઉપયોગી અને રસપ્રદ બની રહેશે.

## વાંચો અને દોરો :

❖ શબ્દ વાંચો અને તે માટેની નિશાની દોરો.

| | | |
|---|---|---|
|  | | |
| ઝાડ | ઘર | મકાન |
| | | |
| શાળા | હૉસ્પિટલ | દૂધડેરી |
| | | |
| પોસ્ટ-ઑફિસ | | |

## વાંચો અને લખો :

❖ નકશાને આધારે વિગત લખો :




- નકશામાં કેટલાં ઘર છે? ____________________
- નકશામાં કેટલી દુકાનો છે? ____________________
- નકશામાં કેટલાં ઝાડ છે? ____________________

- નકશામાં કેટલા હૅન્ડપંપ છે ? ______________________

- પોસ્ટ-ઑફિસ કે હૉસ્પિટલથી સૌથી નજીક શું છે ? ______________

- બસ-સ્ટેશનની નજીક શું છે ? ______________________

- નિશાનીઓની યાદી વગર તમે નકશો વાંચી શકો ખરા ?

  ______________________________________________

※ તમે ગણિતમાં ભણ્યાં હો, તેવી જ નિશાનીઓ અહીં લખો.

______________ ______________ ______________

______________ ______________ ______________

તમારા ઘરથી શાળા સુધી પહોંચવાનો નકશો દોરો :

આ નકશો બનાવવા માટે બાળકોને માર્ગદર્શન આપવાનું રાખવું.

# ૨૩ સુંદર કપડાં

N8E1B9

નાની છોકરી સાજીદા. તેને એક બહેન. બહેન તેનાથી મોટી. મોટી બહેને સુંદર ઓઢણી આપી. ઓઢણીમાં જ સુંદર ભરતકામ અને આભલાં લગાવેલાં હતાં. સાંજનું જમવાનું પતાવ્યા પછી, સાજીદાએ આ ઓઢણી પહેરવાની કોશિશ કરી. ઓઢણી સાથે રમત રમતાં તે થાકી ગઈ. ઓઢણી પહેરીને સૂઈ ગઈ. તે ઊંઘમાં પણ ઓઢણી વિશે વિચારતી હતી : 'સુંદર ઓઢણી કેવી રીતે બનાવવામાં આવી હશે ?' એવું એ વિચારતી



## વિચારો અને લખો :

સાજીદાની ઓઢણી કેવી રીતે બનાવવામાં આવી હશે ?

F6N4C1

---

---

---

❄ ઓઢણી અથવા સિવ્યા વગરનું કાપડ લો. તેને અલગ-અલગ રીતે પહેરો. તમે તેને કેટલી રીતે પહેરી શક્યા ?

---

---

❖ શું કોઈએ તેને લૂંગીની જેમ પહેરવા અથવા પાઘડી બાંધવા ઉપયોગમાં લીધી? બીજી કઈ રીતે તેને પહેરી શકાય?

તમારા ઘરમાં કોઈ પણ કપડાં જુઓ. તમને તેની રચનામાં, તેના રંગમાં અને તેની ભાતમાં શું ભેદ લાગે છે? તેની નોંધ કરો.

| કપડાંનું નામ | કપડાંની રચના | રંગ | ભાત/ડિઝાઈન |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |



❖ જાડું કાપડ અથવા કોથળો સાવધાનીપૂર્વક જુઓ. શું તમે એની લંબાઈ અને પહોળાઈમાં દોરાઓ જોઈ શકો છો ?

❖ જ્યારે કાપડને તમે નજીકથી જોશો ત્યારે તેના રેસાના તાણાવાણા સરખા જોવા મળશે.

❖ તમે આવી રીતે કાગળ પણ વણી શકો છો.

## કાગળનું વણાટ



૧. બે અલગ-અલગ રંગના કાગળ લો.
૨. એક કાગળ ઉપર ઊભી (|) અને બીજા પર આડી (—) રેખાઓ બનાવો.
૩. બંને કાગળ નિશાન કરેલ રેખા સુધી કાપો. ધ્યાન રાખો કે પટ્ટીઓ સંપૂર્ણપણે જુદી ન થવી જોઈએ.
૪. ચિત્રમાં બતાવ્યા પ્રમાણે એક કાગળને બીજા કાગળ પર તેની ધાર પ્રમાણે ગોઠવો. (બધી) ધારો યોગ્ય રીતે ચોંટાડી દો.
૫. હવે પટ્ટીઓથી ચટાઈ બનાવવા કાગળને ગોઠવો.
૬. ચટાઈના છેડા ઉપર પટ્ટી અથવા કાગળની ધાર બનાવો જેથી ચટાઈ ખુલી ન જાય.

## ❊ કાપડ ઉપર છાપકામ



પાઠ વનપરી માં તમે ફૂલોની રચના અને કાપડ ઉપર બનેલાં પર્ણો જોયાં.

શાકભાજી કાપીને તમે પણ તેના ઉપયોગથી આવી રચના બનાવી શકો છો.

ફુલેવર અથવા ભીંડા કાપો. કાપેલા ભાગ ઉપર રંગ લગાવો અને કાગળ અથવા કાપડના ટુકડા પર તમારી પોતાની રચના બનાવો.

## ❊ રંગ પૂરો :

વિવિધ ફળ વડે છાપકામ કરો.

A1K7Q7

'કાગળ વણાટ' અને 'કાપડ પર છાપકામ'ની પ્રવૃત્તિ બાળકોને પોતાની પારંપરિક કલાની સાથે સંબંધિત કરવા ઉપયોગી બનશે. બાળકોને તેઓની સર્જનાત્મકતા બતાવવાનો મોકો મળશે.

# ૨૯ જીવનનું જાળું

R7J8H8




અત્યાર સુધી તમે મોટા ભાગનું પુસ્તક જોઈ ગયાં હશો. તમે વૃક્ષ, પાણી, ઘર, હવા, સૂર્ય અને ઘણી બધી વસ્તુઓ વિશે જાણ્યું હશે. તમે આ બધાં વિશે વિચાર્યું પણ હશે. શું તમે કહી શકો કે આપણે કેમ આ બધી વસ્તુઓ વિશે વિચારીએ છીએ અથવા તે અંગે જાણવાનો પ્રયત્ન કરીએ છીએ ?




ચિત્રમાં બતાવેલી વસ્તુઓ સાથે આપણે કેવી રીતે જોડાયેલાં છીએ ? ચાલો, શોધી કાઢીએ.

❇ ◯ માં તમારું ચિત્ર દોરો.

- જીવનમાં જરૂરી હોય એવા ચિત્રને રેખા દ્વારા વસ્તુઓ સાથે જોડો.
- શું તમે તમારું ચિત્ર ઘર સાથે જોડ્યું ?
- ચાલો જોઈએ, બીજી કઈ વસ્તુઓ સાથે આપણે ઘરને પણ જોડી શકીએ છીએ.
- વિચારો, ઘર શાનું બનેલું છે ?
  - લાકડું - જે વૃક્ષમાંથી મળે છે.
  - ઈંટો - જે પાણી અને માટીમાંથી બને છે.
  - માટી - આપણે જમીનમાંથી મેળવીએ છીએ અને
  - પાણી - આપણે તે નદી, તળાવ, કૂવો અથવા વરસાદથી મેળવીએ છીએ.

તમે જોયું કે ઘર બનાવવા શું જોઈએ અને તે કેવી રીતે મેળવી શકીએ.

આ જ રીતે, અન્ય વસ્તુઓને સંબંધિત વિગત સાથે જોડો. આમ કરતી વખતે, તમને બીજી થોડી વધારે વસ્તુઓનાં નામ લખવાની જરૂર પડશે.

- અંતે તમને શું જોવા મળ્યું ? એક મોટું જાળું ! ખરું ને ?
- આ જાળાં પરથી તમે શું સમજી શક્યા ?

## વિચારો અને લખો :

ખાટલો બનાવવા કઈ-કઈ સામગ્રીની જરૂર પડશે ?

## વિચારો અને લખો :

- ખાટલાને બદલે બીજી કઈ-કઈ વસ્તુ વાપરી શકાય ?

બાળકોએ બનાવેલાં જાળાં દ્વારા તેમને પર્યાવરણની વસ્તુઓ એકબીજા પર નિર્ભર છે તેમ જણાવી પ્રોત્સાહિત કરશો. આ વિષય પર ચર્ચા તેમને વર્ગમાં જાળું બનાવવામાં મદદ કરશે.

# ૨૫ મારો તાલુકો

B7L1U1




આ ઋચનનું ગામ છે.
તે જેપુરમાં રહે છે.
જેપુરની આસપાસનાં ગામની વિગત આપેલી છે. આ વિગતને આધારે ચર્ચા કરો.

**વિચારો અને કહો :**

- તમારા ગામની આસપાસ કયાં ગામ છે ?
- તમારું ગામ કયા તાલુકામાં છે ?



મારું નામ ______ છે.

હું ______ માં રહું છું.

મારા ગામની આસપાસ નીચે મુજબનાં ગામ છે.

**યાદ કરો અને લખો :**

આસપાસનાં ગામનાં નામ લખો.

| | |
|---|---|
| | |

આસપાસનાં ગામ અંગે આપણે જોયું. ગુજરાતમાં અત્યારે બસો પચાસ તાલુકા છે. દરેક તાલુકામાં વિવિધ ગામ આવેલ હોય છે. કેટલાંક ગામના સમૂહ વડે તાલુકો બને છે. આપણે આપણા તાલુકા અંગે વિગત તૈયાર કરીશું.




આ રતનના તાલુકાની વિગત છે.

અહીં, વડોદરા જિલ્લાના વિવિધ તાલુકાની વિગત આપવામાં આવેલ છે. આ વિગતને આધારે ચર્ચા કરો.

## વિચારો અને કહો :

- અહીં બીજા કયા-કયા તાલુકા છે ?
- આપનો તાલુકો કયા જિલ્લામાં છે ?



મારા ગામનું નામ ________ છે.

મારું ગામ ________ તાલુકામાં છે.

મારા તાલુકાની આસપાસ બીજા તાલુકા પણ આવેલ છે.

## જુઓ અને લખો :

આસપાસના તાલુકાનાં નામ લખો.

| | |
|---|---|
| | |
| | |

આપણી આસપાસ અનેક ગામ છે.

વિવિધ ગામથી તાલુકો બને છે.

કેટલાક તાલુકાના સમૂહથી જિલ્લો બને છે. સૌનું ગામ, તાલુકો અને જિલ્લો વિવિધ રીતે આગવી ઓળખ ધરાવે છે. આપણા તાલુકામાં શું-શું વિશેષ છે તે અંગે નોંધ કરીશું.



## વિચારો અને લખો :

આપના તાલુકા અંગેની વિગત જાણો અને લખો.

| | | | |
|---|---|---|---|
| પશુ | | | |
| વાહન | | | |
| ધાર્મિક સ્થળો | | | |
| જોવાલાયક સ્થળો | | | |
| | | | |
| | | | |



## વાંચો અને કહો :

આપણી આસપાસનાં ગામ આપણાં પડોશી ગામ કહેવાય. આપણા તાલુકાની આસપાસના તાલુકા આપણા પડોશી તાલુકા છે.

કેટલીક વખત પડોશનું ગામ પણ બીજા તાલુકામાં હોઈ શકે છે. આસપાસનાં ગામ અંગે વિગતો જાણો.




## વિચારો અને લખો :

| તાલુકાનું નામ | ગામનું નામ | કોણ રહે છે ? | શું કરે છે ? |
|---|---|---|---|
| મેઘરજ | બાંઠીવાડા | મોટાભાઈ | નોકરી |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |

આવા અન્ય તાલુકા અને ગામ અંગે જાણકારી મેળવો તથા અન્ય મિત્રોને જાણકારી આપો.

# નોંધ

## ફનપેજ-૧

